પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૨૦-૮-૨૦૨૬, ગુરૂવાર
વર્ષ: ૧૫, અંક : ૧૪૩

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

આજકાલ આંગળીઓ જ નિભાવી રહી છે સંબંધો... મળીને નિભાવવાનો સમય જ ક્યાં છે? બધા ટચમાં વ્યસ્ત છે પરંતુ કોઈ ટચમાં નથી...


પ્લોટ સાગરમાં વેચવાનો છે
કુવાડવા રોડ
સાત હનુમાન સામે
૧૦૦ ફૂટનો રોડ
૬૦૦ વાર
98242 00970
(રાજકોટ)

સંઘ સુપ્રીમો મોહન ભાગવતના પ્રવાસ પૂર્વે

# અમેરિકામાં આરએસએસ પર પ્રતિબંધ મૂકવાની માંગથી ખળભળાટ

## અમેરિકી ધાર્મિક સ્વતંત્રતા પર સલાહ આપતા આયોગે માંગ ઉઠાવી



**અબતક, રાજકોટ**

આરએસએસના વડા મોહન ભાગવતના અમેરિકા પ્રવાસ પૂર્વે વિવાદનો મધપૂડો છંછેડાયો છે. અમેરિકામાં રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ પર પ્રતિબંધ મૂકવાની અને સંઘના નેતાઓને રાજદ્વારી સન્માન ન આપવાની માંગથી ખળભળાટ મચી જવા પામ્યો છે.

અમેરિકામાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (આરએસએસ) પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી રહી છે. આ માંગ બુધવારે અમેરિકી ધાર્મિક સ્વતંત્રતા પર સલાહ આપતા આયોગ યુએસસીઆઈઆરએફ દ્વારા કરવામાં આવી છે.

આ આયોગના ના અધિકારીઓએ અમેરિકી સરકારને આરએસએસ નેતાઓને રાજદ્વારી સન્માન ન આપવા અને તેમની સાથે ઉચ્ચ સ્તરીય બેઠકો ન કરવા જણાવ્યું છે.આયોગના ચેરમેન આસિફ મહેમૂદે કહ્યું કે પીએમ મોદી આરએસએસ ના સભ્ય છે અને

(અનુ. આઠમા પાને)

## ભારત અગાઉ યુએસસીઆઈઆરએફની ટીકા કરી ચૂક્યું છે

આ પહેલી વખત નથી જ્યારે USCIRFએ ભારત અથવા આરએસએસને લઈને આ પ્રકારની ભલામણ કરી હોય. માર્ચમાં જાહેર થયેલા પોતાના વાર્ષિક અહેવાલ (Annual Report)માં પણ USCIRFએ ભારતની ધાર્મિક સ્વતંત્રતાની સ્થિતિ અંગે ટીકા કરી હતી અને આરએસએસતથા આરએડબલ્યું જેવી સંસ્થાઓ સામે પ્રતિબંધની માંગ કરી હતી.

જોકે, ભારત સરકારે USCIRFના આ અહેવાલને સ્પષ્ટપણે ફગાવી દીધો હતો. વિદેશ મંત્રાલયે આયોગ પર ભારતની એકતરફી અને પસંદગીયુક્ત (Selective) તસવીર રજૂ કરવાનો આરોપ લગાવ્યો હતો. ભારતે USCIRFને અમેરિકામાં હિન્દુ મંદિરો સામેની તોડફોડ, ભારતીય મૂળના લોકો સામે વધતી અસહિષ્ણુતા અને ધમકી જેવી ઘટનાઓ પર પણ ધ્યાન આપવા જણાવ્યું હતું. આ દરમિયાન મોહન ભાગવતની ન્યૂયોર્ક મુલાકાત

(અનુ. આઠમા પાને)

## આરએસએસના નેતાઓને અમેરિકામાં રાજદ્વારી સન્માન ન આપવા અને તેની સાથે બેઠકો ન કરવા પણ ભલામણ

તહેવારોની સીઝનમાં જ ખાંડ બની કડવી

# ખાંડના ભાવ કાબૂમાં લેવા વેપારીઓ માટે સ્ટોક લિમિટના નિયમો કડક બનાવાયા

## તહેવારોની સિઝનમાં વધતી માંગ અને ઓછા વરસાદને કારણે ભાવમાં ૧૦ ટકાનો ઉછાળો: દર મહિને ૧૦ મેટ્રિક ટનથી વધુ ખાંડનો ઉપયોગ કરતા વેપારીઓ હવે માત્ર ૧૫ દિવસનો જ સ્ટોક રાખી શકશે

**અબતક, નવી દિલ્હી**

દેશમાં ખાંડના આસમાને પહોંચેલા ભાવને કાબૂમાં લેવા માટે કેન્દ્ર સરકારે એક મોટો નિર્ણય લીધો છે. નવા આદેશ અનુસાર, દર મહિને ૧૦ મેટ્રિક ટનથી વધુ ખાંડનો ઉપયોગ કરતા વેપારીઓ હવે માત્ર ૧૫ દિવસનો જ સ્ટોક રાખી શકશે. આ નવો નિયમ ૧ સપ્ટેમ્બરથી અમલમાં આવશે અને ૩૦ નવેમ્બર સુધી લાગુ રહેશે. સરકારનો મુખ્ય હેતુ બજારમાં ખાંડનો પુરવઠો જાળવી રાખવાનો અને વિક્રમી સપાટીએ પહોંચેલા ભાવને અંકુશમાં લેવાનો છે.

આગામી સમયમાં ગણેશ ચતુર્થી, દશેરા અને દિવાળી જેવા મોટા તહેવારો આવી રહ્યા હોવાથી ખાંડની માંગમાં જંગી વધારો થવાની ધારણા છે. ખાસ કરીને બિસ્કિટ અને કન્ફેક્શનરી બનાવતી કંપનીઓ તહેવારો પહેલા જથ્થાબંધ ખરીદી કરતી હોય છે. છેલ્લા એક મહિનામાં



જ ખાંડના ભાવમાં ૧૦% નો ઉછાળો જોવા મળ્યો છે અને આગામી ૩ મહિના સુધી ભાવ ઊંચા રહેવાની શક્યતા છે જેને જોતા સરકારે આ પગલું ભર્યું છે.

ભાવવધારા પાછળનું બીજું મુખ્ય કારણ હવામાન છે. દેશના ઘણા ભાગોમાં અનિયમિત વરસાદ અને સૂકા હવામાનને કારણે શેરડીના પાકને મોટું નુકસાન થયું છે. શેરડીના પાકને સિંચાઈ માટે પુષ્કળ પાણીની જરૂર હોય છે પરંતુ વરસાદ ખેંચાતા ઉત્પાદન પર અસર પડી છે. નોંધનીય છે કે, ગયા મહિને પણ સરકારે સપ્લાય વધારવા અને ભાવ ઘટાડવા ૩૦ દિવસથી વધુ સ્ટોક ન રાખવાનો આદેશ આપ્યો

(અનુ. આઠમા પાને)

## આયાત ડ્યૂટી ઘટાડવા સહિતના અન્ય વિકલ્પો પર પણ વિચારણા

દેશમાં ખાંડની સતત વધતી કિંમતોને રોકવા માટે સરકાર દ્વારા માત્ર સ્ટોક લિમિટ જ નહીં, પરંતુ અન્ય પગલાં લેવા પર પણ ગંભીરતાથી વિચાર કરવામાં આવી રહ્યો છે. રિપોર્ટ અનુસાર, સરકાર ખાંડની આયાત ડ્યૂટીમાં ઘટાડો કરવા પર વિચાર કરી રહી છે જેથી વિદેશથી સસ્તા ભાવે ખાંડ લાવી શકાય. આ ઉપરાંત, બલ્ક ટ્રેડર્સ માટે પણ નિયમો વધુ કડક બની શકે છે. લગભગ એક દાયકામાં પહેલીવાર એવું બની શકે છે કે સરકારને ભાવ અંકુશમાં લેવા માટે ડ્યૂટી ફ્રી આયાતની મંજૂરી આપવી પડે. આ તમામ પગલાં તહેવારોની સિઝનમાં સામાન્ય જનતાને મોંઘવારીથી રાહત આપવા માટે લેવાઈ રહ્યા છે.


# રાજ્યમાં ૨૨ વર્ષ બાદ નવી અર્બન કો-ઓપરેટિવ બેંકો શરૂ કરવાનો માર્ગ મોકળો

## માધવપુરા બેંક કૌભાંડ બાદ મુકેલો પ્રતિબંધ રિઝર્વ બેન્ક હળવો કરશે, ૪ થી ૬ નવી બેંકોને લાયસન્સ મળવાની શક્યતા

**અબતક, ગાંધીનગર**

માધવપુરા મર્કેન્ટાઇલ કોઓપરેટિવ બેન્કના કૌભાંડ પછી, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નવી અર્બન કો-ઓપરેટિવ બેંકોને લાયસન્સ આપવાનું બંધ કરવામાં આવ્યું હતું. હવે ૨૨ વર્ષ પછી, રિઝર્વ બેન્ક આ લાયસન્સના નિયમોમાં છૂટછાટ આપવા જઈ રહી છે, જેનાથી ગુજરાતમાં બેંકિંગ ક્ષેત્રે નવી બેંકો ખુલવાનો રસ્તો સાફ થઈ ગયો છે.

વર્ષ ૨૦૦૪ માં એમએમસીબી કટોકટી પછી આ પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો, જેમાં થાપણદારોએ ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુની બચત ગુમાવી હતી. હવે નિયમો હળવા થવાથી, એવી




અપેક્ષા છે કે ગુજરાતમાં ૪ થી ૬ જેટલી કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઓ નવી અર્બન કો-ઓપરેટિવ બેંક શરૂ કરવા માટે અરજી કરશે.

એફયુબીસીએસના નેશનલ ચેરમેન જ્યોતિન્દ્ર મહેતાએ જણાવ્યું હતું કે કેન્દ્રીય સહકાર મંત્રાલયની સકારાત્મક પહેલના કારણે આ શક્ય બન્યું છે, કારણ કે છેલ્લા બે દાયકામાં ભારતમાં કોઈ નવી યુસીબીને લાયસન્સ મળ્યું નથી. અત્યારે ગુજરાતમાં ૨૦૪ અર્બન કો-ઓપરેટિવ બેંકો છે, જેની ૧૨૦૦ જેટલી બ્રાન્ચ કાર્યરત છે. જ્યારે રાષ્ટ્રીય સ્તરે ૧૪૩૭ બેંકો અને ૧૧૦૦૦ થી વધુ બ્રાન્ચ છે.

આરબીઆઈના નવા ડ્રાફ્ટ મુજબ, બેંકિંગ લાયસન્સ માંગતી સંસ્થા ઓછામાં ઓછા ૧૦ વર્ષથી કાર્યરત હોવી જોઈએ. આ ઉપરાંત, તેમની પાસે ૧૦૦૦૦ કરોડ રૂપિયાની થાપણો અને ઓછામાં ઓછી ૩૦૦ કરોડ રૂપિયાની નેટવર્થ હોવી જરૂરી છે, તથા તે મલ્ટી સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટી એક્ટ ૨૦૦૨ હેઠળ નોંધાયેલ હોવી જોઈએ. અરજદારે છેલ્લા ૫ વર્ષમાં સતત સારો નાણાકીય દેખાવ પણ કર્યો હોવો જોઈએ.

નવા નિયમો મુજબ, માર્ચ ૩૧ ના રોજ બેંકનો સીઆરએઆર ઓછામાં ઓછો ૧૨% હોવો જોઈએ. માલિકી કોઈ એક વ્યક્તિ પાસે ન રહે તે માટે કોઈપણ સભ્ય ૫% થી વધુ શેર મૂડી રાખી શકશે નહીં અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સનો ટ્રેક રેકોર્ડ પણ સારો હોવો જોઈએ. સહકારી બેંકરોનું માનવું છે કે આ કડક નિયમોને કારણે લોકોના પૈસા સંપૂર્ણપણે સુરક્ષિત રહેશે અને સહકારી બેંકિંગ સિસ્ટમ વધુ મજબૂત બનશે.

# હોટેલ-રેસ્ટોરન્ટના કિચનમાં સીસીટીવી ફરજિયાત: ગ્રાહકો લાઇવ જોઈ શકશે

## ખોરાકની ગુણવત્તા અને સ્વચ્છતા પર નજર રાખવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો કડક આદેશ: રસોડામાં સ્વચ્છતા નહીં જળવાય તો ફૂડ લાયસન્સ રદ કરી એકમ સીલ કરાશે



**અબતક, અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા શહેરના ખાદ્ય એકમોમાં સ્વચ્છતા અને ફૂડ સેફ્ટીના ધોરણો જાળવવા માટે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. તંત્ર દ્વારા શહેરની ૧૧,૧૨૩ જેટલી હોટેલ્સ, રેસ્ટોરન્ટ્સ અને ફૂડ બિઝનેસ ઓપરેટરોને કિચનમાં સીસીટીવી કેમેરા લગાવવા અને તેનું લાઈવ પ્રસારણ ગ્રાહકો જોઈ શકે તે રીતે રિસેપ્શન કે ડાઈનિંગ એરિયામાં સ્ક્રીન પર દર્શાવવા માટે કડક સૂચના આપવામાં આવી છે. ગ્રાહકો પોતે જમતી વખતે ખોરાક બનવાની પ્રક્રિયા અને કિચનની સ્વચ્છતા પ્રત્યક્ષ જોઈ શકે તે હેતુથી આ એડવાઈઝરી જારી કરાઈ છે.

એએમસી આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, તમામ સંચાલકોએ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ ના નિયમોનું ચુસ્ત પાલન કરવું પડશે. જેમાં કિચનની

(અનુ. આઠમા પાને)






## ન તો બંદૂક, ન બોમ્બ છતાં, સૌથી ઘાતક હથિયાર મચ્છર !

# અમારૂ આયુષ્ય સાવ ટૂંકું પણ 'માનવી'ને મોત આપવાની ક્ષમતાઃ મચ્છર

### ડેંગ્યુ જેવા ખતરનાક રોગ ફેલાવનાર 'મચ્છર'નું રોચક ઈન્ટરવ્યુ સાથે એક્સક્લ્યુઝીવ વાર્તાલાપ

### વિશ્વમાં તેની ૩૭ મુખ્ય પ્રજાતિઓ સાથે ૩૨૦૦થી વધુ પેટા જાતી છેઃ આપણા દેશમાં ૧૪ જાતીના ૨૫૫ પેટાજાતીના મચ્છરો જોવા મળે છેઃ દુનિયાના ૫૦ ટકાથી વધુ રોગો આ નાનકડુ મચ્છર ફેલાવે છે

વિશ્વભરમાં માનવ કરતા પણ વધુ વસ્તી ધરાવતા મચ્છરો વિશે સૌએ જાણવાની જરૂર છે. તે કરોડરજજુ વગર સાવ નાનકડુ જીવ છે. અને તે માત્ર ૨૦ થી ૨૫ દિવસ જ જીવે છે. વિશ્વમાં તેની ૩૭ મુખ્ય પ્રજાતિઓ સાથે ૩૨૦૦થી વધુ પેટા જાતી છે. આપણા દેશમાં ૧૪ જાતીના ૨૫૫ પેટા જાતીના મચ્છરો જોવા મળે છે. દુનિયાના ૫૦ ટકાથી વધુ રોગો આ નાનકડુ મચ્છર ફેલાવે છે. આજે અખબારી આલમમાં પ્રથમવાર તમે એક મચ્છરનું લીધેલ ઈન્ટરવ્યુ વાંચશો, અને હા તેને પ્રશ્નોના જવાબોમાં ઘણી વાત એવી પણ કરી જે બાબતે આપણી ભૂલ સ્વીકારવી પણ પડશે.

**તો ચાલો શરૂ કરી મચ્છરનું ઈન્ટરવ્યું.** સૌ પ્રથમ અબતક આંગણે આપનું સ્વાગત છે, સૌથી પ્રથમ પ્રશ્ન એ છે કે તમારી જાતીના કેટલા પ્રકારો હોય છે?

જવાબઃ- દુનિયામાં અમારી મુખ્ય ૧૪ જાતીઓ છે, એનો ફિલિસ, એડિસ, કયુલેકસ અને મેન્સોનીયા મુખ્ય ચાર પ્રકાર છે. જે માનવ જાત માટે ગંભીર રોગ કરીને મૃત્યુ પણ કરી શકે છે.

**તમારો થોડો પરિચય વાંચક મિત્રોને આપશો**

જવાબઃ- અમે એક વાહક (વેકટર)છીએ, ઉંડાણથી સમજાવું તો અમો કરોડરજજુ વિનાનું એવું જંતુ કે જે ચેપ પોતાના શરીરમાં લઈને તેનું વિભાજન કરી બીજાને ચેપ આપે છે, જેને વાહક કહેવાય છે, અમે એક ઉડતા કિટક છીએ, અમારે ૭ પગ અને સખત શરીર છે, લોહી ચુસવા અમો માનવ અને પ્રાણીઓને ડંખ મારીએ છીએ.

**ચોમાસાના હાલના વાતાવરણમાં શરીર-તાવ, ઝાડા ઉલ્ટી સાથે 'ડેંગ્યુ' બહું ચર્ચામાં છે, તો તેના વિશે જણાવો.**

જવાબઃ- અમારી એક પ્રજાતિ કે અમારો ભાઈ 'એડિસ' મુખ્ત્વે ડેંગ્યુ ફેલાવવાનો માસ્ટર છે, પૃથ્વીવાસીઓએ એનાથી ચેતવું બીજુ તે ચિકનગુનીયા અને ગંભીર ઝીંકા વાયરસનો પણ વાહક છે. તમારા દેશમાં જ ૧૧૧ પ્રકારના પેટા જાતી છે, પણ તેમાંથી એડિસ જેવા બે પ્રકાર જ આ જીવલેણ રોગ ફેલાવે છે. અમારા આ ભાઈઓ ખતરનાક છે. જેમાં કયુલેકસ ભાઈતો હાથી પગો (ફાઈલેરીયા) અને જાપાની એન્સેફીલીયાટીસના પણ વાહક છે.

**તમારી શરીર રચના વિશે થોડી માહિતી આપશો.**

જવાબઃ- અમે આમતો એકવડા બાંધાના નાના જંતુ છીએ, પણ અમારૂ શરીર ત્રણ ભાગમા વહેચાયેલ છે, જેમાં માથુ-ધડ અને પેટનો સમાવેશ થાય છે. અમારામાથાના ભાગમા પાલ્પી, એન્ટેના, પ્રોબોસીલ અને કંપાઉન્ડ આંખો આવેલ છે.

**તમે માણસ ઉપરાંત કેનું કેનુ લોહી ચૂસો છો ?**

જવાબઃ લોહી પીવુંએ અમારો ધંધો જ નહી ખોરાક પણ છે. માણસ સિવાય સાપ-પક્ષી, ગધેડા તેમજ ઘોડાનું લોહી ચૂસી લઈએ છીએ અમે પુરૂષ મચ્છર ૭ થી ૧૦ દિવસ અને સ્ત્રી મચ્છર ૩૦દિવસ નું જ આયુષ્ય ભોગવે છે. અમારી માદા શિયાળામાં ઈંડા કે ઈયળ તરીકે જીવન પસાર કરે છે.

**મેલેરીયા તમારો કયો ભાઈ ફેલાવે છે?**

જવાબઃ- તમારા દેશમાં ૫૮ જાતીઓ પૈકી ૯ જાતી જ મેલેરીયા ફેલાવે છે. આ કામ અમે હજારો વર્ષથી કરતા આવ્યા છીએ પણ ૧૮૮૭ માં તમારા દેશમાં આંધ્ર પ્રદેશના રોનાલ્ડ રોસ નામના વૈજ્ઞાનિકે મેલેરિયા મચ્છરથી ફેલાય છે એ સાબીત કરી દેતા બધા જુન મહિનમાં અમારી વિરૂધ્ધ મેલેરીયા માસની ઉજવણી કરીને અમને ધંધે લગાડી દીધા છે, આમ જોઈએ તો ૧૮૧૮ માં અમારા એનોફિલિસભાઈને મૈજેન નામના વૈજ્ઞાનિકે પકડી લીધા હતા.

**તમારી લોહી ચૂકવા સિવાય બીજી કંઈ આવડત છે, તે જણાવો?**

જવાબઃ- અમે માત્ર ૨૫ દિવસ જીવનાર જંતુ છીએ પણ સમુદ્રથી ૩૫૩૦મીટર સુધી ઉંચાઈ સુધી જોવા મળીએ છીએ. ૯૨ થી ૧૦૦૦ મીટરની ઉંડાઈમાં પણ અમારી હાજરી હોય શકે છે. અમો ૨૮ થી ૩૦ સેન્ટીગ્રેડ તાપમાનમાં સારો વિકાસ કરી શકીએ છીએ.

**તમારૂ સંવનન (મેટીંગ) બાદ મૃત્યુ થાય તે વાત સાચી છે.**

જવાબઃ- હા....અમે એકવાર સંવનન કરી એટલે અમારૂ (નર મચ્છરનું) મૃત્યું થઈ જાય છે. બીજી વાત એ છે કે એકવાર સંવનન બાદ અમારી માદાને જીવનભર બીજીવાર સંવનની જરૂર નથી પડતી, તે માત્ર એકવારમાં જીવે ત્યાં સુધી દર ત્રીજા દિવસે ઈંડા મૂકે છે.

**તમે કેટલુ લોહી પી શકો?**

જવાબઃ- અમો અમારા વજન કરતા ત્રણ ગણુ લોહી પી શકવાની ક્ષમતા ધરાવીએ છીએ. અમો તમારા 'ઓ' બ્લડ ગ્રુપવાળા લોકોનું લોહી વધુ પીવા માટે સતત કરડતા હોય છીએ.

**તમારી વસ્તી વિશ્વમા કયા સૌથી ઓછી કે નહિવત છે ?**

જવાબઃ- આમ તો દુનિયામાં બધે જ અમારૂ સામ્રાજય છે, પણ આયલેન્ડ દેશમાં અમારી વસ્તી લગભગ ના બરાબર છે.

**તમે આરામ કયારે કરો છો?**

જવાબઃ- અમે માણસને કરડીને તેનું લોહી પીધા બાદ આરામ કરવા જઈએ છીએ. માનવજાત અમારૂ વધુ પડતુ ધ્યાન કેન્દ્રીત કરીને અમારો ખાત્મો બોલાવવા મહેનત કરે છે, પણ અમારી વસ્તીની તાકાત સામે તમારૂ કંઈ નહી આવે.

**માણસને કરડયા વગર તમે રોગ ફેલાવી શકો?**

જવાબઃના. અમારે વાયરસનો ફેલાવો કરવા કરડવું જરૂરી છે. અમો માણસમાં મેલેરીયા, ડેંગ્યુ, ચિકન ગુનીયા સાથે તેના વિવિધ લક્ષણો લાવવામાં મહત્વની ભૂમિકા ભજવીએ છીએ

**તમારાથી બચવા અમારે શું કરવું જોઈએ?**

જવાબઃ એક માત્ર સાફ સફાઈ રાખશો તો અમે કશુ ન કરી શકીએ, પણ તમે બહારથી લાવેલા શાકભાજી પણ ધોતા નથી. તમરા ઘરની આસપાસ કે રોડ ઉપર સતત પાણી ભરાતા અમોને મોકળુ મેદાન રોગ ફેલાવવા મળી જાય છે. જો તમે કાળજી લેતા થઈ ગયા તો અમારે તમારો દેશ છોડીને બીજે કરડવા જવું પડશે. તમે ફકત અમોને કરડવા ન દોતો તમને કંઈ નહી થાય. તમારી સમગ્ર માનવજાતને તમારા બચાવ માટેનો અમારો સંદેશ છે કે ગમે ત્યાં કચરો ફેંકીને ગંદકી ન કરવી જોઈએ? આટલુ કરો એટલે અમારો ઉપદ્રવ ઓછો થઈ જશે.

**તમારો કરડવાનો કોઈ ચોકકસ સમય ખરો?**

જવાબઃ- હા અમે સૂર્યોદય અને સૂર્યાસ્ત સમય વચ્ચે વધુ સક્રિય હોય છીએ, એટલે આ સમયે અમો કરડી છીએ, પણ અમારો એક ભાઈ કયુલેકસ રાત્રીના કરડે છે. અમારી તાકાતનો તમને એક દાખલો આપું કે દર વર્ષે ૧૦ લાખથી વધુ મોત માટે અમારૂ કાર્ય જવાબદાર છે. અમારા વિશ્વમાં ૩૫૦૦થી વધુ ભાઈઓ છે, જેમાથી ૧૦૦ ભાઈતો ખતરનાક ડોન છે, જોકે આટલા તમારા માટે કાફી છે. કારણ કે તમે સુધરતા નથી ને ગંદકી કર્યા રાખો છો, એટલે અમારા કામમાં મોજ પડી જાય છે.

**યલો ફિવર ફેલાવવામાં તમારી ભૂમિકા કેવી ?**

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

જવાબઃ આ એક અમારાથી ફેલાતો રોગ છે. આજે જે કરીએ તેના બચવાના ચાન્સ ઘટી જાય છે. અમારા 'એડીસ' એજીપ્ટી ભાઈ આ ફેલાવે છે. રોગના હેમરેજિક સ્વભાવને કારણ તે અમારાથી ફેલાતો સૌથી જીવલેણ રોગ છે. તમે અમને કહેતા હોકે 'એક મચ્છર આદમીકો હિજડા બના દેતા હે' પણ અમે જીવલેણ રોગ આપીને જ તમરૂ 'રામ બોલો ભાઈ રામ' કરી નાંખીએ છીએ. ચાલો. આવી બીજી જ્ઞાનવર્ધક આદાન-પ્રદાનના લેખમાં ફરી મળશું અને હા મચ્છરથી બચવા શરીર સંપૂર્ણ ઢંકાય જાય તેવા કપડા પહેરજો જેથી આ 'મચ્છરભાઈ' કંઈ નહી કરી શકે.

**નાનો ડંખ, મોટી દહેશતઃ દુનિયાનો સૌથી ખતરનાક 'ઉડતો હત્યારો' !**

દર વર્ષે આજે વિશ્વ મચ્છર દિવસ મનાવવામાં આવે છે,કારણકે કદમાં નાનકડો આ જીવ માનવજાત માટે અત્યંત મોટો જાહેર આરોગ્ય પડકાર છે. વિશ્વમાં મચ્છરની ૩૭૦૦થી વધુ પ્રજાતિઓ છે, જોકે તમામ મચ્છર રોગ ફેલાવતા નથી, મુખ્યત્વે સંક્રમિત માદા મચ્છરો મનુષ્યને ડંખ મારતી વખતે રોગાણુઓનું સંક્રમણ કરે છે. વાહક છે. ઠઈંધના આંકડા મુજબ માત્ર મેલેરિયાએ ૨૦૨૪માં વિશ્વભરમાં અંદાજે ૨૮.૨ કરોડ લોકોને સંક્રમિત કર્યા અને ૬.૧૦ લાખ લોકોના જીવ લીધા, જેમાં લગભગ ૯૫% મૃત્યુ આફ્રિકન પ્રદેશમાં નોંધાયા, પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો સૌથી વધુ ભોગ બન્યા. ડેન્ગ્યુ પણ હવે વૈશ્વિક સ્તરે ઝડપથી ફેલાઈ રહ્યો છે. ૨૦૨૪માં WHOને ૧.૪૪ કરોડથી વધુ કેસ અને ૧ લાખથી વધુ મૃત્યુ નોંધાયા, જે અત્યાર સુધીનું સૌથી મોટું નોંધાયેલ વૈશ્વિક ડેન્ગ્યુ ભારણ હતું. જાપાનીઝ એન્સેફેલાઈટિસના દર વર્ષે અંદાજે ૧ લાખ ક્લિનિકલ કેસ અને લગભગ ૨૫ હજાર મૃત્યુ થાય છે, જ્યારે પીળા તાવથી આફ્રિકા અને અમેરિકામાં દર વર્ષે અંદાજે ૩૧૦૦૦થી ૮૨૦૦૦ મૃત્યુ થઈ શકે છે. અજાણી વાત એ છે કે માત્ર માદા મચ્છર જ લોહી ચૂસે છે, કારણ કે તેને ઈંડાં વિકસાવવા માટે લોહીમાં રહેલા પ્રોટીનની જરૂર પડે છે. નર મચ્છર સામાન્ય રીતે વનસ્પતિના રસ પર જીવે છે. મચ્છર પોતે રોગનો કારણ નહીં પરંતુ વાહક છે, તેના શરીરમાં રહેલા પરોપજીવી કે વાયરસને એક યજમાનમાંથી બીજા યજમાન સુધી પહોંચાડે છે.




### મચ્છરો મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, ઝિકા, પીળો તાવ, જાપાનીઝ એન્સેફેલાઈટિસ, વેસ્ટ નાઈલ ફીવર અને લિમ્ફેટિક ફાઈલેરિયાસિસ જેવા રોગોના વાહક છે

---

# બાબરાઃ સંત રવિદાસજીની જન્મજયંતિ નિમિત્તે ભવ્ય કળશ યાત્રામાં શ્રદ્ધાળુઓ ઉત્સાહભેર જોડાયા




**અબતક,**
**મૌલિક તેરૈયા, બાબરા**

સંત શિરોમણી રવિદાસજી મહારાજની જન્મજયંતિ નિમિત્તે બાબરા શહેર ભાજપ દ્વારા ભવ્ય કળશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે ૪:૩૦ કલાકે મધુવન સોસાયટી કરીયાણા રોડ ખાતેથી કળશ યાત્રાનો પ્રારંભ થયો હતો. કળશ યાત્રા દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ, મહિલાઓ તથા નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા. ભક્તિમય વાતાવરણ વચ્ચે યોજાયેલી આ યાત્રામાં સંત રવિદાસજી મહારાજના સમાનતા, એકતા અને ભક્તિના સંદેશને જન-જન સુધી પહોંચાડવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

મધુવન સોસાયટીથી પ્રસ્થાન કરેલી યાત્રા સર્વપરી હનુમાનજી દાદા મંદિર, ડો. બાબા આંબેડકર ચોક, પંચનાથ મહાદેવ મંદિર, કષ્ટભંજન હનુમાનજી દાદા મંદિર અને મારુતિ ચોક સહિતના માર્ગો પરથી પસાર થઈ અંતે જૂના રામજી મંદિર ખાતે પૂર્ણ થઈ હતી.

# સોમનાથ સંસ્કૃત યુનિ. દ્વારા શાસ્ત્રીય સંશોધન કાર્યની પ્રવેશ પરીક્ષા આજે યોજાશે

**અબતક,**
**અતુલ કોટેચા, વેરાવળ**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા વિવિધ શાસ્ત્રીય વિષયો પર સંશોધન કાર્ય માટે પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત તા. ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ભાષા દક્ષતા પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ૭ શાસ્ત્રો પર સંશોધન કાર્ય કરવા માટે યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા આશરે ૩૭ જેટલા ગુજરાત તથા ગુજરાત રાજ્ય બહારના શોધાર્થીઓ આ પરીક્ષામાં ઉપસ્થિત રહેશે. સંશોધન માટે પસંદગી પામનાર શોધાર્થીઓને સંબંધિત શાસ્ત્રીય વિષયોમાં સંશોધન કાર્ય કરવાની તક આપવામાં આવશે. શોધાર્થીઓની ભાષાકીય ક્ષમતા અને સંશોધન માટેની જરૂરી પાયાની તૈયારીનું મૂલ્યાંકન કરવા માટે આ ભાષા દક્ષતા પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ યુનિવર્સિટી દ્વારા પરિણામ જાહેર કરી આગળની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૦-૦૮-૨૦૨૬ ગુરુવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અજબ રાતની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (દળ - ઢોકળી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (શિવ તાંડવ નો મહિમા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ હેલ્થ વેલ્થ (ડો.બિરજુ મોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ધર્મ યુધ્ધ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૧-૦૮-૨૦૨૬ શુક્રવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

# 'અનુભવ' માણસને જ્ઞાન, સમજણ અને પરિપક્વતા આપે છે!

### સમજાવેલુ ક્યારેક ભૂલાય જાય છે પણ અનુભવેલુ હંમેશા યાદ રહે છે

**ડો. બી.આર.વાઘેલા**
**પ્રમુખ શ્રી શક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ - રાજકોટ**

અનુભવે જીવનની એક એવી પ્રક્રિયા છે કે જે માણસને જ્ઞાન, સમજણ અને પરિપક્વતા આપે છે. અનુભવ એ એક શિક્ષક છે જેમાં વ્યક્તિત્વનો વિશ્વાસ અને અનુભવ માત્ર ઘટનાઓનો સંગ્રહ નહીં, પણ એ ઘટનાઓને જે ઘટી એમાંથી તમને શું શીખ્યા તેને અનુભવ કહેવાય છે. પુસ્તક યુગમા આપણને શું કરવું તે શીખવે છે પણ અનુભવ આપણને કેવી રીતે કરવું, અને ક્યારે કરવું એ શીખવે છે.

ઘણી બધી રીતે આપણે અનુભવને જાણી શકાય જેમાં સકારાત્મક અનુભવમાં આપણે ખુશી, આત્મવિશ્વાસ અને પ્રેરણા આપે છે. એવી જ રીતે નકારાત્મક અનુભવમાં આપણને મળેલ નિષ્ફળતા એ જ મોટી શીખ છે. પછી આપણે પ્રત્યક્ષ અનુભવમાં જોઈએ તો આપણે જે કામ કરીએ છીએ તે પરિસ્થિતિમાંથી પસાર થઈ અને જે અનુભવ મેળવીએ છીએ તેને પ્રત્યક્ષ અનુભવ કહેવાય. જ્યારે અપ્રત્યક્ષ અનુભવમાં આપણે બીજાના અનુભવો અને વાર્તા, પુસ્તકો વગેરેમાંથી આપણે શું શીખ્યા તેને અપ્રત્યક્ષ અનુભવ કહેવાય.

એ જ રીતે અનુભવનું મહત્વ જોઈએ તો યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતાને જોઈએ અને અનુભવી વ્યક્તિને ભૂતકાળની ભૂલોમાંથી ભવિષ્ય અને યોગ્ય રીતે ઝડપી નિર્ણયો લેવા અને આપણા પોતાના માં આત્મવિશ્વાસનો વધારો થવો જ્યારે તમે કોઈ મુશ્કેલ પરિસ્થિતિમાંથી એકવાર બહાર નીકળી જાવ છો ત્યારે જે ડર અને ભયનો અનુભવ નથી કરતા અને સામે પ્રતિક્રિયા આપો છો એ અનુભવ ખૂબ સારો અનુભવ છે. આપણામાં પરિપક્વતા હોવી ખૂબ જ જરૂરી છે. જેમાં અનુભવી માણસના વિચારવાની પરિસ્થિતિને જોવાની દ્રષ્ટિ બદલવી અને આપણને પોતે સહનશીલ અને શાંત બનાવે છે. એવી જ રીતે આપણા જીવનમાં ભૂલોનું પુનરાવર્તન ને અટકાવવું જેમાં અનુભવ પરથી આપણે યાદ અપાવે છે કે ફરીથી આ ભૂલ ન થાય.

આ રીતે અલગ અલગ રીત પણ છે. અનુભવની જેમાં નવા લોકોને મળવું, નવી જગ્યા પર જવું, નવા કૌશલ્ય શીખવા, ઘણી ભૂલો બીજી વાર ન થાય તેનું ધ્યાન રાખવું,ભૂલ એ અનુભવનું પગથિયું છે એમ પણ માની શકાય છે. એમ પણ માની શકાય છે કે આપણે અનુભવવી લોકો સાથે વાત કરી જાણકારી લેવી અને એમના અનુભવ માંથી આપણે ઘણું બધું શીખી શકે છે. અનુભવ આપણને કોઈ પુસ્તકમાંથી નહીં મળે પણ જીવન જીવવાથી મળે છે. એક કહેવત છે કે "સમજાવેલું ક્યારેક યાદ આવે પણ અનુભવેલું હંમેશા યાદ રહે છે". એવી જ રીતે માણસોની અને પરિસ્થિતિઓની સાચી પરખ કરાવે છે. કોના પર વિશ્વાસ કરવો, ક્યારેય મૌન રહેવું, ક્યારે બોલવું,અને સાચા ખોટા ની પરખ આપણને અનુભવ જ કરાવે છે. અનુભવો હંમેશા આપણને સામેથી નથી મળતો પણ છે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિનો સામનો કરીને આપણે અનુભવને મેળવવાનો રહે છે.

જીવનમાં જોખમ લેવું ખૂબ જરૂરી છે જો આપણે આરામદાયક પરિસ્થિતિમાંથી નીકળીએ નહીં અને રિસ્ક ન લઈએ તો આપણે કોઈપણ અનુભવ ન મેળવી શકીએ. જો જીત મળે કે હાર એ અનુભવ આપણે મેળવીએ તો ઘણીવાર મૂંઝવણના સમયે પણ આપણે આકરા સમય ને માત દઈ આગળ આવીયે છીએ. આમ એ અનુભવ ને આપણે જીતનો અનુભવ કરી શકે છે. ઘણી વખત આપણે આપણા સગા સંબંધીઓના વ્યવહારમાંથી પણ કડવા અને મીઠા અનુભવો થતા હોય છે. અને જીવનમાં ઘણા એવા માણસો પણ હોય છે કે જેના લીધે આપણને ખરાબ તો ના કહીએ પણ એક મીઠો પાઠ ભણાવીને જાય છે. જેને આપણે અનુભવ જ કહી શકાય.

ઘણી વખત માણસ એક એવા અહંકારમાં જીવે છે કે હું જ કંઈક છું,મને જ બધું આવડે છે, તો એ અહંકારમાં જીવતો માણસ ને ખરાબ અનુભવ પણ જોવા મળે છે, સાથોસાથ માણસને શીખવાના બધા દરવાજા બંધ કરે છે.અને એટલે હંમેશા આપણે વિવેકપૂર્ણ શબ્દનો ઉપયોગ કરી નમ્રતાથી જે સંબંધોમાં રહી વાત કરે છે તો તે અનુભવ હંમેશા સારો રહ્યો ગણાય. આપણે માણસાઈને ન ભૂલી એ તો આપણને આપણા જીવનમાં હંમેશા સારા જ અનુભવો થાય છે. હંમેશા બધાની મદદ કરવી સારા અને સાચા માર્ગદર્શનથી લોકોને આગળ વધારી એ અનુભવ ખૂબ સારો કહેવાય છે. જિંદગી એક સારા છે જ્યાં પરીક્ષા પહેલા લેવાય છે અને પાઠ પછી શીખવા મળે છે જે પાઠને આપણે અનુભવ કહીએ છીએ.

## અબતક પંચાગ

**તા.૨૧-૮-૨૦૨૬ શુક્રવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** શ્રાવણ શુદ નોમ બગીચા નોમ
**નક્ષત્ર** અનુરાધા
**યોગ** વૈધૃતિ **કરણઃ** બાલવ
**સુર્યોદય** ૬.૨૭ **સુર્યાસ્તઃ** ૭.૧૩
**ચંદ્ર રાશી** વૃશ્ચીક
**રાશિ અક્ષર** ન.ય
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા**
ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા**
રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૫ થી ૧.૧૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | ૮ | ૭ | ૨ | ૩ | ૧ | | |
| | ૧ | | | | | ૩ | ૪ | |
| | | | | ૮ | ૧ | ૭ | | |
| | | ૪ | | ૯ | ૬ | | | |
| | | | | ૭ | ૪ | | | |
| ૫ | | ૩ | ૨ | | | | | |
| | | | | | ૫ | | ૬ | |
| ૬ | | | | | | | | ૭ |
| | | | | | | ૪ | ૮ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૨ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૯ | ૬ | ૫ | ૨ | ૭ | ૪ | ૮ |
| ૨ | ૭ | ૮ | ૯ | ૧ | ૪ | ૫ | ૬ | ૩ |
| ૪ | ૬ | ૫ | ૭ | ૩ | ૮ | ૧ | ૯ | ૨ |
| ૬ | ૮ | ૧ | ૨ | ૭ | ૩ | ૪ | ૫ | ૯ |
| ૭ | ૯ | ૩ | ૫ | ૪ | ૬ | ૮ | ૨ | ૧ |
| ૫ | ૨ | ૪ | ૧ | ૮ | ૯ | ૬ | ૩ | ૭ |
| ૧ | ૩ | ૭ | ૪ | ૯ | ૫ | ૨ | ૮ | ૬ |
| ૮ | ૪ | ૬ | ૩ | ૨ | ૭ | ૯ | ૧ | ૫ |
| ૯ | ૫ | ૨ | ૮ | ૬ | ૧ | ૩ | ૭ | ૪ |

## આવતીકાલનું રાશિફળ

### તા.૨૧.૮.૨૦૨૬ શુક્રવાર, સંવંત ૨૦૮૨, શ્રાવણ સુદ નોમ, અનુરાધા નક્ષત્ર, વૈધ્રુતિ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** અંગત જીવનમાં સારું રહે,મનોમંથન કરી શકો.વિચારોમાં પરિવર્તન જણાય ,શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :** વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, વિવાહિતને દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં સારું રહે, જાહેરજીવનમાં આગળ વધી શકો અને તમારું પ્રભુત્વ દર્શાવી શકો ,દિવસ શુભ રહે.

**કર્ક (ડ,હ) :** વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં સારું રહે, વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સારું, સંતાન અંગે સારું રહે,યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈ શકો.

**સિંહ (મ,ટ) :** નવી વસ્તુની ખરીદી થાય,સુખ સગવડ પ્રાપ્ત થાય, અન્ય મિત્રોને મદદરૂપ બની શકો , દિવસ સંતોષજનક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** ગણતરી પૂર્વક આગળ વધશો તો લાભ થશે, સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**તુલા (ર,ત) :** આર્થિક બાબતો માં મધ્યમ રહે,આવક જાવક સમજીને કરવા, મનમાં સંતોષ અને રાજીપો રહે, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** કોઈ બાબતમાં વધુ દલીલ થી દૂર રહેવું, વાદ-વિવાદ થી દૂર રહેવું,અંગત મિત્રો સાથે મતભેદ નિવારવા પડે.

**મકર (ખ,જ) :** આકસ્મિત લાભ થાય,મુશ્કેલી માં આશાનું કિરણ દેખાય, મુસાફરીના યોગ બની રહ્યા છે, દોડધામ રહે.

**કુંભ (ગ,સ,શ) :** વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને સારું રહે,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** નસીબ સાથ આપતું જણાય,નવીન તક હાથ માં આવે પરંતુ તેને કાર્યમાં રૂપાંતરિત કરવા મહેનત કરવી જરૂરી બને છે.

# રોડની હાલત સારી હોવાનોદાવો ખોટોઃ ભાજપના કોર્પોરેટરે જ બોર્ડમાં ધોકો પછાડ્યો

## વોર્ડ નં. ૧૩ ના યુવા કોર્પોરેટર મોહિતસિંહ જાડેજાએ સિટી એન્જિનિયરને કહ્યું કે બોર્ડ પુરુ થાય ત્યારે મારી સાથે ફિલ્ડમાં આવો રોડ-રસ્તાની સાચી હકીકત બતાવુ!!

### રોડની સ્થિતિ સારી હોવાનો રિપોર્ટ આપનાર એજન્સી સામે શિક્ષાત્મક પગલા ભરવાની મેયર ડો. નેહલ શુક્લની સુચના





તસવીરઃ અભિષેક આસીયાણી

**અબતક, રાજકોટ**

શહેરમાં ચાલુ વર્ષે ચોમાસાની સિઝનમાં નોંધપાત્ર વરસાદ થયો નથી જેના કારણે રસ્તાઓનું ધોવાણ થયું નથી. રસ્તાને કોઈ જ પ્રકારનું મોટુ નુકશાન થયું નથી. મોટાભાગના રસ્તાઓની સ્થિતિ ખુબ જ સારી હોવાનો દાવો જનરલ બોર્ડમાં કોંગ્રેસના મહિલા કોર્પોરેટર મનીષાબેન રોજાસરાના સવાલના જવાબમાં સેન્ટ્રલઝોન કચેરીના સીટી એન્જિનિયર અતુલ રાવલે કર્યો હતો. વોર્ડ નં. ૧૩ ના અલગ અલગ રસ્તાઓ ખુબ જ સારા હોવાનું તેઓએ બોર્ડમાં જાહેર કરતાની સાથે જ વોર્ડના ભાજપના યુવા અને જાગૃત કોર્પોરેટર મોહિતસિંહ જાડેજાએ ધોકો પછાડ્યો હતો. રોડની હાલત સારી હોવાનો દાવો તદન ખોટો છે. ''જનરલ બોર્ડની બેઠક પુર્ણ થયા બાદ મારી સાથે અધિકારીઓ ફિલ્ડમાં આવે એટલે હું તેમને બતાવુ કે વોર્ડ નં. ૧૩ ના રસ્તાની હાલ કેવી પરિસ્થિતિ છે'' સાથી કોર્પોરેટરના સનસનીખેજ આક્ષેપ બાદ મેયર ડો. નેહલ શુક્લએ પણ અધિકારીઓને કડક ભાષામાં એવી તાકીદ કરી હતી કે, રોડની સ્થિતિ સારી હોવાનો રિપોર્ટ આપનાર એજન્સી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે અને તેનો રિપોર્ટ રજૂ કરવામાં આવે.



વોર્ડ નં. ૧૫ના કોર્પોરેટર મનીષાબેન રોજાસરાએ એવો સવાલ કર્યો હતો કે, ''ચાલુ સાલ ચોમાસાની સિઝનમાં કેટલાક રોડ રસ્તા તુટ્યા છે અને કેટલાક ખાડા પડ્યા છે'' જેના જવાબમાં સેન્ટ્રલઝોનના સીટી એન્જિનિયર અતુલ રાવલે કહ્યું હતું કે, રાજકોટમાં નોંધપાત્ર કે ધોધમાર વરસાદના અભાવે આ વર્ષે રોડ-રસ્તાને ખાસ નુકશાન થયું નથી. એક પણ રસ્તાનું ધોવાણ થયું નથી. જેના કારણે નુકશાનીનો કોઈ જ અંદાજ લગાવાયો નથી ગેરંટી વાળા રોડ કેટલા તુટ્યા અને તેની સ્થિતિ કેવી છે તે અંગે (અનુ. આઠમા પાને)

## સિવિલ હોસ્પિટલથી એઈમ્સ સુધી સિટી બસ દોડવા લાગી

સિવિલ હોસ્પિટલથી એઈમ્સ સુધી સીટી બસ સેવા શરૂ કરવા જનરલ બોર્ડમાં કોર્પોરેટરોએ કરેલા સુચનની અમલવારી શરૂ થઈ ગઈ છે. હવે દર ૫૦ મીનીટે સીવીલથી એઈમ્સ સુધી સીટીબસ સેવા શરૂ થઈ ગઈ હોવાનું મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ જનરલ બોર્ડમાં જણાવ્યુ હતું. કોર્પોરેટર મનીષભાઈ ભટ્ટે એવુ પણ સુચન કર્યુ હતું કે, કોર્પોરેશનના દરેક આરોગ્ય કેન્દ્રથી એઈમ્સ સુધી સીટી બસ સેવા શરૂ કરવામાં આવે તો અનેક દર્દીઓને લાભ મળશે. આ અંગે વિચારણાની પણ કમિશનર દ્વારા ખાતરી આપવામાં આવી છે.

## અલગ-અલગ કોર્ટમાં કોર્પોરેશનના ૮૧૨ કેસ પેન્ડિંગ

સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટ, ટ્રીબ્યુનલ કોર્ટ, સીવીલ કોર્ટ, ડિસ્ટ્રીક કોટ, લેબર અને ઈન્ડસ્ટ્રીયલ કોર્ટમાં કોર્પોરેશનના ૮૧૨ કેસ પેન્ડિંગ હોવાની કબુલાત લો ઓફિસર દ્વારા જનરલ બોર્ડમાં કરવામાં આવી હતી. પેનલ એડવોકેટ તરીકે ૨૮ ધારાશાસ્ત્રીઓની સેવા લેવાઈ રહી છે. સુપ્રીમ કોર્ટમાં ૧૨, હાઈકોર્ટમાં ૩૪૧, ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં ૭૬, સિવિલ કોર્ટમાં ૨૬૪, લેબર કોર્ટમાં ૧૮, મ્યુનિસિપલ કોર્ટમાં ૧૬ કેસ પેન્ડિંગ છે. જ્યારે ફોજદારીના ૧૬ અને ચેક રિટર્નના ૩૬ કેસ હાલ પેન્ડિંગ હોવાનું બોર્ડમાં જણાવામાં આવ્યું હતું.

## કમિટમેન્ટવાળા કામોનો રિપોર્ટ જનરલ બોર્ડમાં આપવો ફરજિયાત, ઢીલી નીતિ નહીં ચાલેઃ અધિકારીઓ મેયરની કડક સૂચના

### ખાતરી આપી એટલે કામ પૂરું એમ માની નહીં લેતા,કામ કરવા જ પડશે

જનરલ બોર્ડની બેઠક શરૂ થતાં જ મેયર ડો.નેહલ શુક્લએ અધિકારીઓને કામગીરી અંગે સ્પષ્ટ તાકીદ કરી હતી. પ્રજાલક્ષી પ્રશ્નો અને કોર્પોરેટરો દ્વારા રજૂ થતા કામોમાં અધિકારીઓએ આપેલા કમિટમેન્ટનું સમયસર પાલન કરવું પડશે અને તેની કામગીરીનો રિપોર્ટ જનરલ બોર્ડ સમક્ષ રજૂ કરવો પડશે.

જનરલ બોર્ડમાં વિવિધ પ્રશ્નો અને રજૂઆતોની ચર્ચા દરમિયાન મેયરે અધિકારીઓને સૂચના આપતા જણાવ્યું હતું કે, કોઈ કામ અંગે અધિકારી દ્વારા સમયમર્યાદા કે કામગીરી પૂર્ણ કરવાનું કમિટમેન્ટ આપવામાં આવે તો માત્ર ખાતરી આપીને વાત પૂરી નહીં થાય. જે કામગીરી કરવાની ખાતરી આપવામાં આવી હોય તે ખરેખર થઈ છે કે નહીં તેની વિગતો આગામી જનરલ બોર્ડમાં રજૂ કરવાની રહેશે.

ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ પોતાના વિસ્તારની સમસ્યાઓ તથા નાગરિકોના પ્રશ્નો જનરલ બોર્ડમાં રજૂ કરતા હોય છે. આવા પ્રશ્નોના જવાબમાં સંબંધિત વિભાગના અધિકારીઓ કામગીરી કરવાની ખાતરી કે સમયમર્યાદા આપતા હોય છે. હવે આવી ખાતરીઓ માત્ર બોર્ડની કાર્યવાહી પૂરતી મર્યાદિત ન રહે અને તેનું વાસ્તવિક અમલીકરણ થાય તે માટે મેયરે જવાબદારી નક્કી કરવાની દિશામાં કડક વલણ અપનાવ્યું છે.

## એનિમલ હોસ્ટેલની મંજુરી આપી દીધી પણ ડિમાર્કેશનની કામગીરી બાકી

વોર્ડ નં. ૫ ના કોર્પોરેટર સંજય ચાવડાએ આજે અધિકારીઓ સામે એવી દલીલ કરી હતી કે, સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં સોખડા ખાતે એનિમલ હોસ્ટેલ બનાવવાની મંજુરી આપી દેવામાં આવી છે. ત્રણ મહિના જેવો સમય વીત્યો હોવા છતાં હજુ સુધી કોઈ જ પ્રકારની કામગીરી થઈ શકી નથી. આ અંગે અધિકારીઓને પુછવામાં આવે છે ત્યારે તેઓ કહે છે કે, રૂડા હસ્તકની જમીન હોવાના કારણે ડીમાર્કેશનની કામગીરી હજુ બાકી છે. તો શું અધિકારીઓ જમીન ફાઈનલ કર્યા પૂર્વે જ પ્રોજેક્ટ મંજુર કરાવી લે છે. જેના જવાબ આપવામાં અધિકારીઓ થોથવાઈ ગયા હતાં.

# ‘હર હર મહાદેવ’ના નાદ સાથે શનિવારે નિકળશે કામનાથ મહાદેવની વરણાંગી

### કામનાથ મહાદેવનો ૭૭મો પાટોત્સવએ આંબાવાડી કલાવૃંદ, ડમરૂવાદન, અઘોરી ગ્રુપ, નાસિક ઢોલ, શરણાઈ વાદકો, રાસ-ગરબા મંડળીઓ, લોકકલાકારો અને વિશિષ્ટ ઝાંખીઓ સાથે ધામધૂમથી ઉજવાશે

**અબતક, રાજકોટ**

શ્રાવણ માસમાં રાજકોટ શિવભક્તિના રંગે રંગાવા જઈ રહ્યું છે. રાજકોટના આશરે ૧૪૭ વર્ષ જૂના પવિત્ર શ્રી કામનાથ મહાદેવ મંદિરનો ૭૭મો પાટોત્સવ તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ભવ્ય ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ઉજવવામાં આવશે. શ્રદ્ધા, પરંપરા, લોકકલા અને સેવાભાવના અનોખા સંગમ સમા આ પાટોત્સવને લઈને મંદિર પરિસરમાં તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.



### વર્ષોથી ચાલી આવતી કક્કડ પરિવારની શિવભક્તિની પરંપરા

શ્રી કામનાથ મહાદેવની સેવા અને પાટોત્સવની પરંપરાને કક્કડ પરિવાર વર્ષોથી અખંડ શ્રદ્ધા સાથે આગળ ધપાવી રહ્યો છે. સ્વ. વિઠ્ઠલજીભાઈ કક્કડનું જીવન અદમ્ય શિવભક્તિથી પ્રેરિત હતું. ધાબળો ઓઢીને તથા એક પગે ઊભા રહી ભોળેનાથનું ધ્યાન ધરતા સ્વ. વિઠ્ઠલજીભાઈની ભક્તિથી પ્રેરિત આ સેવાયજ્ઞ આજે પ્રિયવદનભાઈ શાંતિલાલ કક્કડ, અવધભાઈ પ્રિયવદનભાઈ કક્કડ અને સમગ્ર કક્કડ પરિવારના પ્રયાસોથી આગળ વધી રહ્યો છે.આ પાટોત્સવ કોઈ એક પરિવારનો પ્રસંગ નહીં પરંતુ સમગ્ર રાજકોટના શિવભક્તોનો મહોત્સવ બને તેવો ભાવ વ્યક્ત કરવામાં આવ્યો છે. મંદિર અને કક્કડ પરિવાર દ્વારા નગરજનોને પરિવાર સાથે પધારી મહાદેવના દર્શન કરવા તથા ભવ્ય વરણાગીના સાક્ષી બનવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે.

કામનાથ મહાદેવની વરણાગી અબતક પર લાઈવ નિહાળો

अब तक CHANNEL

તા.૨૨ ઓગષ્ટ

YouTube Live

f LIVE

@abtakmedia

### ધાર્મિક ઉત્સવ સાથે સેવાયજ્ઞ પણ

શ્રી કામનાથ મહાદેવની સેવા સાથે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ પણ ચાલી રહી છે. બ્રહ્માનંદ સંસ્કૃત વેદ પાઠશાળા, દરિદ્રનારાયણ અન્નક્ષેત્ર, અનાજ વિતરણ અને માનવસેવા જેવી પ્રવૃત્તિઓ દ્વારા સેવાયજ્ઞને આગળ ધપાવવામાં આવી રહ્યો છે.

પાટોત્સવ નિમિત્તે સવારે શ્રી કામનાથ મહાદેવને લઘુરુદ્રાભિષેક, ષોડશોપચાર પૂજન સહિતની વિવિધ ધાર્મિક વિધિઓ કરવામાં આવશે. બપોરે ૨ વાગ્યે શ્રી કામનાથ મહાદેવ મંદિરેથી ભવ્ય વરણાગી પ્રસ્થાન કરશે.

આ વરણાગી પરાબજાર, (અનુ. આઠમા પાને)

**વરણાંગીનો રૂટ પરાબજાર, ધર્મેન્દ્ર રોડ, સાંગણવા ચોક, રાજશ્રી સિનેમા, આશાપુરા મંદિર, કોઠારિયાનાકા, કામનાથ મહાદેવ મંદિર**

## પાટડી ઉદાસી આશ્રમના મયુરબાપુનો આજે પ્રાગટ્યોત્સવ



વિશ્વવિખ્યાત સંતશિરોમણી પૂ. જગાબાપાના પુત્ર અને પાટડી ઉદાસી આશ્રમના મયુરબાપુનો આજે તા. ૨૦ ઓગસ્ટે પ્રાગટ્ય અવસર છે. મયુરબાપુના અવતરણ દિવસે સિતારામ પરિવારના સેવકગણમાં આનંદની લાગણી પ્રસરી હતી. પાટડીના ઉદાસી આશ્રમને બીજી પેઢીમાં પણ સવાયા ગુરૂમુખી વ્યક્તિત્વની પ્રાપ્તિ થઈ હોવાનો અહોભાવ સેવકગણ અનુભવી રહ્યા છે.


મયુરબાપુ ઉદાસી આશ્રમની પરંપરા મુજબ પાટડીના પાવન આંગણે આવતા દરેક ભાવિકના ચહેરા પર ખુશી અને સંતોષની લાગણી જોવા મળે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. આજે તેમના પ્રાગટ્ય અવસરે આશ્રમ સાથે જોડાયેલા સેવકો અને ભાવિકોમાં વિશેષ આનંદ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ધરતી પર સંતોને ભગવાનનું સ્વરૂપ માનવામાં આવે છે. મયુરબાપુનું જીવન પણ બાળપણથી જ શિવભક્તિ અને સેવાભાવથી ઓતપ્રોત રહ્યું છે. દુઃખી અને જરૂરિયાતમંદ લોકોની પીડા દૂર કરવા તથા તેમના જીવનમાં સુખ-શાંતિ લાવવા તેઓ સતત સેવા, સાધના અને તપના માર્ગે આગળ વધી રહ્યા છે. સંતોના આશીર્વાદ અને સેવાના સંસ્કારને આગળ ધપાવતા મયુરબાપુના પ્રાગટ્ય અવસરે સિતારામ પરિવારના સેવકો તથા ભાવિકો દ્વારા તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે અને તેમના દીર્ઘ આયુષ્ય, સ્વસ્થ જીવન તથા લોકકલ્યાણની અવિરત સેવા માટે પ્રાર્થના કરવામાં આવી રહી છે.

# ભાઈના કાંડે બંધાશે પ્રેમનો ટ્રેન્ડી દોરઃ રાખડીઓની ધૂમ ખરીદી

### સીડ રાખડી, ઈવિલ આઈ, વોચ અને બ્રેસલેટ રાખડીની વધી માંગ; રૂ.૧૦થી હજાર રૂપિયા સુધીની રાખડીઓ ઉપલબ્ધ





**અબતક, રાજકોટ**

શ્રાવણ મહિનાની પૂર્ણિમા એટલે પવિત્ર રક્ષાબંધન પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે રાજકોટના મુખ્ય બજારો રંગબેરંગી અને અવનવી ડિઝાઈનની રાખડીઓથી ઉભરાઈ રહ્યા છે. ભાઈ-બહેનના અતૂટ પ્રેમ અને સ્નેહના આ પર્વને લઈને બહેનોમાં પણ ખરીદીનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.આ વર્ષે પર્યાવરણ પ્રત્યે જાગૃતિ દર્શાવતી તુલસી અને ફૂલોના બીજ ધરાવતી ‘સીડ રાખડીઓ’ની ખાસ માંગ છે. યુવાનોમાં વાદળી રંગની ઈવિલ આઈ, સિલ્વર મેટલ બ્રેસલેટ, વોચ રાખડી અને ‘Bro’ લખેલી પર્સનલાઈઝ્ડ રાખડીઓ હોટ ફેવરિટ બની છે.

### રૂ.૨૦થી રૂ.૪૫૦ સુધીની વિવિધ વેરાયટીઃ વેપારી રોનકભાઈ



હાલ અમારી પાસે રૂ૨૦થી શરૂ કરીને રૂ૪૫૦ સુધીની વિવિધ વેરાયટીની રાખડીઓ ઉપલબ્ધ છે. ચાંદીની રાખડી, કપલ રાખડી, બ્રેસલેટ રાખડી સહિતની અનેક નવી ડિઝાઈન ગ્રાહકો માટે ઉપલબ્ધ છે.

### સિલ્વરનો ક્રેઝ સૌથી વધુ, વેપારમાં ૧૦%નો વધારોઃ વેપારી જીજ્ઞેશભાઈ



આ વખતે રાખડીઓમાં સિલ્વરનો ક્રેઝ સૌથી વધુ જોવા મળી રહ્યો છે. ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ભાવમાં ૨૦થી ૨૫ ટકાનો વધારો થયો છે. રૂ ૬૦થી રૂ૧૨૦ સુધીની રાખડીઓની માંગ સૌથી વધુ છે. ગયા વર્ષની સરખામણીએ અત્યાર સુધી વેપારમાં આશરે ૧૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. અમારા સ્ટોરમાં સૌથી મોંઘી રાખડી રૂ ૮,૦૦૦ની છે.

### રૂદ્રાક્ષ અને તુલસીની રાખડીઓ ઉપરાંત ચાંદી અને સોનાની રાખડીઓ પણ ઉપલબ્ધઃ વેપારી રાજેશભાઈ



હું છેલ્લા દસ વર્ષથી રક્ષાબંધનની સીઝનમાં રાખડીનો વેપાર કરું છું. હાલમાં અમારી પાસે ભાઈ-ભાભી રાખડી, બાળકો માટેની સ્પેશિયલ રાખડીઓ, રુદ્રાક્ષ અને તુલસીની રાખડીઓ ઉપરાંત ચાંદી અને સોનાની રાખડીઓ પણ ઉપલબ્ધ છે. ₹૯થી લઈને ₹૯૯૯ સુધીની રાખડીઓ છે અને અત્યાર સુધી સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

### ભાઈ-ભાભી માટે લુમ્બા સેટથી લઈને બાળકોની ફન રાખડી સુધીની અવનવી વેરાયટીઃ ગયા વર્ષની સરખામણીએ ભાવમાં ૨૦થી ૨૫ ટકાનો વધારો

પરંપરાગત રાખડીઓમાં રુદ્રાક્ષ, ઓમ, ત્રિશૂળ અને કુંદન વર્કવાળી રાખડીઓની સાથે ભાઈ-ભાભી માટેની લુમ્બા રાખડીઓના સ્પેશિયલ સેટ પણ ગ્રાહકોને આકર્ષી રહ્યા છે. બાળકો માટે લાઈટ-મ્યુઝિકવાળી તથા વિવિધ કાર્ટૂન કેરેક્ટરની રાખડીઓ પણ બજારમાં ધૂમ મચાવી રહી છે.

વેપારીઓના જણાવ્યા મુજબ, આ વખતે સામાન્ય રાખડીઓની સરખામણીએ રોજિંદા ઉપયોગમાં પહેરી શકાય તેવી બ્રેસલેટ સ્ટાઈલની રાખડીઓ વધુ પસંદ કરવામાં આવી રહી છે.

## પછાત અને અનાથ કન્યાઓ સિધ્ધીના માર્ગે

# બી.પી.એલ. જુથની કન્યાઓ માટેની ધો.૬થી ૧૨ની અનોખી શાળા

### ભણતરની સાથે રહેવા – જમવાની તમામ સુવિધા મફતઃ વોકેશનલ એજ્યુકેશનના વિવિધ તાલિમ કોર્ષ પણ કરાવાય છે



રિપોર્ટરઃ અરૂણ દવે
કેમેરામેનઃ ધ્રુવ જેઠવા



**અબતક, રાજકોટ**

કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કે.જી.બી.વી.) યોજના ભારત સરકાર દ્વારા ઓગસ્ટ-૨૦૦૪ થી દુર્ગમ વિસ્તારોમાં શરૂ કરવામાં આવેલ છે. કન્યાઓ પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કરે તે હેતુથી ઉચ્ચ પ્રાથમિક સ્તરે નિવાસી શાળાઓની સ્થાપના કરવામાં આવી હતી. આ યોજના ૧ એપ્રિલ ૨૦૦૭થી સર્વ શિક્ષા અભિયાન કાર્યક્રમ સાથે અલગ ઘટક તરીકે ભળી ગઈ છે.

સમગ્ર શિક્ષા રાજકોટ કોર્પોરેશન સંચાલિત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય સ્થાપના વર્ષ ૨૦૧૮-૧૯ શરૂ કરવામાં આવી. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં ડ્રોપ આઉટ, નેવર એનરોલ દીકરીઓનો સમાવેશ કરવામાં આવે છે. જેમાં એસ.સી., એસ.ટી., ઓબીસી, લઘુમતી અને બીપીએલ જૂથની કન્યાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જે દીકરી અનાથ છે કે માતા-પિતામાંથી એક જ હયાતી હોય, કચરો વીણતી, ગંદકી સાફ કરતી, જેના વાલી મજૂરી અર્થે અન્ય સ્થળે સ્થળાંતર કરતા હોય, વાડી વિસ્તારની, નેસ વિસ્તાર, ઝુપડપટ્ટી વગેરે જેવી દીકરીઓનો સમાવેશ કરવામાં આવે છે.

રાજકોટ કોર્પોરેશનમાં કાર્યરત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય ભારત સરકારના ૧૦૦% ભંડોળમાંથી ચાલતી દીકરીઓ માટેની હોસ્ટેલ વ્યવસ્થા છે. આ સંસ્થામાં ૧૦ વર્ષ કે વધુ ઉંમરની કન્યાઓને પ્રવેશ આપવામાં આવે છે. આ સંસ્થામાં ધોરણ-૬ થી ૧૨ સુધીની અભ્યાસની વ્યવસ્થા છે. અભ્યાસની સાથે દીકરીઓને વોકેશનલ એજ્યુકેશન, સિલાઈ, બ્યુટીપાર્લર, ગ્લાસ પેન્ટિંગ, ફેબ્રિકેશન, કોમ્પ્યુટર, સેલ્ફ ડિફેન્સ જેવા સર્ટિફિકેટ કોર્ષની તાલીમ આપવામાં આવે છે. કોઈપણ જાતની ફી વગરની આ શાળા છે.

ધોરણ- ૯ થી ૧૨ ની દિકરીઓને એક્સ્ટ્રા કોચિંગ, ધો - ૧૧ અને ૧૨ની દિકરીઓ માટે સાયન્સ, કોમર્સ, આર્ટ્સ, સ્પોર્ટ્સ, યોગાની પણ સુવિધા પૂરી પાડવામાં આવે છે. અભ્યાસની સાથે સાથે દિન-વિશેષની ઉજવણી કરવામાં આવે છે.

કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં દિકરીઓને ઋતુ અનુસાર ગરમ ભોજન ચાર વખત પીરસવામાં આવે છે. આ ઉપરાંત દિકરીઓને યુનિફોર્મ, ટ્રેકશૂટ, બૂટ મોજા, રોજીંદા જીવનની ચીજવસ્તુઓ જેવી કે સાબુ, શેમ્પુ, તેલ, પેડ, આપવામાં આવે છે. અભ્યાસ અર્થે સ્કુલ બેગ, સ્ટેશનરી, દરેક પ્રકારની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

આ સંસ્થામાં જુદા-જુદા ક્ષેત્રનાં તજજ્ઞો દ્વારા, હેલ્થ બાબત, ગાયનેક બાબત, સાયબર ક્રાઈમ બાબત, પોક્સો બાબત, બાળ સુરક્ષા બાબત, મહિલા આરોગ્ય બાબત આયોગ દ્વારા માર્ગદર્શન પુરૂં પાડવામાં આવે છે.

આ સંસ્થાના વોર્ડન કમ હેડ ટીચર અને અન્ય સ્ટાફ દ્વારા દિકરીઓને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવે છે. અહીં દિકરીઓને પરિવારની જેમ જ પ્રેમ, હૂંફ, લાગણી સાથે પારિવારીક વાતાવરણ પુરૂં પાડવામાં આવે છે.

આ નિવાસી કન્યા શાળામાં વોર્ડન કમ હેડ ટીચર વિરાસ પદ્માબેન અને જિલ્લા ગર્લ્સ એજ્યુકેશન કો. ઓર્ડિનેટર હેતલ ભટ્ટ સેવા આપી રહ્યા છે.


### ગરીબ કન્યાઓના શિક્ષણ માટે તમામ સુવિધા ઉપલબ્ધઃ શાસનાધિકારી રમેશ જેઠવા



રાજકોટ શહેરની ગરીબી રેખા હેઠળ જીવતી કન્યાઓ માટેની સરકારી આ શાળામાં ધો.૬ થી ૧૨ની કન્યાઓ માટે તમામ સુવિધા વિનામૂલ્યે ઉપલબ્ધ છે, તેમ શાસનાધિકારી રમેશ જેઠવાએ 'અબતક' સાથેની વાતચિતમાં જણાવ્યું હતું. શિક્ષણની સાથે વિવિધ જીવન કૌશલ્યોના વિકાસ કરી, તાલિમ આપીને તેને આત્મનિર્ભર પણ બનાવવામાં આવે છે. બાળકોના શિક્ષણ માટે કાંઈપણ તકલીફ હોય તો નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનો સંપર્ક કરી શકે છે.

# ૧૯૩ દેરાસરમાં નેમિનાથ પ્રભુના જન્મ-દીક્ષા કલ્યાણકની ભક્તિપૂર્વક ઉજવણી

### અભિષેક અને ભક્તિ સંગીત સાથે વિશ્વશાંતિ માટે કરાઈ પ્રાર્થના



**અબતક, રાજકોટ**

જૈન ધર્મના ૨૨મા તીર્થંકર, જીવદયાપ્રેમી અને બાળબ્રહ્મચારી નેમિનાથ પરમાત્માના જન્મ કલ્યાણક તથા દીક્ષા કલ્યાણકની સમગ્ર ભારતમાં ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. શ્રાવણ સુદ પાંચમ તા. ૧૭ ઓગસ્ટના રોજ શ્રી નેમિનાથ પ્રભુના જન્મ કલ્યાણક તથા તા. ૧૮ ઓગસ્ટના રોજ દીક્ષા કલ્યાણક નિમિત્તે દેશભરના ૧૯૩ દેરાસરોમાં એકસાથે 'નેમીસત્ત્વ અભિષેક' કરવામાં આવ્યો હતો.

વર્તમાન સમયમાં વિશ્વમાં પ્રવર્તી રહેલી અશાંતિ દૂર થઈ શાંતિની સ્થાપના થાય તેવા ઉદ્દેશ્ય સાથે વિવિધ દેરાસરોમાં સાધુ-સાધ્વીજી ભગવંતો તથા શ્રાવક-શ્રાવિકાઓ દ્વારા ભક્તિભાવથી કાર્યક્રમો યોજાયા હતા. ભક્તિસંગીત, સુગંધી દ્રવ્યો તથા વિવિધ ઉપકરણોથી પરમાત્માનો અભિષેક કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર આયોજન તપોગગન ચંદ્રમા આચાર્યશ્રી હેમવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવન પ્રેરણાથી કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી જીવનભર આયંબિલ તપના તપસ્વી તરીકે જૈન ધર્મની આરાધના અને તપશ્ચર્યાના ક્ષેત્રે પ્રેરણારૂપ રહ્યા છે. નેમિનાથ પ્રભુના જન્મ કલ્યાણક અને દીક્ષા કલ્યાણકની આ પ્રકારની સામૂહિક ઉજવણી છેલ્લા ચાર વર્ષથી સતત કરવામાં આવી રહી છે. ચાતુર્માસ સમિતિઓ દ્વારા જ્યાં જ્યાં આ આયોજન કરવામાં આવે છે ત્યાં દર વર્ષે અભિષેક માટેની સમગ્ર સામગ્રી વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.પાટણવાવ તાલુકા, ધોરાજી નજીક આવેલા લોહીત્ય ગીરી તીર્થ ખાતે પણ શ્રી નેમિનાથ પ્રભુના કલ્યાણકની ભક્તિપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જૈન પરંપરા મુજબ આ પાવન ભૂમિ એવી માનવામાં આવે છે જ્યાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ શ્રી નેમિનાથ ભગવાને ભૂમિને સ્પર્શ કર્યો હતો.

આ તીર્થના શિલાન્યાસથી લઈને ધજાદંડ સુધીના વિવિધ લાભો ભગવાન મહાવીર સ્વામીના પાંચ મહાવ્રતો પૈકીના અપરિગ્રહના સિદ્ધાંતને અનુરૂપ દ્રવ્યની ઉછામણીના બદલે વ્રતની ઉછામણી દ્વારા લેવામાં આવ્યા છે. લોહીત્ય ગીરી મૂળદેવ ટ્રસ્ટના કાર્યકર્તાઓ મયુર મહેતા, દક્ષેશ શાહ અને દીપક વોરા દ્વારા પણ આ પ્રસંગે આયોજન કરવામાં આવ્યું હતું.

### ગિરનાર તીર્થ પર વિશેષ ચઢાવો



નેમિનાથ પ્રભુના જન્મ કલ્યાણકના પાવન દિવસે ગિરનાર મહાતીર્થ પર પક્ષાલ નૌનો ચઢાવો રૂ.૨.૨૦ લાખમાં ગયો હતો. જૈન સમાજમાં આ પ્રસંગે ભારે ભકિત અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

# શ્રાવણના પ્રથમ સોમવારે રામનાથ મહાદેવ મંદિરે ભાજપ અગ્રણી નિતિન ભારદ્વાજે સજોડે કરી પુજા અર્ચના



**અબતક, રાજકોટ**

પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવાર નિમિત્તે સુપ્રસિદ્ધ રામનાથ મહાદેવ મંદિર ખાતે ભકિતમય માહોલમાં ભાજપના અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ તેમજ તેમના ધર્મપત્ની વંદનાબેન ભારદ્વાજે ઉપસ્થિત રહી દેવાધિદેવ મહાદેવના દર્શન, વિશેષ પૂજા-અર્ચના તથા ધ્વજારોહણનો લહાવો લીધો હતો.

આ પાવન અવસરે તેમણે મહાદેવ સમક્ષ સર્વે નગરજનોની સુખાકારી, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવિક ભકતોની વચ્ચે શાસ્ત્રોકત વિધિ-વિધાન સાથે ધ્વજારોહણ સંપન્ન કરવામાં આવ્યું હતું.

# શ્રીનાથધામ હવેલીમાં ૨૫ થી ૩૦ ઓગસ્ટ સુધી વ્રજરાજકુમારજીની મંગલ પધરામણી

### હિંડોળા દર્શન, દુગ્ધાભિષેક, બ્રહ્મસંબધ દિક્ષા સહિતના ભક્તિમય કાર્યક્રમોનું આયોજન



**અબતક, રાજકોટ**

રાજકોટમાં વીવાયઓ શ્રીનાથ ધામ હવેલી, મોટા મવા રોડ ખાતે આવનાર તારીખ :- ૨૫ થી ૩૦ ઓગસ્ટ દરમ્યાન વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારજી મહોદયની મંગલ ઉપસ્થિતિ રહેશે. ૨૫ ઓગસ્ટ પવિત્રા બારસના રોજ પૂજ્યને રાજભોગ દર્શન એવમ હિંડોળા દર્શનમાં વૈષ્ણવો પવિત્રા ધરી શકશે તેમજ પૂજ્યની મંગલ ઉપસ્થિતિમાં રોજ સાંજે ૬:૦૦ કલાકથી શ્રી ઠાકોરજીના સુખાર્થે ભવ્યાતિભવ્ય હિંડોળા મનોરથના દર્શનનો લાભ શહેરીજનોને પ્રાપ્ત થશે. તેમજ રોજ સવારે મંગળા દર્શનમાં ગિરિરાજજી પ્રભુને દુગ્ધાભિષેક કરવામાં આવશે.

૨૯ ઓગસ્ટ (શનિવાર)ના રોજ સવારે ૯:૩૦ કલાકે વૈષ્ણવોના ઠાકોરજી પુષ્ટ કરવામાં આવશે. ૩૦ ઓગસ્ટ (રવિવાર)ના રોજ સવારે ૭:૦૦ કલાકે હવેલીમાં ઠાકોરજી સમક્ષ બ્રહ્મસંબંધ દીક્ષા આપવામાં આવશે. મુલાકાત એવમ આશીર્વાદ લેવા માટે દરરોજ રાજભોગ દર્શનમાં બપોરે ૧૧:૧૫ થી ૧૨:૧૫ અને હિંડોળા દર્શનમાં સાંજે ૬:૦૦ થી ૮:૦૦ કલાકનું રહેશે.

# રામનાથ મહાદેવ મંદિરે ધ્વજારોહણ સમિતિ દ્વારા શનિવારે ધ્વજાયાત્રાનું આયોજન

### અબતકની શુભેચ્છા મુલાકાતે ધ્વજારોહણ સમસિના આગેવાનો દ્વારા માહિતી અપાઈ



**અબતક, રાજકોટ**

પવિત્ર શ્રાવણ ચાલી રહયો છે, દરેક જીવ શિવમય બની ગયા છે, ઠેર ઠેર શિવમંદિરમાં ભક્તોની ભીડ જોવા મળે છે. રામનાથપરા વિસ્તારમાં અનેક મંદિર આવેલ છે તેમાં રાજકોટના રાજા સ્વંયભૂ શ્રીરામનાથ મહાદેવ પણ બીરાજમાન છે. તો આવા કૃપાળુ રામનાથ મહાદેવને, શ્રીરામનાથ મહાદેવ ધ્વજા રોહણ સમિતિ દ્વારા સતત ઓગણીસ(૧૯) વર્ષથી વાજતે ગાજતે રામનાથ મહાદેવને ધ્વજારોહણ કરવામાં આવે છે. જેની શરૂઆત ઓગણીસ વર્ષ પુર્વે ભાઈ સ્વ.બકુલભાઈ વોરાએ શરૂઆત કરેલ હતી. તે યાત્રા આ વર્ષે પણ રાખવામાં આવેલ છે. તો તાઃ ૨૨/૦૮/૨૦૨૬ ને શનીવારનાં રોજ રાત્રે ૯:૦૦ કલાકે ધ્વજારોહણ સમિતિ દ્વારા વાજતે ગાજતે ધ્વજા યાત્રા રાખેલ છે.જે યાત્રા પણ સામાજીક સમરસતાનાં માધ્યમ સાથે દલીત સમાજ તથા વાલ્મીકી સમાજના બહેનો દ્વારા દાદાની ધ્વજા માથે ચડાવી શરૂઆત કરે છે. યાત્રાની અંદર અંદાજે એકાવન કરતાં વધારે સમાજીક સંસ્થાઓ તથા અનેક વિધ સમાજ પણ સાથે જોડાઈ છે. યાત્રા કિશોરસિંહજી સ્કુલથી શરૂ થઈ ગરૂડ ગરબી ચોકથી અમનાથપરા મેઈન રોડ પરથી પસાર થઈ રામનાથ મહાદેવ મંદિરે પુર્ણ થશે, આ રસ્તામાં ઠેર ઠેર ધ્વજા યાત્રાનું નેપાળી સમાજ જેમના ઈષ્ટદેવ ભગવાન પશુપતીનાથ મહાદેવ જેઓ બહોળી સંખ્યામાં જોડાય છે, બડા બજરંગ ફાઉન્ડેશન તેમજ તેના તમામ સભ્યો, ગરૂડ ગરબી મંડળ, મામા સાહેબ ચેરીટેબલ ટ્રસ્ટ, અંબિકા ગ્રુપ કરણપરા, કોઠારીયબનાકા મિત્ર મંડળ, ભરવાડ સમાજ, રાજપૂત સમાજ, ઓડ સમાજ, કોળી સમાજ, વગેરે સમાજ અને જુદી-જુદી સંસ્થાઓ દ્વારા હર્ષભેર સ્વાગત કરવામાં આવશે,યાત્રાની વિશેષ માહીતી માટે નિલેષભાઈ વોરા મો. ૯૮૨૪૨ ૮૫૪૫૫ સંપર્ક કરવાનો રહેશે આ યાત્રાને સફળ બનાવવા માટે કોર કમીટીનું આયોજન કરેલ છે. જેમાં ભરતભાઈ ત્રિવેદી, વિનય જોશી, કિરીટભાઈ, પાર્થ કાપડી, પ્રણવ દવે, સંજય વાઘેલા, ધનેરા જીવરાજાની, વિક્રમ નેપાળી, યશભાઈ રાઠોડ, ભરતભાઈ મહેતા અને યાત્રામાં જોડાવા માટે રાજકોટની ધર્મપ્રેમી જનતા શ્રી રામનાથ મહાદેવ ધ્વજા રોહમ સમિતિ દ્વારા આમંત્રણ પાઠવેલ છે.

# પુજીત વિજયભાઈ રૂપાણી ટ્રસ્ટ દ્વારા ડાયાબિટીસ અને આંખના રોગ માટે નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન

### રવિવારે યોજાનારા નિઃશુલ્ક કેમ્પ અને બેતાળા ચશ્મા વિતરણનો લાભ લેવા ચેરમેન અંજલીબેન રૂપાણીની અપીલ



**અબતક,રાજકોટ**

માનવસેવાના અનેકવિધ કાર્યો કરતા પુજીત વિજયભાઈ રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ અંતર્ગત રવિવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ દરમ્યાન પુજીત વિજયભાઈ રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ, કિલ્લોલ, ૧-મયુરનગર, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન (પૂર્વઝોન) સામે, ભાવનગર રોડ, રાજકોટ ખાતે પુજીત વિજયભાઈ રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ તથા રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉનના સંયુકત ઉપક્રમે ડાયાબિટીસ તથા આંખના રોગોના નિઃશુલ્ક નિદાન કેમ્પ તથા આર.કે.જૈન ફાઉન્ડેશનના સહયોગથી જરૂરિયાતમંદ દર્દીઓને વાંચવાના (બેતાલા)ચશ્માંનું નિઃશુલ્ક વિતરણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આંખના રોગોના નિષ્ણાંત ડો.અનિમેષભાઈ ધ્રુવ, ડો.મનોજભાઈ ભટ્ટ, ડો.દર્શનભાઈ ભટ્ટ તથા ડો.અનુપ્રિયાબેન કોહલી ભટ્ટ, તેમજ ડાયાબિટીસના રોગોના નિષ્ણાંત ડો. બીરજુભાઈ મોરી અને ડો. હીરેનભાઈ વાઢીયા પોતાની સેવાઓ આપશે.

કેમ્પનું ઉદઘાટન આર.કે. જૈન ફાઉન્ડેશન તથા એ.વી.આર. વિક્રમ વાલ્વ્ઝ પ્રા. લિ.ના વિક્રમભાઈ જૈનના વરદ હસ્તે કરવામાં આવશે.

દરેક જરૂરિયાતમંદ દર્દીઓને પોતાના આરોગ્યની સુખાકારી માટે આ કેમ્પનો લાભ લેવા પુજીત વિજયભાઈ રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટનાં ચેરમેન અંજલિબેન વિજયભાઈ રૂપાણી દ્વારા અપીલ કરવામાં આવેલ છે. કેમ્પના આયોજનમાં ટ્રસ્ટના ચેરમેન અંજલિબેન રૂપાણીના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટના મેડીકલ કમિટી મેમ્બર્સ મહેશભાઈ ભટ્ટ, ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, ડો.નયનભાઈ શાહ, દિવ્યેશભાઈ અઘેરા, ગીતાબેન બિપીનભાઈ વસા, શૈલેષભાઈ લોટીયા, હરીશભાઈ શાહ, કેતનભાઈ મેસવાણી કાર્યશીલ છે. કેમ્પની વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫ દ્વાર સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયું છે.

# બોલબાલા ટ્રસ્ટ અને મનપા સંચાલિત રેનબસેરા દ્વારા નિરાધાર નારાયણભાઈ વસોયાની અંતિમ શ્વાસ સુધી માનવસેવા

### આશ્રય અને તબીબી સારવાર આપ્યા બાદ બોલબાલા ટ્રસ્ટે અંતિમવિધિ કરી અસ્થિ હરિદ્વાર કુંભ સુધી પહોંચાડ્યા

**અબતક, રાજકોટ**

મહાનગરપાલિકા નિર્મિત અને બોલબાલા ટ્રસ્ટ સંચાલિત રેનબસેરામાં ૨૦૨૪થી ૨૦૨૬ દરમિયાન અનેક નિરાધાર અને જરૂરિયાતમંદ વૃદ્ધોને આશ્રય તેમજ સેવા મળી છે. રસ્તા પરથી મળેલા વૃદ્ધ નારાયણભાઈ વસોયાને રેનબસેરામાં આશ્રય આપવામાં આવ્યો હતો. અહીં વકીલ સાહેબ તથા અન્ય વિભાગોના સહયોગથી તેમના જીવનના અંતિમ દિવસો સુધી ભોજન, નાસ્તો, દવાઓ, હોસ્પિટલ સારવાર તેમજ ઈમરજન્સી સેવાઓ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવી હતી.

નારાયણભાઈના અવસાન બાદ પણ બોલબાલાની સેવા અટકી ન હતી. ટીમ દ્વારા પોસ્ટમોર્ટમ, સબવાહિની અને સ્મશાનવિધિની તમામ જવાબદારી નિભાવવામાં આવી હતી.

ઉપરાંત, તેમની અસ્થિઓને હરિદ્વાર કુંભ સુધી પહોંચાડવાની સેવા પણ કરાઈ હતી. સંસ્થા દ્વારા નારાયણભાઈના પરિવારની શોધખોળ કરીને જરૂરી કાગળો, ફોટોગ્રાફ્સ અને વિડિયો સહિતની તમામ વિગતો પરિજનોને સોંપવામાં આવી હતી.

આ સમગ્ર સેવાયાત્રામાં બોલબાલા ટ્રસ્ટના જયેશ ઉપાધ્યાય અને સંગીતાબેનની ટીમ સાથે સ્ટાફના પ્રથમેશભાઈ, ઈન્દ્રભાઈ, મુકેશભાઈ, રાજેશ્વરીબેન, પ્રધ્યુમનભાઈ તથા આશ્રયસ્થાનના અન્ય લાભાર્થીઓએ પોતાનું યોગદાન આપ્યું હતું.

# રાજકોટમાં ડેબિટ કાર્ડ પર લોનના ધંધામાં રોકાણના નામે રૂ.૯.૬૧ કરોડની ઠગાઈ

## ભાડુઆતના શાળા હાર્દિક તન્નાએ ડેબિટ કાર્ડ પર પ્રિએપ્રુવ્ડ લોનમાં રોકાણ કરી ૧૦% વળતર મેળવવાની લાલચ આપી ફેબ્રીકેશનના ધંધાર્થી યુવાનને ફસાવ્યો, શરૂઆતમાં સમયસર વળતર આપી વિશ્વાસ કેળવ્યો

## યુવાને અલગ અલગ પર્સનલ લોન, મકાન ગીરવે મૂકી મોર્ગેજ લોન, સગા સંબંધીઓ પાસેથી નાણાં મેળવી ઠગને રૂ. ૭.૭૩ કરોડ આપ્યાઃ મિત્રોએ પણ રૂ.૧.૮૮ કરોડનું રોકાણ કર્યુ

## રૂ.૯.૬૧ કરોડના રોકાણ સામે ગઠીયાએ રૂ.૩.૬૧ કરોડનું વળતર ચૂકવી બાકીના નાણાંનું બુચ મારી દીધુંઃ યુની. પોલીસે હાર્દિક તન્ના વિરુદ્ધ જીપીઆઈડી એક્ટ હેઠળ ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

શહેરમાં રોકાણ કરી ૧૦% વળતર મેળવવાની લ્હાયમાં ૧૧ લોકો સાથે કરોડોની છેતરપિંડી આચરી લેવામાં આવી છે. હાર્દિક તન્ના નામના શખ્સે ડેબિટ કાર્ડ પર પ્રિએપ્રુવ્ડ લોનના ધંધામાં રોકાણ કરી ૧૦% વળતર આપવાની લાલચે સાળાના મકાન માલિકને ફસાવી રૂ. ૨.૭૦ કરોડ મેળવી લીધા હતા. જેની સામે વળતર ચૂકવી હાર્દિક તન્નાએ વિશ્વાસ સંપાદન કરતા યુવાને સગા સંબંધીઓ પાસેથી રૂ. ૫.૦૩ કરોડ મેળવી ઠગને આપ્યા હતા. જયારે યુવાનના મિત્રોએ પણ રૂ. ૧.૮૮ કરોડનું રોકાણ કર્યું હતું. જે તમામ રકમ ગઠિયો ઓળવી જતાં અંતે રોકાણકારો પોલીસના શરણે પહોંચ્યા હતા. સમગ્ર મામલામાં યુનિવર્સીટી પોલીસે જીપીઆઈડી એક્ટની કલમો હેઠળ ઠગ હાર્દિક તન્ના વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

રાજકોટના કોઠારીયા રોડ પર આનંદનગર કોલોની બ્લોક નં.-૩૧ માં રહેતા સાગરભાઈ રાજેશભાઈ મોરવાડીયા નામના યુવાને આરોપી તરીકે હાર્દિક તુલસીદાસભાઈ તન્ના (રહે. ગોલ્ડન પોરટિક ટાવર, ડી-૧૦૦૨, માધાપર ચોકડી, રાજકોટ)નું નામ આપતાં યુનિવર્સીટી પોલીસે ધ ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટ્રેસ ઓફ ડિપોઝિટર્સ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

**ભાડુઆતના બનેવીએ ૧૦% વળતરની લાલચ આપી ફસાવ્યા**

યુવાને ફરિયાદમાં જણાવ્યુ હતું કે, હું મારા બનેવી હિરેનભાઈ સાથે તેમના ફેબ્રીકેશનના ધંધામાં નોકરી કરુ છું. હું અગાઉ શ્રી હરી ઈન્ડ. એરિયામાં શિવમ એન્ટરપ્રાઈઝ નામે હાર્ડવેરનું કારખાનું ધરાવતો હતો. મરે આઈસીઆઈસીઆઈ અમે કોટક બેંકમાં એકાઉન્ટ છે. જયારે મારી પાસે અલગ અલગ નવ બેંકના ક્રેડિટ કાર્ડ છે. ગઈ તા.૨૨/૦૧/૨૦૨૨ અમારા મકાનમા નૈમિષભાઈ નગદીયા ભાડેથી રહેતા હતા. નૈમિષભાઈ નગદીયાના સગા બનેવી હાર્દિક તુલસીદાસભાઈ તન્ના અવારનવાર તેમના ઘરે આવતા હોવાથી તેની સાથે પરિચય થયો હતો. મારે આ હાર્દિક તન્ના સાથે પરીચય થયેલ હતો. ત્યારે હાર્દિક તન્ના ફર્નિચરની દુકાનમાં નોકરી કરતો હતો. વર્ષ ૨૦૨૨ ના ઓકટોબર મહિનામાં હાર્દિકે મારી પાસે રૂ. ૧ લાખ ઉછીના માંગ્યા હતા પણ મે ના પાડી દીધી હતી. ત્યારે હાર્દિક તન્નાએ વાત કરેલ કે, હું ફર્નિચરની દુકાનમાં નોકરીની સાથોસાથ ડેબિટકાર્ડ પર પ્રિએપ્રુવ્ડ લોનનું કામ પણ કરુ છું. બાદ ડેબીટકાર્ડ ઉપર પ્રિએપૂવ લોન અંગેની વિગતવારની સ્કીમ સમજાવેલ હતી. તેણે કહેલ કે, ડેબીટ કાર્ડ ઉપર પ્રિએપ્રુવ લોન થાય છે, જેમા કોઈને વસ્તુ ના લેવી હોય અને રોકડા રૂપીયાની જરૂરત હોય તો લોનની રકમના ૮૦% રોકડા કસ્ટમરને આપવાના અને ૨૦% મારૂ કમિશન થાય છે. જો તમે મને ૮૦ હજાર રોકાણ અર્થે આપો તો હું તમને દસ દિવસમાં ૧૦% વળતર સાથે ૯૦ હજાર ચૂકવીશ તેમ જણાવતા મે હાર્દિક તન્નાને પ્રથમ રૂ. ૮૦ હજાર આપેલ હતા. દસ દિવસ બાદ અત્યારે ધંધામાં સારુ વળતર મળે છે, જેથી તમે પણ ૨૦% વળતર રાખો તેમ કહી હાર્દિકે રૂ. ૧ લાખ મને પરત આપેલ હતા. બાદ મે દોઢ લાખ આપતાં દસ દિવસ પછી હાર્દિકે ૨૦% વળતર સાથે રૂ. ૧.૮૦ લાખ પરત આપતા મને વિશ્વાસ બેસી ગયો હતો.

**યુવકે અલગ અલગ પર્સનલ લોન, મોર્ગેજ લોન અને બચતના નાણાંમાંથી રૂ. ૨.૭૦ કરોડનું રોકાણ કર્યું**

ત્યારબાદ યુવાને કટકે કટકે અલગ અલગ રકમ રોકાણ પેટે આપેલ હતી. ત્યારે હાર્દિકે કહેલ કે, મારે ધંધામાં હમણાં વધુ નાણાંની જરૂરિયાત હોવાથી તમને હમણાં હું દર મહિને માત્ર ૧૦% વળતર ચૂકવીશ, તમારી મૂડી મારી પાસે જમા રહેશે. હાર્દિકે વધુ રોકાણ કરવાનું કહેતા યુવાને કોટક બેંકમાંથી રૂ. ૩ લાખની, આઈડીએફસી બેંકમાંથી રૂ. ૧.૨૦ લેકખ, આઈસીઆઈસીઆઈ બેંકમાંથી રૂ. ૪.૫૩ લાખ મળી કુલ રૂ. ૯.૦૬ લાખની પર્સનલ લોન અને આઈસીઆઈસીઆઈ બેંકમાં મકાન મોર્ગેજ કરી રૂ. ૭ લાખ હાર્દિકને આપેલ હતા. બાદ પ્રિફર નામની એપ્લિકેશનમાંથી રૂ.૧.૮૦ લાખની લોન મેળવી તેમજ મારી બચતના નાણાં મળી કુલ રૂ. ૨,૭૦,૦૩,૭૯૧ હાર્દિક તન્નાને રોકાણ પેટે આપેલ હતા.

**યુવાને રૂ. ૭.૭૩ કરોડનું રોકાણ કર્યું, સામે રૂ. ૩.૬૧ કરોડનું વળતર મળ્યું**

ઓક્ટોબર-૨૦૨૩ માં હાર્દિક તન્નાએ શીતલપાર્ક સર્કલ પાસે આવેલ આર.કે, વર્લ્ડ ટાવર ખાતે ઓફિસ નં.૫૧૯ ખાતે દ્વારકાધીશ એન્ટ્રરપ્રાઈઝં નામથી ઓફિસ શરૂ કરેલ હતી. જેના ઓપનિંગમાં હું અને મારા મિત્રો મહેશભાઈ શંભુભાઈ બોઘરા, કૌટુબિક ભાઈ હાર્દિક પરસોત્તમભાઈ મોરવાડીયા, અભિજીતભાઈ મહેશભાઈ મોરવાડીયા ગયેલ હતા. દરમિયાન હાર્દિકએ મને રોકડમા વધુ રૂપીયાની જરૂરત હોવાનું જણાવતા મે મારા મોટા બાપુ ગીરીશભાઈ રમણીકલાલ મોરવાડીયા પાસેથી અલગ અલગ સમયે કટકે કટકે રોકડા રૂ.૬૧,૭૫,૦૦૦, મોટા બાપુના દિકરા પ્રફુલભાઈ પરસોત્તમભાઈ મોરવાડીયા પાસેથી અલગ અલગ સમયે કટકે કટકે રોકડા રૂ.૩૫,૫૦,૦૦૦, હાર્દિકભાઈ પરસોત્તમભાઈ મોરવાડીયા પાસેથી અલગ અલગ સમયે કટકે કટકે રોકડા રૂ. ૮૦,૯૦,૦૦૦, કાકાના દિકરા અભિજીતભાઈ મહેશભાઈ મોરવાડીયા પાસેથી અલગ અલગ સમયે કટકે કટકે રોકડા રૂ. ૧,૧૦,૬૦,૦૦૦, બનેવી હિરેનભાઈ ધીરૂભાઈ મુળાસીયા પાસેથી રૂ.૧૫,૩૦,૦૦૦, બનેવી મનીષભાઈ જેન્તીભાઈ વીરડીયા પાસેથી રૂ.૧,૯૯,૧૦,૦૦૦/- મળીને કુલ રૂ૫,૦૩,૧૫,૦૦૦ મે મારા સગા સબંધીઓ પાસેથી ઉછીના લઈને હાર્દિક તન્નાને આપેલ હતા. જેથી મે કુલ રૂ. રૂ.૭,૭૩,૧૮,૭૯૧ હાર્દિક તન્નાને રોકાણ અર્થે આપેલ હતા. મે કરેલ રોકાણ રકમ સામે હાર્દિક તન્નાએ તેના બેંક ખાતા મારફતે મારા બેંક ખાતામા રૂ.૩,૬૧,૮૭,૩૫૮ વળતર પેટે આપેલ હતા.

**ફરિયાદીના મિત્રોએ પણ રૂ. ૧.૮૮ કરોડ હાર્દિકને રોકાણ પેટે આપ્યા**

મારા સિવાય મારા મિત્રો જેમા મયંક અનીલભાઈ રાઠોડએ રૂ. ૧૧,૫૭, ૭૦૧, મહેશભાઈ શંભુભાઈ બોઘરાએ રૂ.૯૨,૧૫,૦૦૦, રવિભાઈ દિનેશભાઈ પરમારએ રૂ.૮૫,૦૦,૦૦૦ મળી કુલ રૂ. ૧,૮૮, ૭૨,૭૦૧ હાર્દિક તન્નાને રોકાણ પેટે આપેલ હતા. છે. મારા મિત્ર અભિષેક નરેશભાઈ દુદકીયાએ પણ રોકાણ કરેલ છે પરંતુ તેણે હાર્દિક તન્ના પાસે કેટલા રૂપીયાનુ રોકાણ કરેલ છે તેની મને ખબર નથી.

**યુવાન, તેના સગા સંબંધી અને મિત્રો પાસેથી રૂ. ૯.૬૧ કરોડ મેળવી હાથ ઉંચા કરી દીધાઃ** આ રીતે યુવાને અલગ અલગ લોન, સગા સંબંધીઓ પાસેથી ઉછીના નાણાં લઈ હાર્દિક તન્નાને રોકાણ પેટે રૂ.૭,૭૩,૧૮,૭૯૧ આપેલ હતા. જયારે યુવાનના મિત્રોએ રૂ.૧,૮૮, ૭૨, ૭૦૧ નુ રોકાણ મળી કુલ રૂ.૯,૬૧,૯૧,૪૯૨ નુ રોકાણ કર્યું હતું. જેની સામે હાર્દિક તન્નાએ મને બેંક મારફતે વળતર પેટેના રૂ.૩,૬૧,૮૭,૩૫૮ આપેલ હતા. જ્યારે મૂડી પેટે આપેલ રકમ રૂ. ૯,૬૧,૯૧,૪૯૨ રકમ ઓળવી ગયો હતો. અવાર નવાર સંપર્ક કરવા છતાં તેણે પૈસા પરત આપ્યા ન હતા.

### કોણે કેટલા રૂપિયા ગુમાવ્યા?

સાગરભાઈ મોરવડિયા : રૂ. ૨.૭૦ કરોડ
ગીરીશભાઈ મોરવાડીયા : રૂ.૬૧.૭૫ લાખ
પ્રફુલભાઈ મોરવાડીયા : રૂ.૩૫.૫૦ લાખ
હાર્દિકભાઈ મોરવાડીયા : રૂ.૮૦.૯૦ લાખ
અભિજીતભાઈ મોરવાડીયા : રૂ.૧.૧૦ કરોડ
હિરેનભાઈ મુળાસીયા : રૂ.૧૫.૩૦ લાખ
મનીષભાઈ વીરડીયા : રૂ.૧.૯૯ કરોડ
મયંક રાઠોડ : રૂ.૧૧.૫૭ લાખ
મહેશભાઈ બોઘરા : રૂ.૯૨.૧૫ લાખ
રવિભાઈ પરમાર : રૂ.૮૫ લાખ
અભિષેક દુદકીયાઃ રોકાણની રકમનો ખ્યાલ નથી

# પ્રેમલગ્ન કર્યા બાદ પતિએ છૂટાછેડા વિના જ અન્ય સ્ત્રી સાથે લગ્ન કરી લીધા

## મુસ્લિમ મહિલાએ ધર્મ પરિવર્તન કરી કાના ટોયટા સાથે પ્રભુતામાં પગલાં માંડ્યા'તા પુત્રીનો જન્મ થતાં સંતાન મારૂ નથી કહી પતિએ માથાકૂટ કરી, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરના વેલનાથપરામાં રહેતી પરિણીતાએ મહિલા પોલીસ મથકમાં પતિ વિરુદ્ધ ફરીયાદ નોંધાવી છે. મુસ્લિમ સમુદાયની મહિલાએ કાના ટોયટા નામના શખ્સ સાથે પ્રેમ લગ્ન કર્યા બાદ પતિએ તેણીની જાણ બહાર જ બીજી સ્ત્રી સાથે લગ્ન કરી લીધા હતા. વધુમાં પરિણીતાએ પુત્રીને જન્મ આપતાં સંતાન મારૂ નથી કહી પતિએ માથાકૂટ કરી હતી. અંતે પરિણીતાએ ફરિયાદ નોંધાવી હતી.

બનાવની મળતી વિગત મુજબ મોરબી રોડ પર વેલનાથપરા શેરી નં.૨૮માં રહેતા હીનાબેન કાના ટોયટા ઉર્ફે કિરણ કારેઠા(ઉ.વ.૩૧)એ મહિલાએ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં કોટેચા ચોક પાસે, વૃંદાવન સોસાયટીમાં રહેતા પતિ કિરણ રમેશભાઈ કારેઠા ઉર્ફે કાના ટોયટાનું નામ આપ્યું છે.

તેણીના પ્રથમ લગ્ન ૨૦૧૦માં ઈકબાલભાઈ લાડલા સાથે થયા હતા. બે પુત્રના જન્મ બાદ ૨૦૧૪માં બંનેના છૂટાછેડા થતા હીનાબેનનો કાના ટોયટા સાથે પરિચય થતા મિત્રતા થઈ હતી અને જે પ્રેમસંબંધમાં પરિણમી હતી. ૨૦૧૫માં ચોટીલા ચામુંડા માતાના મંદિરે અને વાંકાનેર મેલડી માતાના મંદિરે તેમજ અજમેર દરગાહે પણ બંનેએ પતિ-પત્ની તરીકે એકબીજાનો સ્વીકાર કર્યો હતો.

જો કે, સમય જતાં લગ્નજીવનમાં વિવાદો શરૂ થયા હતા અને વર્ષ ૨૦૨૩માં કાયદેસરના છૂટાછેડા મેળવ્યા વગર જ પતિએ અન્ય યુવતી સાથે બીજા લગ્ન કરી લીધા હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત, પુત્રીના જન્મ સમયે સંતાન પોતાનું ન હોવાની શંકા રાખી પતિ દ્વારા અવારનવાર ઝઘડા અને માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાથી અંતે ભોગ બનનાર મહિલાએ ન્યાય મેળવવા માટે કાયદેસરની પોલીસ ફરિયાદનો સહારો લીધો છે. લગ્ન જીવન દરમિયાન વર્ષ ૨૦૧૮માં પુત્રનો જન્મ થયો ત્યારે કાનાએ બાળક પોતાનું ન હોવાનું કહી વિવાદ સર્જ્યો હતો. એ સમયે પણ ઝગડો થતા મહિલાએ પોલીસ સ્ટેશનમાં અરજી કર્યા બાદ બંને વચ્ચે સમાધાન થતાં ફરીથી સાથે રહેવા લાગ્યા હતા. ૨૦૨૦માં પુત્રીનો જન્મ બાદ બીજા પુત્રનો જન્મ થયો પણ બંનેનું જન્મતા જ મૃત્યુ થયું હતું. ત્રણેય બાળકોના જન્મ-મરણ પ્રમાણપત્રમાં પિતા તરીકે કાના ટોયટાનું નામ છે. વર્ષ ૨૦૨૩માં કાનાની બહેન અનુબેને છૂટાછેડા લેવા દબાણ કર્યું હતું. ત્યારે ઘરમાં માથાકૂટ કરતા અનુબેને ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ બધી માથાકૂટ થતી હોવાથી કંટાળી છૂટાછેડા લેવાનું નક્કી કર્યું હતું અને ૨૯ મેના રોજ કાનાએ જૂની કોર્ટમાં નોટરી મારફતે છૂટાછેડાનું લખાણ કરાવ્યું હતું. જોકે કોર્ટમાંથી કાયદેસર છૂટાછેડાનો હુકમ થયો ન હતો. બાદમાં કાનાએ બીજી યુવતી સાથે લગ્ન કર્યા હોવાની જાણ થતાં પોતાની સાથે છૂટાછેડા કર્યા વગર અન્ય સ્ત્રી સાથે લગ્ન કેવી રીતે કરી શકે સહિતના મુદ્દે પતિ સામે કરેલી ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

# સયાજી હોટલ નજીક યુવાને આર્થિક ભીંસથી કંટાળી ફિનાઈલ ગટગટાવ્યું

## ધંધો ચાલતો ન હોવાથી પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તારણઃ સારવાર હેઠળ

**અબતક, રાજકોટ**

શહેરના સાયાજી હોટલ કાલાવડ રોડ પાસે રહેતા ૨૫ વર્ષે યુવાને આર્થિકભીંસ થી કંટાળી ને ફિનાઈલ પી લેતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ઘટનાની જાણ થતા એ ડિવિઝન પોલીસ સ્ટેશન મથકનો સ્ટાફ દોડી ગયો હતો. આ અંગે મળતી માહિતી મુજબ શહેરના કાલાવડ રોડ પર સાયાજી હોટલ પાસે રહેતા આશિષભાઈ ભીખુભાઈ રાઠોડ ઉંમર વર્ષ ૨૫ વર્ષે યુવાને ગઈકાલ બપોરે ૪ વાગ્યે આસપાસ સમયે ધંધો ચાલતો ન હોવાથી આર્થિક ટેન્શન આવીને ફીનાઈલ પી લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો

ઘટનાની જાણ થતા એ ડિવિઝન પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો આ અંગે યુવકને કામધંધો ચાલતો ન હોવાથી આર્થિકભીસથી કંટાળી ને આપઘાતનો પ્રયાસ કર્યા હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે આ અંગે એ ડિવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઇ રમેશભાઈ ચૌહાણ એ વધુ તપાસ હાથ ધરી છે.

# પાંજરાપોળ નજીક તુલસી જવેલર્સમાંથી રૂ.૧.૩૦ લાખના ચાંદીના ઘરેણાંની ચોરી

## દુકાનના દરવાજાનો નકુચો તોડી તસ્કર પ્રવેશ્યાઃ ૭૦૦ ગ્રામ ચાંદીના દાગીના ઉઠાવી ફરાર થઈ જતાં બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ આદરી

**અબતક, રાજકોટ**

ભાવનગર રોડ પર પાંજરાપોળ નજીક આવેલ જવેલર્સ પેઢીમાં તસ્કરો ત્રાટક્યાં હતા. તુલસી જવેલર્સ પેઢીના દરવાજાનો નકુચો તોડી રૂ. ૧.૩૦ લાખની કિંમતના ચાંદીના ઘરેણાં ચોરી તસ્કર ફરાર થઈ ગયા હતા. જે મામલે બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી તસ્કરની શોધખોળ આદરી છે. ભાવનગર રોડ પર પાંજરાપોળ નજીક ભીમા કોઠીયા શેરીમાં રહેતા ૪૫ વર્ષીય વેપારી હરેશભાઈ માવજીભાઈ મેથાણીયાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું પાંજરાપોળ મેલડી માતાજીના મંદિર પાસે રાધે-શ્યામ ચોક ખાતે તુલશી જવેલર્સ નામથી દુકાન ધરાવી એક વર્ષથી ચાંદીકામનો વ્યવસાય કરૂ છું.

ગઈ તા.૨૩/૦૭/૨૦૨૬ ના રોજ સાંજના સાડા નવ વાગ્યે હું મારી દુકાનને તાળું મારીને મારા ઘરે ગયેલ હતો. જે બાદ બીજા દિવસે તા.૨૪/૦૭/૨૦૨૬ ના રોજ સવારના આશરે દશ વાગ્યે દુકાને પહોંચતા દુકાનના દરવાજાનો નકુચો તૂટેલી હાલતમાં જોવા મળ્યો હતો. બાદ દુકાનમાં જઈ જોતા બધો સામાન અસ્ત વ્યસ્ત હાલતમાં પડેલ હતો. દુકાનની અંદર ઉતર દિશાની દીવાલે આવેલ કાચની ડીસ્પ્લેમાં રાખેલ ચાંદીની વસ્તુઓ જેમાં બે માળા, એક જુડો, પગની માછલી, ચાર જોડી પાયલ મળી આશરે ૭૦૦ ગ્રામ ચાંદીના દાગીના મળી આવેલ ન હતા.જે મામલે વેપારીએ બી ડિવિઝન પોલીસ મથકે રૂ. ૧.૩૦ લાખની કિંમતના ૭૦૦ ગ્રામ વજનના ચાંદીના ઘરેણાંની ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી. બી ડિવિઝન પોલીસે સમગ્ર પ્રકરણમાં ગુનો નોંધી તસ્કરની શોધખોળ આદરી છે.

# મેફેડ્રોન ડ્રગ્સના ગુનામાં ફરાર અરસદ બેલીમ રેસકોર્સ પાસેથી પકડાયો

## દુષ્કર્મના ગુનામાં વચગાળાના જામીન મેળવી ભૂગર્ભમાં ઉતરી ગયેલો રણછોડ નાયક અંજારથી ઝડપાયોઃ પેરોલ ફર્લો સ્કવોડની કામગીરી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર પેરોલ ફર્લો સ્કોડે મેફેડ્રોન ડ્રગ્સના ગુનામાં ફરાર અરશદ બેલીમને રેસકોર્સ નજીકથી પકડી પાડ્યો હતો. જયારે દુષ્કર્મના ગુનામાં રાજકોટ જેલમાંથી વચગાળાના જામીન મેળવી ભૂગર્ભમાં ઉતરી ગયેલો રણછોડ નાયક અંજારથી ઝડપાયો હતો.



જાણવા મળતી વિગતો મુજબ, ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા પેરોલ જમ્પ તથા નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા માટે સૂચના આપવામાં આવી હોય જેને લઈ રાજકોટના પેરોલ ફર્લો સ્કર્વોડના પીઆઈ બી.બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એસ.બી. ધાસુરા તથા ટીમ તપાસમાં હતી. દરમિયાન યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એનડીપીએસના કેસમાં ફરાર આરોપી અર્ષદ ઉર્ફે હર્ષદ શાહબુદ્દીનભાઈ બેલીમ (ઉ.વ.૨૬ રહે. રાજસીટી એપાર્ટમેન્ટ પહેલો માળ કિસાનપરા શેરી નંબર ૩ બાલભવન સામે) ને તેના ઘર નજીક રેસકોર્સ રીંગરોડ પાસે કેપિટલ હોટલ નજીકથી ઝડપી લઈ યુનિવર્સિટી પોલીસના હવાલે કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈ તારીખ ૩૦-૬- ૨૦૨૬ ના યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ૩ ગ્રામ એમ.ડી ઝડપાયા અંગે સુનિલ અનંતભાઈ પ્રસાદ સામે ગુનો નોંધાયો હતો. આરોપીની પૂછતાછ કરતા સપ્લાયર તરીકે અરશદનું નામ ખુલ્યું હતું બાદમાં તે ફરાર હતો.પેરોલ ફર્લો સ્કર્વોડની ટીમે અન્ય એક કામગીરીમાં રાજકોટ મધ્યસ્થ જેલમાંથી વચગાળાના જામીન પર છુટયા બાદ ફરાર થઈ ગયેલા કેદી રણછોડ ઉર્ફે ભરત દાનાભાઈ નાયક (ઉ.વ.૫૦ રહે. ભવાનીપુર પરમેશ્વર દાદાના મંદિર પાસે તા. અંજાર) ને અંજારના ભવાનીપુર ગામ પાસેથી ઝડપી લઈ રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે કર્યો હતો.

આ કામગીરીમાં એએસઆઈ જહીરભાઈ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ રાજદિપસિંહ ચૌહાણ, સિરાજભાઈ ચાનીયા, રોહિતભાઈ કછોટ, અંકિતભાઈ નિમાવત, કોન્સ્ટેબલ અમીનભાઈ ભલુર, કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મુળીયા અને દોલતસિંહ રાઠોડ સાથે રહ્યા હતા.

### જાહેર નોટિસ ઉપલેટા

આથી હું નીચે સહી કરનાર દલ રેહમતબેન ઉર્ફે રેમતબેન યુનિશભાઈ આ અગાઉ મારા પિયરનું નામ રેહમતબેન ઉર્ફે રેમતબેન અબુભાઈ સાંધ હતું લગ્ન બાદ મારું નામ સાસરે દલ રેહમતબેન યુનિશભાઈ કરવામાં આવેલ છે તો આ બંને નામો મારા સાચા અને ખરા છે અને હું આ બંને નામોથી ઓળખાવ છું
સહી : અવાચ્ય

### ટચૂકડી જાહેરાત

આ ટચૂકડી જાહેરાતથી જણાવવાનું કે પદ્મકુંવરબા હોસ્પિટલ, પેલેસ રોડ, રાજકોટ ખાતે નીચે મુજબના સાધનોની વસ્તુઓની ખરીદી માટે ભાવ મંગાવવામા આવે છે.

| ક્રમ | મશીનનું નામ | કંપનીનું નામ | મશીનની બ્રાન્ડનું નામ | જરૂરી વસ્તુનું નામ |
|---|---|---|---|---|
| 1 | Audiogram | Arphi Electronic Pvt Ltd | 2001 | Air conduction Headphone for Adult (Big Size) |
| 2 | Bubble C-pap | Fisher Paykel | MR850AEU | - Nasal Cannula<br>- Wigglepad<br>- HFNC kit |

ઉપરોક્ત મશીનનો માટે જરૂરિયાત મુજબ દર્શાવેલ વસ્તુનાં નંગ-૧નાં GST (તમામ કરવેરા) સહિતના ભાવ ભરીને કચેરી ખાતે તા.૦૧/૦૯/૨૦૨૬ સાંજે ૧૮:૦૦ કલાક સુધીમાં સીલ બંધ કવર ઉપર "Audiogram & Bubble C-pap નાં ભાવો" એમ લખીને નીચે સહી કરનારના નામ જોગ ટપાલ/કુરિયરથી પહોંચતા કરવાના રહેશે.

અધિક્ષક
પદ્મકુંવરબા હોસ્પિટલ, રાજકોટ
માહિતી /રાજ /૭૧૦/૨૬/૨૭

The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : rcc.bank.in
Ph. : 0281-2238946
ગ્રાહકોના અતૂટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧
૨૫ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટનો આકર્ષક વ્યાજદર (તા.૦૧.૦૭.૨૦૨૫ થી અમલમાં)
6.50% જનરલ ડિપોઝીટર માટે
7.00% વરીષ્ઠ નાગરીકો માટે
૨૫ લાખ સુધીના સિક્યોર્ડ ધિરાણ
9.00% વ્યાજના રાહતદરે
વધુ માહિતી માટે સંપર્ક ધર્મેશ સિંહોયા 94093 29051 હિતેશ પટેલ 94294 72052
'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.



તંત્રી લેખ

# ગુજરાતમાં દારૂબંધીના કડક અમલમાં "ઉણપ": કઠોર વાસ્તવિકતા

ભાવનગરમાં બનેલી લઠ્ઠાકાંડની દુર્ઘટનાએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું છે અને મૃત્યુઆંક વધવાનો ભય હજુ પણ તોળાઈ રહ્યો છે. દારૂમાં ઝેરી કેમિકલ મેળવવાનું આ ઘાતક કારસ્તાન કદાચ અન્યત્ર પણ ચાલતું હશે, પરંતુ ગાંધી અને સરદારની ભૂમિ ગુજરાતમાં ''કાગળ પર સંપૂર્ણ દારૂબંધી'' અમલમાં છે. અહીં કાયદા મુજબ શરાબનું એક ટીપું પણ વેચાવું ન જોઈએ. તેમ છતાં, રોજ લાખો લીટર દેશી અને વિદેશી દારૂનું ગેરકાયદે ઉત્પાદન અને ખુલ્લેઆમ વેચાણ થાય છે અને વારંવાર આવા લઠ્ઠાકાંડ સર્જાય છે.

આ કરુણાંતિકા માટે માત્ર બુટલેગરો, દારૂ વેચનારાઓ કે પીનારાઓ એકલા જ જવાબદાર નથી. આ ભયાનક મોતના માતમ પાછળ દારૂબંધીના કડક અમલ માટે જવાબદાર આબકારી ખાતું (એક્સાઈઝ ડિપાર્ટમેન્ટ) અને પોલીસતંત્રની મિલીભગત ખુલ્લી પડે છે. જ્યારે રક્ષકો જ ભક્ષક બને, ત્યારે કાયદાની કાગળ પરની સખતાઈ માત્ર મજાક બની જાય છે તેવો કાયદા પ્રિય વર્ગનો આક્ષેપ સાવ અસ્થાને તો નથી જ.

જો ગુજરાતમાં નિર્દોષ નાગરિકોના ભોગ અટકાવવા હોય, તો માત્ર દારૂબંધીનો ઢોંગ કરવાના બદલે તેના કડક અને ઈમાનદારીપૂર્વક અમલની તાતી જરૂર છે. ભ્રષ્ટ અધિકારીઓ સામે દાખલારૂપ કડક પગલાં લેવાશે અને પોલીસ અને બુટલેગરોનું નેટવર્ક નેસ્તનાબૂદ થશે, તો જ ગુજરાતમાં સાચા અર્થમાં દારૂબંધી સુરક્ષિત થઈ શકશે.

રાજ્યમાં જ્યારે મોટી માત્રામાં દારૂ પકડાય છે ત્યારે અને ઝેરી દારૂ પીવાથી સર્જાતા લઠ્ઠા કાંડ બાદ તંત્ર આરંભે સુરાની જેમ દારૂની પ્રવૃત્તિ પર ધોસ બોલાવી દે, પણ પછી સ્મશાન વૈરાગ્ય ની જેમ બધું ભુલાઈ જાય છે દારૂબંધી વગરના રાજ્યોમાં નથી પીવા તો એટલો દારૂ ગુજરાતમાં બને છે અને પીવાઈ જાય છે, દારૂ પીનારા વર્ગમાં હવે મોટી ઉંમરના અને અસામાજિક વૃત્તિવાળા લોકો જ મર્યાદિત રહ્યા નથી હવે તો આ દુષણ સમાજ ના તમામ વર્ગમાં પ્રસરી ચૂક્યું છે જુના બંધાણી શરાબીઓ ની સંખ્યા ઘટવાના બદલે નવા શરાબીઓની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે દારૂના દુષણને નાખવા માટે કડક કાયદાની સાથે સાથે સામાજિક જાગૃતિ પણ અનિવાર્ય બની ચુકી છે.

# જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા ગુરૂવારે 'ગોપીકિશન' સ્પર્ધાનું આયોજન

## ગુરૂવારે મણીયાર હોલ ખાતે યોજાનારી આ સ્પર્ધા માટેના ફોર્મ મંગળવાર સુધી ભરી શકશે




**અબતક, રાજકોટ**

રાજકોટમાં જન્માષ્ટમી મહોત્સવ સમિતિ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા બાળકોમાં ભારતીય સંસ્કૃતિ અને શ્રીકૃષ્ણ પ્રત્યે ભક્તિભાવ કેળવાય તે હેતુથી ૨૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બપોરે ૨:૦૦ થી સાંજે ૭:૦૦ વાગ્યા દરમિયાન અરવિંદભાઈ મણીયાર હોલ ખાતે પરંપરાગત 'ગોપીકિશન સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું છે.૧૨ વર્ષ સુધીના બાળકો માટેની આ સ્પર્ધાના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૫ ઓગસ્ટ છે. વિજેતા બાળકોને શીલ્ડ, સન્માન પત્ર અને ઈનામો અર્પણ કરાશે, માર્ગદર્શક સમિતિના સભ્યો માવજીભાઈ ડોડિયાં, નરેન્દ્રભાઈ દવે, ભુપતભાઈ ગોવાણી, હસુભાઈ ભગદેવ, હસુભાઈ ચંદારાણા, શાંતુંભાઈ રૂપારેલીયા, પ્રતાપભાઈ કોટક, વનરાજભાઈ ગરૈયા, નીતેશભાઈ કથિરિયા અને અશોકભાઈ મકવાણા તેમજ સમિતિના અધ્યક્ષ રાજાભાઈ (વાવડી), ધર્મયાત્રા અધ્યક્ષ ધર્મેન્દ્રસિંહ વાળા, કાર્યકારી અધ્યક્ષ તિર્થરાજસિંહ ગોહિલ અને ઈનચાર્જ પરેશભાઈ રૂપારેલીયાની સર્વાનુમતીથી વિવિધ જવાબદારીઓની સોંપણી કરવામાં આવી છે. સ્પર્ધાના કન્વીનર તરીકે પૂર્વ મેયર નયનાબેન પેઢડીયા, કાર્યક્રમ ઈન્ચાર્જ તરીકે મિલનભાઈ કોઠારી, સહ કન્વીનર તરીકે રમાબેન હેરભા, જયભાઈ બોરીચા, કેતનભાઈ સંઘવી, હર્ષદભાઈ રૂપારેલીયા, જલ્પાબેન પતિરા, જીતાબેન દતાણી તથા કમિટી મેમ્બર તરીકે કાજલબેન દેસાઈની નિમણૂક કરાઈ છે.

# પં. દિનદયાલ શાળાના ભુલકાઓ સાથે ભોજન કરી ધારાસભ્ય રમેશ ટીલાળાએ આપ્યો સાદગીનો સંદેશ

## નવનિર્મિત મધ્યાહન ભોજન શેડનું લોકાર્પણ: વિદ્યાર્થીઓને સ્વચ્છ અને સુવિધાજનક ભોજન મળી રહેશે



**અબતક, રાજકોટ**

નગર પ્રાથમિકશિક્ષણ સમિતિ, રાજકોટ સંચાલિત પંડિતદીનદયાલ ઉપાધ્યાય પ્રાથમિક શાળાનંબર-૬૫ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ શાળાના નાના ભૂલકાઓ સાથે બેસીને મધ્યાહન ભોજન લીધું હતું.

બાળકો સાથે ભોજન દરમિયાન રમેશભાઈ ટીલાળાએ વિદ્યાર્થીઓસાથે પ્રેમભર્યો સંવાદ સાધ્યો હતો તેમજ તેમની સાથે હળવાશભરી વાતચીત કરી હતી. બાળકોની વચ્ચે એક સામાન્ય વ્યક્તિની જેમ બેસીને ભોજન કરવાના આપ્રસંગે તેમની સાદગી અને સંવેદનશીલતાની અનુભૂતિ સૌએ કરી હતી. શાળા પરિવાર અને ઉપસ્થિત અગ્રણીઓએ પણ આ પ્રસંગને આવકાર્યો હતો.

શાળાનાવિદ્યાર્થીઓ માટે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાની ગ્રાન્ટમાંથી નવનિર્મિત મધ્યાહનભોજન (એમડીએમ) શેડનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. નવનિર્મિત શેડના કારણે હવે વિદ્યાર્થીઓને વધુ સુરક્ષિત, સ્વચ્છ અને સુવિધાજનક વાતાવરણમાં મધ્યાહન ભોજન મળી રહેશે.

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે, શાળાના બાળકો આપણા સમાજનું ભવિષ્ય છે. તેમને સારું શિક્ષણ મળે તેની સાથે શાળામાં જરૂરી પાયાની સુવિધાઓ પણ ઉપલબ્ધ થાય તે એટલુંજ મહત્વનું છે.

બાળકો સાથે બેસીને મધ્યાહનભોજન કરવાનો અવસર મારા માટે આનંદ અને સંતોષની લાગણીનો પ્રસંગ રહ્યો. બાળકોની સાથે રહીને તેમની સાથે વાતચીત કરવાથી તેમની લાગણીઓ અને જરૂરિયાતોને વધુ નજીકથી સમજવાની તક મળે છે. શાળામાં નવનિર્મિત મધ્યાહન ભોજન શેડ વિદ્યાર્થીઓ માટે ઉપયોગી બનશે તેનો મને આનંદ છે.

# ફોજદારી એડવોકેટ ચીમન સાકરિયાનો જન્મદિવસ



ફોજદારી એડવોકેટ, શહેર બ્રહ્મદેવ સમાજના લીગલ એડવાઈઝર અને RBYCના ઉપપ્રમુખ ચીમનભાઈ સાકરિયાનો આજે જન્મદિવસ છે. સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા ચીમનભાઈ હંમેશા સમાજના કાર્યોમાં તન, મન અને ધનથી અવિરત સેવા આપવા માટે જાણીતા છે. તેમના જન્મદિવસ નિમિત્તે તેમનું જીવન સુખ, શાંતિ અને સમૃદ્ધિથી સભર રહે તેવી રાજેશ્વર દાદાના ચરણોમાં અભ્યર્થના વ્યક્ત કરવામાં આવી છે. તેમના જન્મ દિવસે સ્નેહીજનો, મિત્રો અને અગ્રણીઓ દ્વારા તેમના મો. નં. ૯૮૨૫૩૪૨૨૪૯ ઉપર જન્મદિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

# યુવા એડવોકેટ નૈમિષ જોષીનો આજે જન્મદિવસ



પટેલ લો ફર્મમાં પ્રેક્ટિસ કરતા યુવા ધારાશાસ્ત્રી એડવોકેટ નૈમિષ લલીતભાઈ જોષીનો આજે જન્મદિવસ છે. સેશન્સ કોર્ટ, સિવિલ કોર્ટ અને ફેમિલી કોર્ટમાં પોતાની ઉત્કૃષ્ટ પ્રતિભાથી અનેક લોકોને ન્યાય અપાવનાર નૈમિષભાઈ જોષી વકીલાત ક્ષેત્રે બહોળી પ્રતિષ્ઠા ધરાવે છે. બ્રહ્મસમાજ પરશુરામ યુવા સંસ્થા સાથે જોડાઈને વિવિધ સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં અમૂલ્ય યોગદાન આપી રહ્યા છે. તેમના જન્મદિવસ પ્રસંગે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પૂર્વ મેમ્બર દિલીપભાઈ પટેલ, પટેલ લો ફર્મના કલ્પેશ નસીત, અનિતા રાજવંશી, ઈશા કણઝારીયા સહિત રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ, હોદ્દેદારો, ભાજપના અગ્રણીઓ, કોર્પોરેટરો, સમાજના શ્રેષ્ઠીઓ, તબીબો અને મિત્રવર્તુળ દ્વારા તેમના મો.નં. ૮૧૪૦૩ ૬૩૨૬૩ ઉપર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

### પ્રાદેશિક માહિતી કચેરી આયોજીત

# કાળીપાટ ગામે લોક સાહિત્યકાર કૌશિક મહેતાએ લોક ડાયરાની જમાવટ કરી

## રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો પ્રચારપ્રસાર કરાયો




**અબતક, રાજકોટ**

પ્રાદેશિક માહીતી કચેરી ગાંધીનગર ધ્વારા રાજ્ય સરકારનાં ''સ્વચ્છ ભારત અભિયાન'' સેવાસેતુ ''સહિત સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના પ્રચાર-પ્રસાર અંગે ગ્રામ્ય કક્ષાનો લોકડાયરો તા.૧૯/૦૮/૨૦૨૬ ને બુધવારનાં રોજ રાજકોટ તાલુકાનાં કાળીપાટ ગામે સરકારી પ્રાથમિક સ્કુલનાં વિશાળ હોલમાં યોજાયેલ હતો. જેમાં સૌરાષ્ટ્ર-ગુજરાતનાં જાણીતા લોકડાયરાના પહાડી કંઠના ગાયક અને હાસ્ય લોકસાહિત્યકાર કાશિક મહેતા(ભૂ-દેવ), નાથુદાન ગઢવી અને તેમની ટીમ ધ્વારા લોકડાયરામાં ભારે જમાવટ કરી હતી.

આ લોકડાયરાના માધ્યમથી ગુજરાત સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહીતી જેમ કે સ્વચ્છ ભારત અભિયાન, સેવા સેતુ, મહિલા અને બાળ વિકાશ, શાળા પ્રવેશોત્સવ, આરોગ્ય તપાસથણી, સફાઈ કેળવણી, નિવ્યસન ભારત મુક્ત જેવી માહીતી જાહેર જનતાને આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમની ગોઠવણ, સફળતા માટે રાજકોટના માહીતી ખાતાના આસી.ડાયરેકટર ની પ્રિયંકાબેન પરમાર, સહાયક માહિતી નિયામક રાધાબેન વ્યાસે, માર્ગદર્શન આપેલ હતું. સરકારનાં પ્રતિનિધી તરીકે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ભા.જ.પ. પ્રવકતા રાજુભાઈ ધ્રુવ તથા એડવોકેટ (ધારાશાસ્ત્રી) દિલેશભાઈ જે. શાહે કાર્યક્રમની સફળતા માટે લોકગાયક કલાકાર કૌશિક મહેતાને અભીનંદન આપેલ.

# લોકસાહિત્ય સંસ્કૃતિ ગાન સાથે સનાતન પરંપરા યજ્ઞમાં આહુતિ અર્પતા માયાભાઈ આહીર

## શ્રાવણ માસે મૌન અનુષ્ઠાન સાથે બોરડા ગામે શિવ ઉપાસના કરાઈ



**અબતક, રાજકોટ**

લોકસાહિત્ય સંસ્કૃતિ ગાન સાથે માયાભાઈ આહિર સનાતન પરંપરા યજ્ઞ આહુતિ અર્પતા રહ્યાં છે. શ્રાવણ માસ દરમિયાન બોરડા ગામે મૌન અનુષ્ઠાન સાથે હોમાત્મક લઘુરુદ્ર દ્વારા શિવ ઉપાસના થઈ રહી છે.

ગોહિલવાડ સૌરાષ્ટ્રના લોકસાહિત્ય માટે પ્રસિધ્ધ માયાભાઈ આહિર શ્રાવણ માસ અને નવરાત્રીમાં પરમતત્વની સનાતન ઉપાસના કરતાં રહે છે. બોરડા ગામે શ્રાવણ માસ દરમિયાન મૌન અનુષ્ઠાન સાથે હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ દ્વારા શિવ ઉપાસના થઈ રહી છે અને તેઓ સૌનાં કલ્યાણની ભાવના વ્યક્ત કરતાં રહ્યાં છે. આ સાથે જ શકિત વંદના તથા શ્રી કૃષ્ણ વંદના પણ થઈ રહેલ છે.

### ૧૮ વર્ષની અવિરત સેવા પ્રવૃત્તિ

# સ્વામિનારાયણ ગુરૂકુળમાં ૫૦માં જ્ઞાનસત્રમાં દીકરીઓને ગૌરીપૂજનના ભાગરૂપે વિદ્યાસહાયની ભેટ



**અબતક, રાજકોટ**

સ્વામિનારાયણ ગુરુકુળ, મેમનગર ખાતે સુવર્ણ જયંતી નિમિત્તે ૫૦મો જ્ઞાનસત્ર અત્યંત ભવ્ય અને ઉત્સાહસભર વાતાવરણમાં ઉજવાઈ રહ્યો છે. આ મહોત્સવના ભાગરૂપે સંસ્થા દ્વારા અદ્ભુત અને ભાવસભર 'ગૌરી પૂજન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.સંસ્થાના અધ્યક્ષ માધવપ્રિયદાસજી સ્વામી તથા બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ છેલ્લા ૧૮ વર્ષથી આ પવિત્ર ગૌરી પૂજનનો કાર્યક્રમ નિરંતર યોજાઈ રહ્યો છે. અખંડ ભગવત પરાયણ જોગી સ્વામીની પવિત્ર સ્મૃતિમાં દર વર્ષે ૧૦૮ કરતાં પણ વધુ જરૂરિયાતમંદ દીકરીઓને વિદ્યા સહાય અર્પણ કરવામાં આવે છે. જેમ પવિત્ર શ્રાવણ માસમાં શિવપૂજનનું મહત્ત્વ છે, તે જ રીતે દીકરીઓને ગૌરી પૂજન રૂપે વિદ્યાસહાય અર્પણ કરીને સંસ્થા ભારે ગૌરવ અને ધન્યતા અનુભવે છે. ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં આ વિદ્યાસહાય મેળવીને અનેક દીકરીઓએ ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરી પોતાના ક્ષેત્રમાં ક્ષમતા અને ઉત્કૃષ્ટ સફળતા પ્રાપ્ત કરી છે.આ પ્રસંગે આશીર્વચન પાઠવતાં સ્વામીજીએ જણાવ્યું હતું કે, ''આપણા દેશની દીકરીઓ ગાર્ગી અને લોપામુદ્રા જેવા મહાન વિદુષી બને અને દેશની પ્રગતિમાં પોતાનું આત્મિક, આધ્યાત્મિક તથા પારિવારિક મૂલ્યવાન યોગદાન આપે તેવી અભ્યર્થના છે.''

આ રૂડા પ્રસંગે સુપ્રસિદ્ધ કથાવાચક જીજ્ઞેશ દાદાએ ખાસ ઉપસ્થિતિ આપી હતી. તેમણે સંસ્થાની આ શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિને બિરદાવી હતી તથા ઉપસ્થિત સૌ શ્રદ્ધાળુઓ અને વિદ્યા સહાય મેળવનાર દીકરીઓને શુભ આશીર્વાદ પાઠવ્યા હતા.

# પવિત્રા એકાદશી અને બારસે વૈષ્ણવાચાર્ય ગોસ્વામી પરાગકુમારજીના ગુરુપદે બ્રહ્મસંબંધ દીક્ષા અપાશે

## શ્રી સર્વોત્તમ હવેલી ખાતે આગામી રવિવાર અને સોમવારે આયોજન



**અબતક, રાજકોટ**

રાજકોટ સ્થિત શ્રી સર્વોત્તમ હવેલી ખાતે આગામી પવિત્રા એકાદશી અને પવિત્રા બારસના પાવન પર્વ નિમિત્તે બ્રહ્મસંબંધ દીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૩ અને તા. ૨૪ ઓગસ્ટના રોજ વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રીમાન પરાગકુમારજી મહોદયના ગુરુપદે બ્રહ્મસંબંધ દીક્ષા આપવામાં આવશે. રાજકોટના ગોંડલ રોડ પર પી.ડી.એમ. કોલેજ પાસે, અંબાજી કડવા પ્લોટ, ૬/૮ ખાતે આવેલી શ્રી સર્વોત્તમ હવેલીમાં બંને દિવસે સવારે ૦૯ બ્રહ્મસંબંધ દીક્ષાનો કાર્યક્રમ યોજાશે. બ્રહ્મસંબંધ ગ્રહણ કરવા ઈચ્છુક વૈષ્ણવો માટે નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૨૧ અને ૨૨ ઓગસ્ટ રહેશે. આ અંગે વધુ માહિતી તેમજ નામ નોંધણી માટે રઘુરાજ સિસોદિયા મો. ૯૩૭૬૯૪૭૧૩૧, પ્રકાશભાઈ મેંદપરા મો. ૯૮૨૫૨૨૭૬૦૧, હિરેન પટેલ મો. ૯૦૩૩૩૫૦૮૨૬, આશિષભાઈ વીશપરા મો. ૯૯૦૯૨૯૦૦૯૮ અને હરેન્દ્રભાઈ નથવાણી મો. ૯૮૨૪૪૧૭૦૧૮નો સંપર્ક કરી શકાશે.

# ગીત ગુર્જરીમાં કાલે ગર્ભાવસ્થામાં વિપશ્યના ધ્યાનનું મહત્વ પરિચય પ્રોગ્રામ

**અબતક, રાજકોટ**

ભારત ની અત્યંત પુરાની ધ્યાન પદ્ધતિ વિપશ્યના ધ્યાન-ગર્ભાવસ્થા સમયે ખૂબ ઉપયોગી થાય છે. માતા ની અંદરના બધા સંસ્કાર બાળક માં આવતા હોય છે. બાળક નું માનસ ૮૦% માતા નાં ગર્ભમાં જ તૈયાર થતું હોય છે. વિપશ્યના સાધના અંતરમન ની ગહરાઈ થી રાગ-દ્વેષ - મોહ - ભય - ઈર્ષા - ચિંતા ને સમાપ્ત કરે છે, પરિણામે ખૂબ કરુણા, ખૂબ મૈત્રી ખૂબ સમતા અને ખૂબ મુદિતા પુષ્ટ થાય છે જે નિતાંત આવશ્યક છે.

આ કાર્યક્રમ ૨૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સાંજે ૫ થી ૬:૧૫ સુધી રાજકોટના જૂના એરપોર્ટ રોડ સ્વામિનારાયણ મંદિરવાળી શેરીમાં ભાભા કૃપા ૩ ગીત ગુર્જરી ખાતે યોજાશે.

# આર.કે. યુનિવર્સિટીના જયદીપ પરમારેને પી.એચ.ડી પદવી મેળવી

**અબતક, રાજકોટ**

આર.કે. યુનિવર્સિટીના ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગમાં સહાયક પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા જયદીપ પ્રવીણભાઈ પરમારે સફળતાપૂર્વક પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે.જયદીપ પરમારે વિદ્યુત શક્તિ પ્રણાલીમાં જાળવણીની દશ્યતા વધારવા અને સમન્વિત માપન એકમોના સ્થાપનના ખર્ચ-લાભ વિશ્લેષણ વિષય પર સંશોધન કર્યું હતું. તેમના સંશોધનમાં વિદ્યુત પ્રણાલીની દેખરેખ, વિશ્વસનીયતા, સુરક્ષા અને વાસ્તવિક સમયના નિરીક્ષણ જેવા મહત્વપૂર્ણ પાસાઓનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેમના સંશોધન કાર્યમાં સહયોગી પ્રાધ્યાપક ડો. ચિરાગકુમાર પારેખનું માર્ગદર્શન મળ્યું હતું. જયદીપ પરમારે યુનિવર્સિટીના માર્ગદર્શન અને શૈક્ષણિક સહયોગ તેમજ પરિવારના સતત પ્રોત્સાહન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, પીએચ.ડી.ની સફર ધીરજ, સતત પ્રયત્નો અને અનેક લોકોના સહયોગથી પૂર્ણ થતી જીવનયાત્રા છે. તેમની આ સિદ્ધિ આર.કે. યુનિવર્સિટી તથા ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગ માટે ગૌરવની બાબત બની છે.

# મહાબલીપુરમમાં જશરાજજી મ.સા.ની સારવાર કરનાર ડો. હરિત કામદારનું સન્માન

**અબતક, રાજકોટ**



ચૈન્નઈથી ૭૫ કિલોમીટર દૂર મહાબલીપુરમમાં બિરાજમાન ગોંડલ ગચ્છ શિરોમણી જશરાજજી મ.સા.ની સારવાર અર્થે હરેશભાઈ વોરાની ભાવનાથી રાજકોટના ડો. હરિતભાઈ અને ડો. પરિચિતભાઈ કામદારનું સન્માન અરિહંત કેન્દ્રના ટ્રસ્ટી બિમલભાઈ શ્રીમાલે કરેલ.

# ત્રણેય ઝોનમાં રાઈડ ધારકો માટે બનાવાશે ખાસ હોકર્સ ઝોન

## જામનગર રોડ પર વાંકાનેર સોસાયટી પાસે, યુનિવર્સિટી રોડ પર યુનિવર્સિટીના ગેઈટ પાસે અને મોરબી રોડ પર જકાતનાકા પાસે રાઈડ ધારકો માટે અલાયદા હોકર્સ ઝોન બનાવવા જનરલ બોર્ડમાં અધ્યક્ષસ્થાનેથી મુકાઈ અરજન્ટ બિઝનેસ દરખાસ્ત

### માસીક ભાડુ રૂા. ૫૦૦થી લઈ ૩૦૦૦ સુધી નિયત કરાયું : પ્રતિમાસ રૂા. ૫૦૦ સફાઈ ચાર્જ પણ વસુલાશે : સાપ્તાહિક બજારો માટે ચાર જગ્યા નિયત કરાઈ

**અબતક, રાજકોટ**

શહેરમાં ટ્રાફિકની સમસ્યા ખુબ વધી રહી છે. અલગ અલગ વિસ્તારોમાં શહેરી ફેરિયાઓ માટે ૨૦૧૪થી હોકર્સ ઝોન બનાવવામાં આવી રહ્યા છે. જરૂરિયાતના આધારે હોકર્સ ઝોનની સંખ્યામાં પણ વધારો કરવામાં આવ્યો છે. દરમિયાન રાઈડ ધારકો માટે અલાયદા હોકર્સ ઝોન ન હોવાના કારણે સ્થિતિ વિકટ બની રહી છે. માર્કેટ સમિતિની ભલામણ અને અભ્યાસના આધારે શહેરના ત્રણેય ઝોનમાં ખાસ રાઈડ ધારકો માટે હોકર્સ ઝોન બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આજે કોર્પોરેશનમાં મળેલી જનરલ બોર્ડની બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી અરજન્ટ બિઝનેસ દરખાસ્ત રજૂ કરી આ અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં સેન્ટ્રલઝોનમાં જામનગર રોડ પર વેસ્ટઝોનમાં યુનિવર્સિટી રોડ પર અને ઈસ્ટ ઝોનમાં મોરબી રોડ પર રાઈડ ધારકો માટે હોકર્સ ઝોન બનશે. અઠવાડિક બજારો માટે જગ્યા પણ નિયત કરવામાં આવી છે. જેમાં વેસ્ટ ઝોનમાં બે અને સેન્ટ્રલ તથા ઈસ્ટ ઝોનમાં એક-એક જગ્યા ફાળવવામાં આવી છે.

ત્રણેય ઝોનમાં રાઈડ ધારકો માટે એક-એક હોકર્સ ઝોન બનાવી બે વર્ષ માટે જગ્યાની ફાળવણી કરવામાં આવશે. એઓપી મારફત રાઈટ ધારકો માટે પ્લોટની ફાળવણી કરવામાં આવશે. એઓપીના હોદેદારો જ હોકર્સ ઝોનનું સંચાલન કરશે. સભ્ય દિઠ રૂા. ૫૦૦૦ ડિપોઝીટ વસુલ કરવામાં આવશે. શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં જામનગર રોડ પર ટીપી સ્કીમ નં. ૯ માં વાંકાનેર સોસાયટી પાસે ૨૭૦૯ ચો.મી.માં, વેસ્ટ ઝોનમાં યુનિવર્સિટી રોડ પર ટીપી સ્કીમ નં. ૧૬ (રૈયાના ફાઈનલ પ્લોટ નં. ૮૬/સીજે) યુનિવર્સિટી ગેઈટની બાજુમાં પ્લોટ આવેલો છે જ્યાં ૬,૯૫૩ ચો.મી. વિસ્તારમાં અને ઈસ્ટ ઝોનમાં મોરબી રોડ પર ટીપી સ્કીમ નં. ૧૨ ના ફાઈનલ પ્લોટ નં. ૧૦૪ ના ૩૩૮૮ ચો.મી. જમીન પર રાઈડ ધારકો માટે હોકર્સ ઝોન બનાવવામાં આવશે. એક રાઈડ માટે ઓછામાં ઓછી ૧૦૦ ચોરસ ફુટ વધુમાં વધુ ૫૦૦ ફૂટની જગ્યા ફાળવવામાં આવશે. જેમાં ૧૦૦ ચો. ફૂટનું ભાડુ પ્રતિ માસ રૂા. ૫૦૦, ૧૦૧થી ૨૦૦ ચો. ફૂટની જગ્યાનું ભાડુ રૂા. ૧૦૦૦, ૨૦૧ થી ૩૦૦ ચો. ફૂટ સુધીની જગ્યાનું ભાડુ રૂા. ૨૦૦૦, ૩૦૧ થી ૪૦૦ ચો.ફૂટ જગ્યાનું ભાડુ રૂા. ૨૫૦૦ અને ૪૦૧ થી ૫૦૦ ચો. ફૂટ સુધીની જગ્યાનું ભાડુ રૂા. ૩૦૦૦ નિયત કરવામાં આવ્યું છે. રાઈડની સાઈઝ મોટી હોય તો ખાસ કિસ્સામાં ૫૦૦ ચો.ફૂટની જગ્યાની ફાળવણી કરવામાં આવશે. પરંતુ એક વ્યક્તિને ૧૦૦૦ ચો. ફૂટથી વધુ જગ્યા ફાળવવામાં આવશે નહીં ભાડા ઉપરાંત જીએસટી અને ૫૦૦ રૂપિયા સફાઈ ચાર્જની વસુલાત કરવામાં આવશે. ત્રણેય ઝોનમાં એક-એક જગ્યા નિયત કરવામાં આવી છે. આ પ્લોટ પૈકી સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હેતુના પ્લોટ સિવાયની જમીન પણ તદન હંગામી ધોરણે ફાળવવામાં આવશે.

### સાપ્તાહીક બજારો માટે પણ ત્રણેય ઝોનમાં ચાર જગ્યા ફાળવાશે

શહેરના અલગ અલગ વિસ્તારોમાં સાપ્તાહિક બજારો ભરાતી હોય છે. ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે આવી બજારો માટે ચાર સ્થળે જમીન ફાળવવામાં આવશે. જેમાં માસીક રૂા. ૨૦૦ લેખે વહીવટી ચાર્જ ભરવાનો રહેશે. સેન્ટ્રલઝોનમાં એડીબી હોટલ સામે રીંગરોડ પર રેલનગર વિસ્તારમાં ટીપી સ્કીમ નં. ૨૪ (રાજકોટમાં ફાઈનલ પ્લોટ નં. ૧૨૧/એની ૨૭૦૯ ચો.મી. જમીન, વેસ્ટ ઝોનમાં કાલાવડ રોડ પર ન્યારી ડેમ રોડ સ્થિત ટીપી સ્કીમ નં. ૯ (મોટામૌવા-મુંજકા)ના ફાઈનલ પ્લોટ નં. ૧૬/એ ની ૫૩૮૮ ચો.મી. જમીન, ટીપી સ્કીમ નં. ૨૮ (મવડી)ના ફાઈનલ પ્લોટ નં. ૪૬/એ, પિરામીડ પાર્ટી પ્લોટ નજીક કણકોટ રીંગરોડ-૨ પાસે ૯૬૭૮ ચો.મી. જમીન અને મોરબી રોડ પર ટીપી સ્કીમ નં. ૧૨ ના ફાઈનલ પ્લોટ નં. ૧૦૦ ની ૩૩૮૮ ચો.મી. જમીન ફાળવવામાં આવશે. આ સ્થળ પર સાપ્તાહિક બજારો માટે જમીનની ફાળવણી કરવામાં આવશે.

### નવા હોકર્સ ઝોનમાં ઈંડા કે નોનવેજના વેચાણ પર પ્રતિબંધ

હોકર્સ ઝોનમાં થડા ફાળવણી સહિત અન્ય નિતી વિષયક નિર્ણય લેવામાં આવ્યા છે. હયાત હોકર્સઝોનમાં છે એ સિવાયના નવા હોકર્સ ઝોનમાં ચા-પાન, ઈંડા કે નોનવેજના વ્યવસાય માટે કોઈ પણ સંજોગોમાં મંજુરી આપવામાં આવશે નહીં. હવે પછી બનનારા તમામ હોર્કર્સ ઝોનમાં ૮૦ ટકા જગ્યા શાકભાજી, ફ્રૂટ અને કટલેરીના ફેરિયાઓ માટે જ્યારે ૨૦ ટકા જગ્યા અન્ય ફેરિયા માટે અનામત રાખવામાં આવશે. હાલના અને નવા બનનારા હોકર્સ ઝોનમાં ગેરેજનો વ્યવસાય કરી શકાશે નહીં જો હાલ મંજુરી આપવામાં આવી હોય તો તે પણ રદ કરવામાં આવશે. હાલ કેટલાક રોડ પર હોકર્સ ઝોનના કારણે ટ્રાફિકના પશ્નો ઉદ્ભવે છે. આગામી એક વર્ષના સમયગાળામાં નજીકના પ્લોટમાં સ્થળાંતર કરવાનો પણ ઠરાવ બોર્ડમાં કરવામાં આવ્યો છે. હોર્કસ ફ્રી રોડ પર દબાણ હટાવ વિભાગના કર્મચારીઓને કામગીરી સોંપવામાંની રહેશે. જો આવા રોડ પર રેકડી કેબીનનું દબાણ દેખાશે તો કર્મચારી જવાબદારી ફિક્સ થશે શાસકપક્ષના દંડક અને નેતા માર્કેટ સમિતિના ચેરમેન અને સભ્ય સાથે વોર્કસ ઝોનની મુલાકાત લઈ ચકાસણી કરશે જેમાં તેઓ જે સુચન કરે તેનું ફરજિયાત પાલન કરવાનું રહેશે.

# શહેરના ૨૪ રાજમાર્ગોને હોકર્સ ફ્રી રોડ જાહેર કરાયા

## ટ્રાફિકથી ધમધમતા રોડ પર હવે રેકડી-કેબીનના દબાણો નહીં જોવા મળે

શહેરના અલગ અલગ ૨૪ રાજ માર્ગોને હોકર્સ ફ્રી રોડ જાહેર કરવામાં આવ્યા છે.

અહીં કોઈ પણ પ્રકારના હોકર્સને ઉભા રહેવાની મંજુરી આપવામાં આવશે નહીં યુનિવર્સિટી રોડ (કોટેચા ચોકથી યુનિવર્સિટી ગેઈટ સુધી), રૈયા રોડ (કિસાનપરા ચોકથી સાધુવાસવાણી રોડ સુધી), નાના મૌવા રોડ (લક્ષ્મીનગર નાલાથી મોકાજી સર્કલ સુધી), પુષ્કરધામ મેઈન રોડ (યુનિવર્સિટી રોડથી કાલાવડ રોડ સુધી), નાણાવટી ચોકથી મીરા નગર મેઈન રોડ, સાધુવાસવાણી રોડ (યુનિવર્સિટી રોડથી રૈયા રોડ સુધી), સોનીબજાર રોડ, લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ, ઘી કાંટા રોડ, પરાબજાર રોડ, કેનાલ રોડ (લોધાવાડ ચોકથી જીલ્લા ગાર્ડન સુધી), યાજ્ઞિક રોડ (ત્રિકોણબાગથી જિલ્લા પંચાય ચોક સુધી), જંક્શન સ્ટેશન વાળો રોડ (હોસ્પિટલ બ્રીજથી પોપટપરા નાલા સુધી), ગુંદાવાડી મેઈન રોડ, ઢેબર રોડ (ત્રિકોણબાગથી પીડીએમ સુધી), કસ્તુરબા રોડ (જ્યુબેલીથી બહુમાળી ચોક સુધી), કુવાડવારોડ (હોસ્પિટલ ચોકથી ગ્રીન લેન્ડ ચોકડી સુધી), પેડક રોડ (ભાવનગર રોડથી પેડક સુધી), સંતકબીર રોડ (ભાવનગ રોડથી માર્કેટીંગ યાર્ડ સુધી), કોઠારિયા રોડ (માનવ આશ્રમથી રણુજા મંદિર સુધી), આડો પેડક રોડ (ગોધેશ્વર મંદિરથી સંતકબીર નાલા સુધી), કોઠારિયા સોલવન્ટ રોડ (માલધારી ફાટકથી દરગાહ સુધી) અમિન માર્ગ (રેલવે ટ્રેકથી સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ સુધી), અક્ષર માર્ગ કાલાવડ રોડથી નાના મૌવા રોડ સુધી)ને હોકર્સ ફ્રી જાહેર કરવામાં આવ્યા છે. આ રોડ પૈકી કોઈ રોડ પર હોકર્સ ઝોન આવેલા હોય તો આગામી ત્રણ મહિનામાં નજીકના વિસ્તારમાં પ્લોટ શોધી તમામ હોકર્સ ઝોનના થડા ધારકોને જગ્યાની ફાળવણી કરવામાં આવશે. તેવો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

### વ્યાજ માફી યોજનામાં મહત્વપુર્ણ સુધારો

# બાકી વેરા મુદલથી વધુ વ્યાજ નહીં વસુલી શકાય

## મુદલથી વધુ વ્યાજ ભર્યુ હોય તેવા કિસ્સામાં કરદાતાને નવા નાણાકીય વર્ષના વેરાબીલમાં મજરે રકમ જમા અપાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ મિલકતવેરા અને પાણીવેરામાં વ્યાજમાફી યોજના જાહેર કરવામાં આવી છે. જેમાં બન્નેમાં પાંચ-પાંચ હજાર રૂપિયા સુધીનું વ્યાજ માફ કરવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં એવુ બને છે કે, વર્ષોથી જે મિલ્કત ધારકોએ વેરો ભરપાઈ કર્યો નથી તેમાં મુળ મુદલથી વ્યાજની રકમ વધી ગઈ છે. આવા કિસ્સા માટે આજે જનરલ બોર્ડમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. બાકી વેરામાં હવે મુદલથી વધુ વ્યાજની વસુલાત કરવામાં આવશે નહીં જો કોઈ કરદાતાએ અગાઉ વ્યાજ માફીનો લાભ લીધો હોય અને મુદલ કરતા વ્યાજ વધુ ભરપાઈ કર્યુ હોય તો તેવા કિસ્સામાં તેને વધારાની રકમ નવા નાણાકીય વર્ષના વેરાબીલમાં મજરે જમા આપવામાં આવશે.

આજે જનરલ બોર્ડમાં કોર્પોરેટર મનીષભાઈ ભટ્ટ દ્વારા વ્યાજમાફી યોજના અંગેની દરખાસ્ત રજૂ કરી હતી. જેને કેતન પટેલે ટેકો જાહેર કર્યો હતો. હાલ આગામી ૩૦ સપ્ટેમ્બર સુધી રહેણાક અને બિન રહેણાક હેતુની તમામ મિલ્કતો અને નળ કનેક્શન કે સંપ કનેક્શનમાં જો સંપૂર્ણ વેરો ભરપાઈ કરવામાં આવે તો ચડત વ્યાજની રકમ પર પાંચ હજાર રૂપિયા મિલ્કતવેરામાં અને પાંચ હજાર રૂપિયા પાણી વેરામાં વ્યાજ માફી આપવમાં આવે છે. જેમાં થોડો સુધારો કરવામાં આવ્યો છે. અગાઉ ૧ એપ્રિલથી ૩૧ જુલાઈ સુધી જે મિલ્કત ધારકોએ વ્યાજ સહિતની સંપૂર્ણ રકમ ભરપાઈ કરી દીધી હોય તેવા કિસ્સામાં મિલ્કત વેરાની અને વોટર ચાર્જીસની ચડત વ્યાજની રકમ વ્યાજમાફીયોજના અંતર્ગત નવા નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮માં મજરે આપવાનું બોર્ડમોં સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું છે.

વિશેષમાં કોઈ કેસમાં મિલ્કતવેરા અને પાણીવેરાની રકમની મુદલ કરતા વ્યાજની રકમ વધારે હોય અને મિલ્કત ધારક આ રકમ ભરપાઈ કરવા ઈચ્છતો હોય તો મુદલની રકમ જેટલી જ વ્યાજની રકમ વસુલ કરવામાં આવશે. ઉદાહરણ તરીકે જો ૫૦ હજાર રૂપિયા વેરો બાકી હોય અને તેના પર ૮૦ હજાર રૂપિયા વ્યાજ ચડી ગયું હોય તો હાલ માત્ર ૧૦ હજાર રૂપિયા જ વ્યાજ માફ થાય છે.

પરંતુ આજે કરેલા નવા મહત્વપૂર્ણ સુધારામાં આવા કેસમાં બાકીદારે મુદલ જેટલુ જ એટલે કે ૫૦ હજાર મુદલ અને ૫૦ હજાર વ્યાજ એમ એક લાખ રૂપિયા જમા કરાવાના રહેશે જેનાથી વ્યાજમાફી યોજનાનો વધુમાં વધુ લોકો લાભ લઈ શકશે કોઈ વ્યક્તિએ સંપૂર્ણ વેરો ભરપાઈ કરી દીધો હશે તો તેવા કેસમાં કોર્પોરેશનની સામાન્ય સભાના ઠરાવ મુજબ નવા નાણાકીય વર્ષમાં આ રકમ મજરે જમા આપવામાં આવશે. ભવિષ્યમાં રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભા દ્વારા અન્ય ઠરાવ કરવામાં ન આવે ત્યાં સુધીના સમયગાળા માટે કોઈ પણ સંજોગોમાં કોઈ પણ મિલ્કત માટે મિલ્કતવેરા કે પાણીવેરાની ચડત મુદલની રકમથી વધુ વ્યાજ વસુલી શકાશે નહીં. ૩૦ સપ્ટેમ્બર સુધીમાં તમામ કરદાતાઓને બીલની બજવણી કરી દેવાની પણ બોર્ડ દ્વારા તાકીદ કરવામાં આવી છે.

# લઠ્ઠાકાંડના રાજકોટમાં પડઘા : દેશી દારૂના ૩૦ હાટડા પર પોલીસ ત્રાટકી

## ડીજીપી દ્વારા દારૂબંદીની સઘન ડ્રાઈવ ચલાવવાના આદેશને પગલે ડીસીપી, પીસીબી સહિતની શાખાઓ અને સ્થાનિક પોલીસ દ્વારા દરોડાનો દોર : સાત મહિલા સહિત ૩૦ બુટલેગર ઝબ્બે

**અબતક, રાજકોટ**

ભાવનગરમાં થયેલા લઠ્ઠાકાંડમાં સાત લોકોના મોત બાદ રાજ્યભરમાં તેના ઘેરા પડઘા પડ્યા છે. ઘટનાને પગલે તાબડતોડ સમગ્ર મામલાની તપાસ એસએમસીને સોંપી દેવામાં આવી છે. દારૂ બનાવનાર શખ્સ સહિતના બુટલેગરોની ધરપકડ પણ કરી લેવામાં આવી છે. બીજી બાજુ ડીજીપી દ્વારા રાજ્યભરમાં દારૂબંદીની સઘન ડ્રાઈવ શરૂ કરી કડક કાર્યવાહી કરવા આદેશ આપવામાં આવતા રાજકોટ પોલીસે સ્લમ વિસ્તારમાં ગૃહ ઉદ્યોગની જેમ ધમધમતા દેશી દારૂના ૩૦ થી વધુ હાટડા પર દરોડા પાડી સાત મહિલા સહીત ૩૦ બુટલેગરોની ધરપકડ કરી સેંકડો લિટર દેશી દારૂનો નાશ કર્યો હતો.

ભાવનગરમાં થયેલ લઠ્ઠાકાંડની ઘટના બાદ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવા માટે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, ડીસીપી રાકેશ દેસાઈ, હેતલ પટેલની રાહબરીમાં તમામ વિંગ્સને એક્ટિવ કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને પીસીબીની ટીમોએ બાતમીદારોના નેટવર્કને સક્રિય કરીને દેશી દારૂના ગેરકાયદેસર ઉત્પાદન અને વેચાણના સ્થળો પર ત્રાટકવાનું શરૂ કર્યું છે. પોલીસની આ આકસ્મિક કાર્યવાહીથી બુટલેગરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

શહેર પોલીસ દ્વારા થોરાળાના અલગ અલગ વિસ્તાર સહિત રૈયાધાર, આંબેડકર નગર સહિતના વિસ્તારો તેમજ શંકાસ્પદ રહેણાંક વિસ્તારો, ઝૂંપડપટ્ટીઓ અને નદીના પટમાં ચાલતી ભઠ્ઠીઓ પર પણ સઘન કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું છે. ખાસ કરીને અગાઉ પ્રોહિબિશનના ગુનામાં પકડાયેલા હિસ્ટ્રીશીટરો પર વોચ ગોઠવી દેવામાં આવી છે. શહેરના એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ્સ પર પણ વાહનોનું સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

શહેરમાં અલગ-અલગ જગ્યાએ પાડવામાં આવેલા ૩૦થી વધુ દરોડા દરમિયાન પોલીસને મોટી સફળતા મળી છે. અડ્ડાઓ પરથી હજારો લીટર દેશી દારૂ, દારૂ બનાવવા માટે વપરાતો કાચો માલ (આથો) નો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે વિજય સવજી પીપળીયાને ૫ લીટર દારૂ સાથે, વેરશી પાંચા રાજપરાને ૫ લીટર દેશી દારૂ સાથે, વિજય મનસુખ ચાવડાને ૪ લિટર દેશી દારૂ સાથે, મેહુલ વીનું ચના બાબરાને ૧૬ લીટર દેશી દારૂ સાથે, ઈસુબ હબીબ ખેભરને ૧૭ લીટર દેશી દારૂ સાથે, કિશન પ્રવીણ પરમારને ૧૬ લીટર દેશી દારૂ સાથે, સંતોષ અમીર ગોરાસવાને ૭ લીટર દેશી દારૂ સાથે, મધુ કિશોર ભજીયાને ૧૫૫ લીટર દેશી દારૂ સાથે, રાજેશ ઉર્ફે રાજુ નારણ ડાભીને ૫ લીટર દેશી દારૂ સાથે, ભાવનાબેન પીટુ સોલંકીને ૧૦ લિટર દેશી દારૂ સાથે, હંસા જગદીશ સીતાપરાને ૧૦ લિટર દેશી દારૂ સાથે, શીતલ કિશોર સનુરાને ૧૫ લીટર દેશી દારૂ સાથે, વિપુલ નાનજી હિરપરાને ૮ લિટર દેશી દારૂ સાથે, સરોજ રમેશ રાઠોડને ૭ લીટર દેશી દારૂ સાથે, નરસિંહ નાથા રાઠોડને ૧૧ લિટર દેશી દારૂ સાથે, નરેશ દામજી મકવાણાને ૩ લિટર, કેતન નાગજી વરાણીયાને ૨ લીટર, સુજીત ઘાતકને ૪ લીટર દેશી દારૂ સાથે પકડી પાડ્યા હતા.

ઉપરાંત લાલચંદ મનુ હરવાણીને ૩ લિટર દેશી દારૂ સાથે, કિશન વેલજી જખાણીયાને ૮ લિટર, પ્રવીણ ભુપત ચૌહાણને ૪ લીટર, પંકેશ ઉપેન્દ્ર રાઠોડને ૩ લિટર, કનું બચુ અઘારીયાને ૩ લિટર સાથે પકડી પાડ્યા હતા. તે ઉપરાંત વસંતબેન બાબુ વાઘેલિયાને ૧૫ લીટર દેશી દારૂ સાથે, છગન કિશોર મુછડીયાને ૫૦ લિટર દેશી દારૂ સાથે, અનિલ સોલંકીને ૧૮ લીટર, કુમકુમ સોલંકીને ૧૫ લિટર, જયેશ જગા રાઠોડને ૫ લીટર, પુષ્પા જયંતી પરમારને ૫ લીટર, નયન નાગજી રાઠોડને ૧૦ લિટર દેશી દારૂ સાથે પકડી પાડ્યા હતા.

### અંગ્રેજી શરાબ સાથે ત્રણ બુટલેગરોની ધરપકડ

દેશીની સાથોસાથ અંગ્રેજી શરાબનો જથ્થો પકડવા પણ પોલીસ સક્રિય થઈ છે ત્યારે યુની. પોલીસની ટીમે મુંજકા ચોકડી પાસેથી કરણ નીલકંઠ રાઠોડ (રહે મુંબઈ) ને દારૂની ૪૮ બોટલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. જ્યારે આજીડેમ પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે જ મળેલ ચોક્કસ બાતમીના આધારે હુસેની ચોક પાસે સાઈબાબા સર્કલ નજીકથી ગિરીશ રમેશ પરમાર (રહે કોઠારીયા સોલવન્ટ હુસેની ચોકથી આગળ) ને પકડી પાડી તેની પાસેથી દારૂની ૧૦ બોટલ કબજે કરી હતી. તેમજ થોરાળા પોલીસ મથકની ટીમે બાતમીના આધારે આજી વસાહત મેઈન રોડ પર દરોડો પાડી ભરત રણછોડ મકવાણા નામના શખ્સને દારૂની ૧૭ બોટલ સાથે પકડી પાડી કાર્યવાહી કરી હતી

# કળીયુગ:ટીબીના દર્દીનો પરિવારે સાથ છોડ્યો ,સિવિલે બાથ ભીડી

## ૨૦ દિવસની સારવાર બાદ વાંકાનેર શિવાલય આશ્રમમાં આશરો અપાવી હોસ્પિટલ દ્વારા માનવતા મહેકાવી

**અબ તક,રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સૌરાષ્ટ્રના દર્દી સારવાર માટે આવતા હોય છે સિવિલ હોસ્પિટલ વિભાગ તબીબો, સ્ટાફ, હેલ્પ ડેસ્ક વિભાગ દ્વારા સરાહનીય કાર્ય કરી માનવતા મહેકાવી હતી

તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે ટીબીના દર્દીના પરિવારે દર્દી સ્વીકાર કરવાનો ઈનકાર કરતા સિવિલ હોસ્પિટલે સારવાર આપી સ્વસ્થ થતા વાંકાનેર શિવાલય આશ્રમ ખાતે આશ્રય અપાવી અને માનવતા મહેકાવી હતી.

આ અંગ મળતી માહિતી મુજબ રાજકોટ સિવિલ હોસ્પીટલમાં ૨૮-૦૭-૨૦૨૬ રોજ નારણભાઈ નાનજીભાઈ વાઘેલા તા. ના રોજ સ્વયં સારવાર માટે ટીબી વોર્ડમાં દાખલ થયા હતા. હોસ્પિટલમાં તેમના સ્વાસ્થ્યની જરૂરી સારવાર અને સંભાળ કરવામાં આવી.સારવાર પૂર્ણ થયા બાદ તા. ૧૮-૦૮-૨૦૨૬ના રોજ તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યો. હાલમાં નારણભાઈને ટીબી નથી અને તેઓ તબીબી રીતે ડિસ્ચાર્જ માટે યોગ્ય હતા. પરંતુ ડિસ્ચાર્જ બાદ તેમની સામે એક ખૂબ જ મોટો પ્રશ્ન હતો હવે તેઓ જશે ક્યાં ? નારણભાઈના પરિવારનો સંપર્ક કરવામાં આવ્યો, પરંતુ દુ:ખની વાત એ હતી કે



પરિવારમાંથી કોઈ તેમને પોતાની સાથે રાખવા તૈયાર નહોતું. પોતાના લોકો હોવા છતાં જ્યારે કોઈ વ્યક્તિને પોતાના માટે કોઈ સુરક્ષિત સ્થાન ન મળે, ત્યારે તેની પરિસ્થિતિ કેટલી વેદનાભરી હશે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ મળ્યા બાદ તેમને રસ્તા પર કે અસુરક્ષિત પરિસ્થિતિમાં છોડી દેવા કરતાં, માનવતાના નાતે તેમના માટે સુરક્ષિત આશ્રયની વ્યવસ્થા કરવામાં આવી. અંતે નારણભાઈને શિવાલય આશ્રમ, વાંકાનેર ખાતે રાખવામાં આવ્યા.

તેમની સારવારમાં હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ઘનશ્યામભાઈ, એસોસિએટ પ્રો ડો. ભૂમિકા પટેલ, ડો. તન્મય, સિનિયર ડોક્ટર ડો. સિદ્ધરાજ, રેસીડેન્ટ ડો. સૌરવ તથા ડો પ્રજેશ સહિતની તબીબી ટીમે મહત્વપૂર્ણ સહકાર આપ્યો. સાથે સાથે ટીબીસીડી વોર્ડના નર્સિંગ સ્ટાફ તથા તમામ કર્મચારીઓએ પણ તેમની સારવાર અને સંભાળમાં સતત સહયોગ આપ્યો. અને સિવિલ હોસ્પિટલમાં વિભાગ દ્વારા સાબિત કરી બતાવ્યું કે દર્દીના સ્વાર્થી સગા હાથ ઊંચા કર્યા પણ હોસ્પિટલ દ્વારા માનવતા મહેકાવી નારણભાઈ ને પરિવારની હુંફ આપી ને નવા પરિવારનો નાતો બાંધી વાંકાનેર ખાતે મોકલી આપવામાં આવ્યા છે સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. દૂસરા એ જણાવ્યું હતું

## આર.એમ.ઓ, હેલ્પ ડેસ્ક વિભાગ,ડોકટરની ટીમ,નર્સિંગસ્ટાફ, સહ કર્મચારીઓનો માનવીય અભિગમ

# કોર્પોરેશનના કર્મચારી એકતા મંડળ દ્વારા કોર્પોરેટરોનો સન્માન સમારોહ યોજાયો

## મેયરના હસ્તે એકતા મંડળના પ્રમુખ તરીકે રાહુલ પરમારની તાજપોશી કરાય



**અબતક, રાજકોટ**


મહાનગરપાલિકાના કર્મચારીઓ અને કોર્પોરેટરો વચ્ચે પારિવારિક સંબંધો અને ભાઈચારો પ્રસ્થાપિત થાય તેવા ઉદ્દેશ્યથી અખિલ ગુજરાત કર્મચારી મંડળ અને કર્મચારી એકતા મંડળ દ્વારા મંગળવારે ઐતિહાસિક સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરના ૧૮ વોર્ડના તમામ નગરસેવકોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન મેયર નેહલભાઈ શુક્લના હસ્તે એકતા મંડળના પ્રમુખ તરીકે રાહુલ પરમારની તાજપોશી કરવામાં આવી હતી.

આ સન્માન સમારોહમાં મેયર નેહલભાઈ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ કમલેશભાઈ જોશીપુરા, પૂર્વ કેબિનેટ મંત્રી ઉમેશભાઈ રાજ્યગુરુ, વિરોધ પક્ષના પૂર્વ નેતા વશરામભાઈ સાગઠીયા, ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ શિવલાલભાઈ બારસીયા, રઘુવંશી આગેવાન કીર્તિભાઈ બુધ્ધદેવ, ભાજપ મીડિયા સેલના પૂર્વ ઈન્ચાર્જ અરૂણભાઈ નિર્મળ અને દંડક સંજયસિંહ રાણા ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત કિશાન મોરચાના મંત્રી માલતીબેન ચાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી મિલિંદભાઈ પરમાર, શહેર કોંગ્રેસ મંત્રી નરેશભાઈ પરમાર, વિરલ ભટ્ટ, શોભીતભાઈ પરમાર તેમજ કોર્પોરેટર ઘનશ્યામભાઈ હેરભા, પરેશભાઈ ઠાકર, દક્ષાબેન વાઘેલા, ધર્મિષ્ઠાબેન પરમાર, અલ્કાબેન દવે, રીટાબેન, હિનાબેન, જયેન્દ્રભાઈ મહેતા, વલ્લભભાઈ પીપળીયા, અશોકભાઈ રાઠોડ, ભરતભાઈ બારૈયા અને સુખદેવસિંહ જાડેજા સહિતના અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા કિશોરભાઈ ગમારા પ્રેરીતભાઈ જોશી, પ્રદ્યુમનસિંહ જાડેજા, મોલેશભાઈ વ્યાસ, સંજયભાઈ પઢીયાર, મહેશભાઈ મકવાણા, રણજિત પરમાર, જયેશભાઈ જોશી, લલિત સોલંકી, અશોકભાઈ જાદવ, મુકેશભાઈ વાણીયા, મહેન્દ્રભાઈ દાફડા, દિલીપભાઈ મીરાણી, મુકેશભાઈ વાઘેલા, મહેશભાઈ સાવંત, શામજીભાઈ ઈહોરા, પ્રમોદભાઈ યાદવ અને હરેશભાઈ ચાચીયાએ જેહમત ઉઠાવી હતી. સમારોહમાં વિપુલભાઈ રાઠોડ અને તેમની ટીમ દ્વારા દેશભક્તિના ગીતો રજૂ કરવામાં આવ્યા હતા.

# ગાર્ડી કેમ્પસ કનેક્ટમાં ૧૨૦૦થી વધુ યુવાનોને રોજગારીની તક

## ૬૦થી વધુ કંપનીઓ દ્વારા ૫૦૦ જેટલી જગ્યાઓ માટે પસંદગી; પ્રોબેશનમાં રૂ૧૫થી રૂ૨૫ હજાર અને ફુલટાઈમ નોકરીમાં રૂ૩૫થી રૂ૬૫ હજાર સુધીના પગારની તક




**અબતક, રાજકોટ**

રાજકોટના ટી.વી. મહેતા ચેરિટેબલ ફાઉન્ડેશન સંચાલિત ગાર્ડી વિદ્યાપીઠના આંગણે યંગ ઈન્ડિયન્સના સંયુક્ત ઉપક્રમે તા. ૧૨ ઓગસ્ટે 'વાય-ગાર્ડી કેમ્પસ કનેક્ટ-૨૦૨૬' મેગા જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સૌરાષ્ટ્રભરમાંથી ૧૨૦૦થી વધુ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

ઉદઘાટન સમારોહમાં રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, સ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટના સ્વામી જનમંગલદાસજી તથા સ્વામી પપ્પુ યોગીચરણ મહારાજ સહિત સંસ્થાના ટ્રસ્ટીઓ, યંગ ઈન્ડિયન્સના હોદ્દેદારો અને ઉદ્યોગજગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દીપ પ્રાગટ્ય પ્રસંગે સ્વામી જનમંગલદાસજીએ યુવાનોને ડેડીકેશન અને શિસ્ત સાથે કાર્ય કરવાની સલાહ આપી હતી. ઓછા સમયમાં વધુ કમાણી કરવાની દોડમાં પોતાની પ્રતિભા અને કારકિર્દીને નુકસાન ન પહોંચાડવા તેમણે યુવાનોને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગો વચ્ચેનો સેતુ મજબૂત બને અને કૌશલ્ય ધરાવતા યુવાનોને રોજગારીની તકો મળે તે રાષ્ટ્રનિર્માણ માટેનું મહત્વપૂર્ણ કાર્ય છે. તેમણે વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન વધારીને કાર્યક્ષેત્રમાં નિષ્ઠા સાથે શ્રેષ્ઠ પ્રદાન કરવા પણ સૂચન કર્યું હતું.

ટી.વી. મહેતા ચેરિટેબલ ફાઉન્ડેશનના ચેરમેન ડી.વી. મહેતાએ શિક્ષણની સાથે વ્યવસાયિક ક્ષેત્રમાં નિર્ણયશક્તિના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે કર્મચારીની કાર્યક્ષમતા અને કામગીરીથી કંપનીનો તેમજ કર્મચારીનો પરસ્પર વિકાસ શક્ય બને છે.

મેગા જોબ ફેરમાં એન્જિનિયરિંગ, સાયન્સ, કોમર્સ, મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન, આર્ટ્સ તથા પેરામેડિકલ ક્ષેત્રના વિદ્યાર્થીઓ અને વર્કિંગ પ્રોફેશનલ્સ સહિત ૧૨૦૦ જેટલા ઉમેદવારોએ ભાગ લીધો હતો. ૬૦થી વધુ કંપનીઓ દ્વારા વિવિધ ક્ષેત્રની આશરે ૫૦૦ જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી. પસંદ થયેલા ઉમેદવારોને પ્રોબેશન દરમિયાન રૂ૧૫થી રૂ૨૫ હજાર સુધીનું સ્ટાઈપેન્ડ તથા ફુલટાઈમ નોકરી માટે સરેરાશ રૂ૩૫થી રૂ૬૫ હજાર સુધીના પગારની ઓફર કરવામાં આવી હતી. ગાર્ડી વિદ્યાપીઠના મેનેજિંગ ડિરેક્ટર જય મહેતાએ જણાવ્યું હતું કે કૃત્રિમ બુદ્ધિમત્તા અને ટેક્નોલોજીના વિકાસ સાથે વિવિધ ક્ષેત્રોમાં કુશળ માનવ સંસાધનની માંગ વધી રહી છે. સ્માર્ટ અને મહેનતુ કર્મચારીઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં પણ સંસ્થા દ્વારા આવા આયોજન કરવામાં આવશે. સમગ્ર આયોજન ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલના હેડ પ્રો. રચિતા મહેતાના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

### જિલ્લા યુવા અને સાંસ્કૃતિ પ્રવૃતિ કચેરીના આર્થિક સહયોગથી

# શિવમ ફાઉન્ડેશન આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ 'રંગ દરબાર' લોકોએ મન ભરીને માણ્યો

**અબતક, રાજકોટ**

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અને કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર અને જિલ્લા યુવા અને સાંસ્કૃતીક પ્રવૃતિઓની કચેરી રાજકોટના આર્થિક સહયોગથી શિવમ ફાઉન્ડેશન - રાજકોટ આયોજીત કથન, અભિનય અને ગાયનનો સાહિત્યથી શણગારેલ સાંસ્કૃતિક કાર્યક્રમ રંગ દરબાર કે. જે. કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ ઓડિટોરિયમ ખાતે કલાપ્રિય જનતાએ મનભરીને માણ્યું હતું.

કથન, અભિનય અને ગાયનનો સાહિત્યથી શણગારેલ ગૌતમ દવે દિગ્દર્શિત ''રંગ દરબાર'' કાર્યક્રમમાં દર્પણ લાઠીગરા, મૈત્રી પીલોજપરા, નીરજ કડવાતર, કવન મહેતાએ નવરસ ભરેલી એકપાત્ર અભિનયથી સૌને મંત્રમુગ્ધ કર્યા હતાં, અમૂલખ ભટ્ટ લિખિત એકાંકી નાટક ''કોરા કાગળના કટકા''માં જીતાર્થ જોષી, યુગ મહેતા, અર્ચન જાની, મેઘ ગુંદેચા, પ્રથમ દેથરિયા, પિહુ દેથરિયા, પરમ દેથરિયા, હિર ગાંધી, રાજવી વાગડીયા, ચાર્મી રાજવીર, શમિક દવે, યતીન આશરા, અમરીશ મોદી, દિવ્યેશ મહેતા, પ્રેરક મેર, ગુલામહુસેન અગવાન, ઝંખના ભટ્ટએ અભિનયના ઓજસ પાથર્યા હતાં.

મહાનુભાવો હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા ગુ.કે.જે. કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ રાજકોટના ટ્રસ્ટી ભાનુપ્રસાદ પંડ્યા અને આચાર્ય નરોત્તમભાઈ દવેએ ખુબ જહેમત ઉઠાવી હતી.

## (પહેલા પાનાનું ચાલું)

### આરએસએસ...

આરએસએસ ના સહયોગી સંગઠનોએ ધાર્મિક લઘુમતીઓ પર હુમલા કર્યા છે.મહેમૂદનું આ નિવેદન આરએસએસ પ્રમુખ મોહન ભાગવતના અમેરિકા પ્રવાસના થોડા દિવસો પહેલા આવ્યું છે.ભાગવત ૨૯ ઓગસ્ટે ન્યૂયોર્કમાં અમેરિકન હિન્દુઝ ફોર એન્ગેજમેન્ટ એન્ડ ડાયલોગ દ્વારા આયોજિત 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન્સ'માં ભાગ લેવાના છે.

યુએસસીઆઈઆરએફ કમિશનર જીન મિલ્સે કહ્યું કે આરએસએસનેતાઓ ભલે ભારતીય સરકાર સાથે જોડાયેલા હોય, તેમ છતાં તેમને ઉચ્ચ સ્તરીય બેઠકો કે રાજદ્વારી સન્માનના હકદાર ન માનવા જોઈએ.

મિલ્સે કહ્યું કે તેના બદલે અમેરિકી સરકારે ધાર્મિક આસ્થાની સ્વતંત્રતાના ઉલ્લંઘન માટે જવાબદાર ઠરેલા આરએસએસ સભ્યો પર પ્રતિબંધ લગાવવા પર ધ્યાન આપવું જોઈએ.

મહમૂદે પોસ્ટમાં કહ્યું, ભારતના વડાપ્રધાન મોદી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સભ્ય છે. આરએસએસ એક ભારતીય સંગઠન છે, જેના સહયોગી સંગઠનોએ ધાર્મિક લઘુમતીઓ, જેમાં ખ્રિસ્તી અને મુસ્લિમનો સમાવેશ થાય છે, તેમના પર હુમલા કર્યા છે.

યુનાઈટેડ સ્ટેટ્સ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ એટલે કે અમેરિકાની એક સ્વતંત્ર સરકારી સંસ્થા છે. તેને અમેરિકી કોંગ્રેસે ૧૯૯૮ના ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ એક્ટ હેઠળ બનાવ્યું હતું.

આ સંસ્થા જુદા જુદા દેશોમાં ધાર્મિક સ્વતંત્રતા અને ધાર્મિક ઉત્પીડનની સ્થિતિનું નિરીક્ષણ કરે છે. પોતાના સંશોધન અને તપાસના આધારે વાર્ષિક અહેવાલ બહાર પાડે છે. અમેરિકી રાષ્ટ્રપતિ, વિદેશ મંત્રી અને કોંગ્રેસને નીતિગત ભલામણો આપે છે. અમેરિકી સરકારને પ્રતિબંધો, રાજદ્વારી દબાણ અથવા અન્ય પગલાં લેવાની ભલામણ કરી શકે છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતની આગામી ન્યૂયોર્ક મુલાકાત પહેલાં અમેરિકામાં આરએસએસને લઈને ફરી એકવાર વિવાદ ઊભો થયો છે. અમેરિકી આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા આયોગ ના અધિકારીઓએ અમેરિકી સરકારને છજ્જ્સામે પ્રતિબંધ લગાવવાની માંગ કરી છે. સાથે જ અમેરિકી અધિકારીઓને આરએસએસ ના નેતાઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક ન કરવા અને તેમને રાજદ્વારી સન્માન ન આપવાની અપીલ કરવામાં આવી છે.મોહન ભાગવત ૨૯ ઓગસ્ટે ન્યૂયોર્કમાં યોજાનારા 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન' કાર્યક્રમમાં ભાગ લેવાના છે. આ કાર્યક્રમનું આયોજન 'અમેરિકન હિન્દુઝ ફોર એન્ગેજમેન્ટ એન્ડ ડાયલોગ' (AHEAD) દ્વારા કરવામાં આવી રહ્યું છે. ભાગવતની મુલાકાત પહેલાં તરફથી આવેલી આ માંગને કારણે અમેરિકામાં આરએસએસ અંગેની ચર્ચા ફરી તેજ બની છે.USCIRFના અધ્યક્ષ આસિફ મહમૂદે આરએસએસને એક 'અંબ્રેલા ઓર્ગેનાઈઝેશન' તરીકે વર્ણવ્યું છે. તેમનો આરોપ છે કે આરએસએસ સાથે જોડાયેલા કેટલાક સંગઠનો પર મુસ્લિમ અને ખ્રિસ્તી સહિતના ધાર્મિક લઘુમતીઓ સામે હુમલાના આરોપો લાગ્યા છે. USCIRFના કમિશનર જિન મિલ્સે પણ અમેરિકી સરકારને આરએસએસ સાથે જોડાયેલા એવા વ્યક્તિઓ સામે પ્રતિબંધાત્મક કાર્યવાહી (Sanctions) કરવા અંગે વિચાર કરવા જણાવ્યું છે, જેઓ ધાર્મિક સ્વતંત્રતાના ઉલ્લંઘન માટે જવાબદાર હોવાનું માનવામાં આવે છે.

### યુએસસીઆઈઆરએફ...

પહેલાં સામે આવેલી USCIRFની નવી માંગને કારણે આગામી દિવસોમાં આરએસએસ અને અમેરિકી સરકાર વચ્ચેના સંબંધોને લઈને રાજકીય ચર્ચા વધુ ગરમાવાની શક્યતા છે.

રિપોર્ટમાં આરએસએસ અને રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (આરએડબલ્યું)જેવી સંસ્થાઓ અને કેટલાક લોકો પર પ્રતિબંધ મૂકવાનું સમર્થન કરવામાં આવ્યુ હતું. રિપોર્ટમાં તેમને ધાર્મિક સ્વતંત્રતાના ઉલ્લંઘનો માટે જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા.

ભારતે USCIRFના રિપોર્ટને ફગાવી દીધો હતો. ભારતે કહ્યું હતું કે આ સંગઠન સતત દેશની ખરાબ છબી રજૂ કરે છે જે શંકાસ્પદ સ્રોતો અને વૈચારિક કથાઓ પર આધારિત હોય છે.

### ખાંડ...

હતો, જેને હવે ઘટાડીને ૧૫ દિવસનો કરી વધુ કડક બનાવવામાં આવ્યો છે.

બજારના અહેવાલો મુજબ, ઓગસ્ટથી જાન્યુઆરી સુધી ઔદ્યોગિક વપરાશકારોની માંગ પ્રબળ રહેતી હોવાથી ખાંડ મિલો પર તેજીનું વલણ જોવા મળી રહ્યું છે. ઉત્તર પ્રદેશમાં એક્સ મિલ ધોરણે મીડિયમ ગ્રેડની ખાંડના ભાવ વધીને ક્વિન્ટલે ૫૪૦૦ અને હોલસેલ ધોરણે ભાવ ક્વિન્ટલે ૫૮૦૦ ની સપાટી સુધી પહોંચી ગયા છે. આ અહેવાલોને પગલે સ્થાનિક બજારોમાં પણ તેજીનો માહોલ છે અને ભાવ સતત ઊંચકાયા છે.

સ્થાનિક જથ્થાબંધ માર્કેટમાં આજે હાજરમાં ભાવ ક્વિન્ટલે ૧૧૦ થી ૧૪૦ અને નાકા ડિલિવરી ધોરણે ૫૦ થી ૧૧૦ વધી આવ્યા હતા. બજારના સાધનોના જણાવ્યા અનુસાર, સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે ૧૨૦ થી ૧૪૦ વધીને ૫૪૪૦ થી ૫૫૮૨ માં રહ્યા હતા. જ્યારે મીડિયમ ગ્રેડની ખાંડના ભાવ ૧૩૦ થી ૧૧૦ વધીને ૫૫૫૦ થી ૫૬૮૨ આસપાસ ગુણવત્તા અનુસાર રહ્યા હતા. ઔદ્યોગિક અને રિટેલ માંગને કારણે માર્કેટમાં હાલ મજબૂતી જોવા મળી રહી છે.

### રેસ્ટોરન્ટ કિચનમાં સીસીટીવી...

હાઈજીન, રાંધેલા અને કાચા ખાદ્યપદાર્થોને અલગ રાખવા, સ્ટાફની વ્યક્તિગત સ્વચ્છતા, પેસ્ટ કંટ્રોલ, માન્ય કલર્સ-મસાલાનો ઉપયોગ અને પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા ફરજિયાત રહેશે. વારંવાર નિયમોનું ઉલ્લંઘન કરનાર એકમોના લાયસન્સ રદ કરી તેમને કાયમી ધોરણે સીલ કરવાની ચેતવણી પણ તંત્ર દ્વારા આપવામાં આવી છે.

ચેકિંગ દરમિયાન ક્ષતિઓ મળતાં જાણીતા એકમો સીલ

આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરાયેલી સઘન તપાસ દરમિયાન ગંભીર ખામીઓ સામે આવતાં નીચે મુજબના એકમોને તાત્કાલિક અસરથી સીલ કરવામાં આવ્યા હતા જેમાં મેડ ઓવર ગ્રીલ્સ (કાંકરિયા)માં લોટના સંગ્રહમાં જીવાત/પેસ્ટ મળી આવતાં સીલ કરાયું. સંતોષ ઘી ભંડાર (માધુપુરા)માં એગમાર્ક દેશી ઘીના નમૂનામાં વનસ્પતિ તેલની ભેળસેળ જણાતાં કાર્યવાહી કરી હતી રાજેશ દૂધ ઘર (કુબેરનગર)માં પનીરનો નમૂનો ગુણવત્તા પરીક્ષણમાં ફેલ થતાં પગલાં લેવાયાં. સબરુ ચાઈનીઝ મુગલાઈ એન્ડ તવા ફ્રાય (સરખેજ)માં ગંદકી અને પેસ્ટ કંટ્રોલ પ્રમાણપત્રના અભાવે બંધ કરાયું. શાળા-કોલેજની કેન્ટીનોમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા

એએમસી દ્વારા શહેરની ૮ જાણીતી શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓની કેન્ટીનમાં પણ તપાસ હાથ ધરાઈ હતી. જેમાં સૈજપુર બોઘા સ્થિત મહાત્મા ગાંધી ફિઝિયોથેરાપી કોલેજ હોસ્ટેલની કેન્ટીનમાં ખોરાકમાં જીવાત, ગંદકી, કર્મચારીઓના મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટનો અભાવ અને માન્ય ફૂડ લાયસન્સ ન હોવાનું સામે આવતાં તેને તુરંત સીલ કરી દેવામાં આવી છે.

## (ત્રીજા પાનાનું ચાલું)

### બોર્ડ...

તેઓએ વિસ્તૃત માહિતી આપતા વોર્ડ નં. ૧૩ ના અલગ અલગ રસ્તાઓની સ્થિતિ ખુબ જ સારી હોવાનું જણાવતા વોર્ડ નં. ૧૩ ના ભાજપના કોર્પોરેટર મોહિતસિંહ જાડેજાએ તેઓના દાવાને ખોટો હોવાનું કહેતા બોર્ડમાં સન્નાટો છવાઈ ગયો હતો. વોર્ડ નં. ૧૩ માં અશોક ગાર્ડન રોડ, ખીજડાવાળો રોડ, ખોડિયારનગર સહિતના વિસ્તારોમાં રોડની હાલ ખુબ જ ખરાબ છે. જનરલ બોર્ડની બેઠક પુર્ણ થયા બાદ તેઓની તેમની સાથે વોર્ડમાં આવીને ફિલ્ડ વિઝિટ કરવાની પણ તેઓએ ઓફર આપી હતી. આ ઘટના બાદ મેયર નેહલ શુકલએ સીટી એન્જિનિયરને એવો સવાલ કર્યો હતો કે, તમને રોડ રસ્તાની સ્થિતિ સારી હોવાનો રિપોર્ટ કોને આપ્યો છે ત્યારે અતુલ રાવલે જણાવ્યુ હતું કે, એજન્સી દ્વારા મને આ રિપોર્ટ આપવામાં આવ્યો છે. જેના પ્રત્યોતરમાં મેયરે કહ્યું હતું કે, જે પણ અધિકારી કે એજન્સીએ રોડ રસ્તાનો રિપોટ આપ્યો છે તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા અને તેનો રિપોર્ટ બોર્ડ સમક્ષ આપવા તાકીદ કરી હતી. બોર્ડમાં ભાજપ અને કોંગ્રેસના કુલ ૧૮ કોર્પોરેટરોએ ૪૨ પ્રશ્નો રજૂ કર્યા હતાં.

### કામનાથ મહાદેવ...

ધર્મેન્દ્ર રોડ, સાંગણવા ચોક, રાજશ્રી સિનેમા, આશાપુરા મંદિર અને કોઠારિયાનાકા થઈ પરત શ્રી કામનાથ મહાદેવ મંદિર પહોંચશે. વરણાગી માત્ર શોભાયાત્રા નહીં પરંતુ ભક્તિ, લોકકલા અને સંસ્કૃતિનો જીવંત ઉત્સવ બની રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

વરણાગીમાં રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા જામખંભાળિયાનું આંબાવાડી કલાવૃંદ, કમરુવાદન, પ્રખ્યાત અઘોરી ગ્રુપ, નાસિક ઢોલ, ગડુના શરણાઈ વાદકો, રાસ-ગરબા મંડળીઓ અને લોકકલાકારો જોડાશે. આ ઉપરાંત વિશિષ્ટ વિષય આધારિત ભવ્ય ઝાંખીઓ પણ વરણાગીની શોભામાં વધારો કરશે. ઢોલના ધબકારા અને શરણાઈના સૂર વચ્ચે કામનાથ મહાદેવના જયઘોષથી રાજકોટ શિવમય બનશે.વધુ માહિતી માટેઃ કેતનભાઈ દવે મો. ૯૮૯૮૦૪૫૭૩૦ સંપર્ક કરવો.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### ગોહિલવાડ...

વચ્ચે ગોહિલવાડમા ખુલ્લેઆમ વેચાયેલા કેમિકલયુક્ત ઝેરી નકલી દારૂના કારણે ૬ યુવકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે ૨૧ જેટલા લોકો ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ બનાવથી સમગ્ર રાજ્યમાં ચકચાર મચી ગઈ છે. ગૃહ વિભાગે સમગ્ર કેસની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલ ને સોંપી દીધી છે. મૃત્યુ આંક હજુ પણ વધે તેવી આશંકા સેવાઈ રહી છે. બુટલેગરોએ બ્રાન્ડેડ રોયલ સ્ટેગ દારૂની ખાલી બોટલો, ઢાંકણા અને સ્ટીકરો મેળવી તેમાં મિથેનોલ મિશ્રિત ઝેરી પ્રવાહી ભર્યું હતું. ઝેરી અસર પામેલા ૧૦ દર્દીઓના લોહી અને યુરિન સેમ્પલમાં ૩૮.૫૯% જેટલું ઘાતક મિથેનોલ મળી આવ્યું છે. સામાન્ય આલ્કોહોલમાં રહેતું ઈથેનોલ માત્ર ૦.૯૪% જ હતું.આ આખું રેકેટ આર્થિક લાભ મેળવવા માટે સિન્ડિકેટ રચીને ચલાવવામાં આવતું હતું. વરતેજના નવા પ્લોટ વિસ્તારની આંબલીવાળી શેરીમાં રહેતા બુટલેગર ગૌતમ સોલંકી અને રઈસ વચ્ચે ભાવનગરમાં દારૂ બનાવવાની ડીલ થઈ હતી. અમદાવાદના સરખેજ વિસ્તારમાંથી લિક્વિડ, ખાલી બોટલ, ઢાંકણા, સ્ટીકર અને મિથેનોલ મંગાવવામાં આવ્યા હતા. કેમિકલનું મિશ્રણ તૈયાર કરવા માટે ઉજ્જૈનથી નરેન્દ્રસિંહ ઉર્ફે ડોકટર નામના વ્યકિતને બોલાવ્યો હતો. કેમિકલ મિક્સ કરનાર નરેન્દ્રસિંહે પોતે પણ આ ઝેરી દારૂ પીધો હતો, જેના કારણે ૧૭ ઓગસ્ટે તેની તબિયત લથડી અને ૧૮ ઓગસ્ટે તેનું પણ મોત નીપજ્યું હતું.ટ્રાન્સપોર્ટમાં સામાન આવ્યા બાદ ગૌતમના ઘરે પ્રથમ તબક્કે ૫૧ પેટી દારૂ બનાવવામાં આવ્યો હતો. આ જથ્થો વિવિધ બુટલેગરો મારફતે ગામડાઓમાં સપ્લાય કરવામાં આવ્યો હતો. ઝેરી ઈંગ્લિશ દારૂ પીવાથી તબિયત લથડી હોય જેમાં ભાવનગર સર ટી. હોસ્પિટલમાં અસરગ્રસ્ત દર્દીઓ વધી રહ્યા છે, મુંબઈથી ફોમેપિઝોલના ૧૦ ઈન્જેક્શન મંગાવવા વહીવટી પ્રક્રિયા શરૂ કરાઈ હોવાનું માહિતી આપતા જણાવ્યું હતું.અસરગ્રસ્તોની સંખ્યા વધી છે, જેને ધ્યાનમાં લઈ તબીબોની ૪ ટીમો રાઉન્ડ ધ કલોક સારવારમાં તહેનાત છે. વધુમાં અસરગ્રસ્તોની સારવાર માટે અમદાવાદ આઈ.કે.ડી.આર.સી. હોસ્પિટલમાંથી કિડની અને લીવરના સ્પેશિયાલિસ્ટ તબીબને બોલાવાયા છે.ડુપ્લીકેટ રોયલ સ્ટેગ દારૂ પીવાથી ૬ વ્યક્તિઓના મોત થયા છે. હાલ ૨૧ વ્યક્તિઓ સારવાર હેઠળ છે. જેમાંથી ૨ દર્દીઓની હાલત ગંભીર અને ૨ને વેન્ટિલેટર ૪ વ્યક્તિ આઈસીયુમાં દાખલ છે. અન્ય લોકો નોર્મલ સ્થિતિમાં સારવાર લઈ રહ્યાં છે. ભાવનગર રેન્જના વડા અન્સારી ભાવનગર જિલ્લા પોલીસ વાળા નિતેશ પાંડે અને ડીવાયએસપી તેમજ એલસીબી પી.આઈ મયુરધ્વજ સિંહ સરવૈયા ,એસઓજી અને ગોહિલવાડ પંથકના તમામ પોલીસ સ્ટાફ દ્વારા દારૂ ના ધંધાર્થીઓ પર તૂટી પડ્યા છે.

### નકલી દારૂની તપાસ...

આવી છે. એસપી મયુર ચાવડાને તાત્કાલિક ભાવનગર મોકલી આ ઘટનામાં કડકમાં કડક કાર્યવાહી કરવાની સૂચનાને પગલે એસએમસીના પી.આઈ એસએમ જાડેજા સહિતનો કાફલો દોડી ગયો હતો અને સ્થાનિક અધિકારીઓ પાસેથી તમામ માહિતીઓ એકત્ર કરી તપાસનો ધમધમાટ આદરવામાં આવ્યો છે

### તાલૂકા વિકાસ અધિકારી...

ટીડીઓ પરેશ પરમારની ગઢડાના તાલુકા વિકાસ અધિકારી તરીકે ઊંઝાના ટીડીઓ જીગરકુમાર પટેલની ગાંધીનગરના ટીડીઓ તરીકે મહેસાણા જિલ્લા પંચાયત કચેરીના ચીટનીશ કમ તાલુકા વિકાસ અધિકારી ભાર્ગવીબેન વ્યાસની ઊંઝા તાલુકા વિકાસ અધિકારી તરીકે, વાસંદાના ટીડીઓ શૈલેષકુમાર બારોટની ખંભાત ટીડીઓ તરીકે બદલી કરવામાં આવી છે.

આ ઉપરાંત સીધી ભરતીથી અજમાશી તાલુકા વિકાસ અધિકારી તરીકે નિમણૂક પામેલા ભૌમિક ઠાકરને લખતર, જય શુક્લને શહેરા વૃતા ભાવસારને આંકલાવ, જયદીપસિંહ ઝૂલાને સાબરકાંઠા,ક્રિષ્ના પટેલને માલપુર,કરણકુમાર ગોહિલને ઉના કરણ શર્માને ઉના અને હરદીપસિંહ મનાતને રાજકોટમાં નિમણુક આપવામાં આવી છે.

### પોરબંદર જિલ્લાના...

કરવામાં આવી છે. વધુમાં વન વિસ્તારની સિંચાઈ યોજનાઓ જેમાં બરડા વન વિસ્તારમાં આવેલી દિપડાઝર સિંચાઈ યોજના માટે જમીન તબદીલીની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા અને સરમણી સિંચાઈ યોજના માટે વન વિભાગ સાથે સંકલન સાધીને કામગીરી સત્વરે શરૂ કરવા સૂચના અપાઈ છે. ઉપરાંત અડવાણા ગામ પાસેની સોરઠી સિંચાઈ યોજના ઓવરફ્લો થવાથી નદીમાં વહી જતા પાણીને પાઈપલાઈનના માધ્યમથી નજીકના અડવાણા સિંચાઈ યોજનામાં સંગ્રહ કરવા અંગેના પાઈપલાઈન પ્રોજેક્ટની શકયતાઓ ચકાસી સમયસર આયોજન કરવા જણાવાયું છે. સાથે જ, કટોકટીના સમયે સૌની નેટવર્કથી ઈનટેક સ્ટ્રક્ચર સુધી જરૂરી એપ્રોચ ચેનલના કામો ઈમરજન્સી ધોરણે પૂર્ણ કરવા આદેશ આપ્યા છે.

પોરબંદર શહેરી વિસ્તારમાં આવેલા સુકાળા તળાવની ઊંડાણ અને પહોળાઈ વધારી તેની જળસંગ્રહ ક્ષમતા વધારવાના કામો ત્વરિત હાથ ધરવા તથા એરપોર્ટ વિસ્તૃતિકરણ હેઠળ આવતા વિસ્તારના ડ્રેઈન-કાંસના કામો ઝડપથી પૂરા કરવા સૂચનાઓ આપવામાં આવી છે.

મંત્રીએ ચાલુ વર્ષ ૨૦૨૬ના નબળા ચોમાસાને ધ્યાને રાખીને પોરબંદર જિલ્લાના તમામ ડેમો, સિંચાઈ યોજનાઓ અને તળાવોને 'સૌની યોજના' મારફત જણાવાયું છે. વધુમાં, હયાત સૌની યોજનાના નેટવર્કને અપગ્રેડ કરી તેની ૭.૦ કિલોમીટરની ત્રિજ્યામાં આવતા તળાવો અને ડેમો પાણીથી ભરી દેવા માટે વિભાગને ચોક્કસ આયોજન હાથ ધરવા જણાવાયું છે.

### રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના...

ગુણવત્તા તથા ઉત્પાદકતા વધારવામાં સહાયતા મળશે.

કેન્દ્રીય મંત્રી ચૌહાણ દ્વારા સિક્કિમ માટે ઙખ-છીંઈંટ્ઢ હેઠળ ૪૭.૩૭ કરોડ રૂ. તથા કૃષોન્નતિ યોજના હેઠળ ૩.૨૧ કરોડ રૂ. ની બીજી મુખ્ય મંજૂરી આપવામાં આવી છે. સિક્કિમમાં આ યોજનાઓના માધ્યમથી કૃષિ પરિયોજનાઓ, સૂક્ષ્મ સિંચાઈ, કૃષિ યાંત્રીકીકરણ, જમીન અને જળ સંરક્ષણ તથા કૃષિ-વનીકરણને પ્રોત્સાહન આપવામાં આવશે. રાજ્યની ભૌગોલિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ટકાવ અને પર્યાવરણ અનુકૂળ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવું આ યોજનાઓનો મહત્વપૂર્ણ ઉદ્દેશ્ય છે.

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહે કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચેના વધુ સારા સંકલનથી કૃષિ યોજનાઓનો પ્રભાવ વધુ વધશે. રાજ્યોએ સ્થાનિક જરૂરિયાતો અને ખેડૂતોની પ્રાથમિકતાઓને અનુરૂપ પરિયોજનાઓને લાગુ કરવી જોઈએ જેથી યોજનાઓનો સીધો લાભ ખેતર અને ખેડૂત સુધી પહોંચી શકે. તેમણે કહ્યું કે સરકાર ખેડૂતોને માત્ર આર્થિક સહાયતા આપવા સુધી સીમિત નથી, પરંતુ ખેતીને આધુનિક, ટકાવ અને લાભદાયી વ્યવસાય બનાવવા માટે વ્યાપક સ્તર પર કામ કરી રહી છે. કૃષિ યાંત્રીકીકરણ, સૂક્ષ્મ સિંચાઈ, બાગાયત, તેલીબિયાં-કઠોળ ઉત્પાદન, ડિજિટલ ટેકનોલોજી અને કૃષિ-વનીકરણ જેવા ક્ષેત્રોમાં રોકાણથી ખેડૂતોની આવક વધારવા તથા ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવામાં મદદ મળશે.

કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગુજરાત અને સિક્કિમ સરકારોને યોજનાઓ હેઠળ મંજૂર કાર્યોને નિર્ધારિત સમયમાં પૂરા કરવા તથા તેમના પરિણામોનું મૂલ્યાંકન કરવાનો આગ્રહ કર્યો. તેમણે કહ્યું કે ખેડૂતોનું કલ્યાણ કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કૃષિ ક્ષેત્રના વિકાસ માટે આવશ્યક સંસાધનોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવતી રહેશે.

### બિન અનામત વર્ગના છાત્રો...

મેળવવાની તક મળે છે. આવા વિદ્યાર્થીઓ ભવિષ્યમાં પોતાની કારકિર્દીને નવી ઊંચાઈએ લઈ જઈ શકે છે અને શિક્ષણ પૂર્ણ કર્યા બાદ ગુજરાત તથા દેશના વિકાસમાં પણ યોગદાન આપી શકે છે. આવક મર્યાદામાં કરાયેલો આ વધારો 'વધુ વિદ્યાર્થીઓને તક અને વધુ યુવાનોને વૈશ્વિક શિક્ષણ' તરફનું મહત્વપૂર્ણ પગલું બની શકે છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** સ્વ. મનહરલાલ જે. કામદાર અને નિર્મળાબેન એમ. કામદારના પુત્ર વિજયભાઈ તે અનુપમાબેનના પતિ, રાજેશભાઈ કામદાર અને રેખાબેન રાજેશકુમાર બાટવિયાના મોટાભાઈ, જીગ્નેશ તેમજ પૂનમના પિતા, સેજલ તેમજ દિપક ટી. મોદીના સસરા, ચિ. ગાથાના દાદા, ચિ. માનવના નાના, સ્વ. અમૃતલાલ માણેકચંદ શેઠ મોરબીના જમાઈનું તા. ૧૬ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૨૧ ને શુક્રવારના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે, પારસધામ જૈન દેરાસર, ૧ જલારામ પ્લોટ, નિર્મલા રોડ, ફાયર બ્રિગેડ પાછળ, રાજકોટ ખાતે રાખલ છે.

**રાજકોટ :** કેશુભાઈ નાગજીભાઈ ગોહેલ (દડવીવાળા) હાલ રાજકોટ (ઉ.વ.૮૦) તે કિરીટભાઈ, અલ્પેશભાઈ તથા ભરતભાઈના પિતાનું તા.૧૯-૮-૨૦૨૬ ના અવસાન થયેલ છે. બેસણું : તા.૨૨-૮-૨૬ ને શનિવારના સવારે ૯ થી ૧૧, નિવાસસ્થાનની સામે, મિલન હોલ, નહેરુનગર ૮૦ ફુટ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** પ્રવીણભાઈ શાંતિલાલ મકવાણા જે રેખાબેનના પતિ અને મિતેશભાઈ, અંકુરભાઈ, શીતલબેન ના પિતાનું તાઃ ૧૮-૮ના મંગળવારે અવસાન થયેલું છે જેનું બેસણું તાઃ ૨૧-૮ શુક્રવારના સાંજે ૪ થી ૬ આત્મીય કોલેજમાં હરીદર્શનમ મંદિરની પાછળના હોલમાં રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# પ્રજાના પ્રશ્ને કોર્પોરેશનમાં કોંગ્રેસનું હલ્લાબોલ: પ્રમુખ સહિત ૩૦ કાર્યકરોની અટકાયત

## ગંદુ પાણી, ખાડાયુક્ત રસ્તા, રોગચાળો, પ્રિમોન્સૂન કામગીરી અને કથિત ભ્રષ્ટાચારના મુદ્દે વિરોધ: પ્રશ્નો નહીં ઉકેલાય તો ઉગ્ર જનઆંદોલનની ચીમકી

**અબતક, રાજકોટ**

શહેરમાં ગંદુ પીવાનું પાણી, ખાડાયુક્ત રસ્તાઓ, રોગચાળો, અધૂરી પ્રિમોન્સૂન કામગીરી તેમજ મહાનગરપાલિકામાં કથિત ભ્રષ્ટાચાર સહિતના પ્રજાલક્ષી પ્રશ્નોને લઈને આજે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મહાનગરપાલિકા ખાતે ઉગ્ર વિરોધ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાની આગેવાની હેઠળ યોજાયેલા વિરોધ દરમિયાન પોલીસ દ્વારા શહેર પ્રમુખ સહિત આશરે ૩૦ કોંગ્રેસ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.

કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ મહાનગરપાલિકા ખાતે પહોંચીને શહેરની વિવિધ સમસ્યાઓ અંગે સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે ચોમાસાની શરૂઆત સાથે જ મનપાની પ્રિમોન્સૂન કામગીરીના દાવાઓની પોલ ખુલી ગઈ છે. શહેરના અનેક વિસ્તારોમાં ગંદુ અને દુર્ગંધયુક્ત પીવાનું પાણી મળી રહ્યું છે, જ્યારે રસ્તાઓ પર પડેલા અસંખ્ય ખાડાઓથી વાહનચાલકો અને રાહદારીઓ પરેશાન છે.

કોંગ્રેસે વધુમાં જણાવ્યું હતું કે પ્રિમોન્સૂન કામગીરી પાછળ મોટા દાવા કરવામાં આવ્યા હોવા છતાં શહેરની વર્તમાન સ્થિતિ જોતા મોટાભાગની કામગીરી કાગળ પર જ રહી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ચોમાસામાં ગંદકી અને દૂષિત પાણીની સમસ્યાને કારણે રોગચાળો પણ વકર્યો હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો. અખબારી અહેવાલોને ટાંકીને કોંગ્રેસે છેલ્લા એક સપ્તાહમાં ૧૫૦૦થી વધુ રોગચાળાના કેસ નોંધાયા હોવાનો દાવો કર્યો હતો.

તાજેતરમાં શહેરમાં થયેલા મેગા ડિમોલેશન બાદ જવાબદારી નક્કી કરવા રચાયેલી સીટ અંગે પણ કોંગ્રેસે સવાલ ઉઠાવ્યા હતા. કોંગ્રેસનો આક્ષેપ છે કે સીટ રચના થયા બાદ પણ આજદિન સુધી જવાબદારો સામે અસરકારક કાર્યવાહી જોવા મળી નથી. આથી સીટની કાર્યવાહી માત્ર લોકોનો રોષ શાંત કરવા પૂરતી રહી હોવાનો કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો.

શહેર કોંગ્રેસે અગાઉ જનરલ બોર્ડની બેઠક સમયે ત્રિકોણ બાગ ખાતે 'જનઆક્રોશ ધરણા' યોજીને ગંદુ પાણી, રસ્તાના ખાડા, ભ્રષ્ટાચાર, અધૂરી પ્રિમોન્સૂન કામગીરી સહિતના પ્રશ્નો ઉઠાવ્યા હતા. આમ છતાં સમસ્યાઓ યથાવત રહેતાં આજે ફરી મનપા ખાતે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.





### પ્રશ્નો નહીં ઉકેલાય તો ઉગ્ર આંદોલનની ચીમકી

**રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિએ મહાનગરપાલિકા તંત્ર સમક્ષ શહેરના પ્રજાલક્ષી પ્રશ્નોનું તાત્કાલિક અને અસરકારક નિરાકરણ લાવવાની માંગ કરી હતી. સાથે જ ચેતવણી આપી હતી કે જો સમસ્યાઓનો ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર જનઆંદોલન કરવામાં આવશે. વિરોધ કાર્યક્રમમાં જશવંતસિંહ ભટ્ટી, વશરામભાઈ સાગઠીયા, ડી.પી. મકવાણા, ગોપાલભાઈ અનગઢ, સંજયભાઈ અજુડિયા, વૈશાલીબેન શિંદે, જયદીપ મયાત્રા, હરદીપભાઈ રાઠોડ, આર્યનભાઈ કુરેશી, કરીનાબેન કુરેશી, હરેશભાઈ ભારાઈ, સુરેશભાઈ ગરૈયા, કનકસિંહ જાડેજા, ડાયાભાઈ શેઠિયા, દીપુબેન રવૈયા, નિલેશભાઈ મારુ, હીરાભાઈ પરમાર, હેમાંગીબેન ગોંડલિયા, સુનિલભાઈ ચાવડિયા, રસિકભાઈ ભટ્ટ, રણજીતભાઈ મુંધવા, જલ્પેશભાઈ વાઘેલા, સલીમભાઈ કારીયાણીયા, જીતુભાઈ રાઠોડ, ભાવેશભાઈ વાઘેલા, યજ્ઞેશભાઈ જોશી, નીતિનભાઈ ભંડેરી, યોગીતાબેન વાડોલિયા, રાજુભાઈ ચાવડા, હિરલબેન રાઠોડ, મેપાભાઈ કણસાગરા, ગૌરવભાઈ પુજારા, મયુરભાઈ શાહ, અલ્તાફભાઈ મેમણ સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.**

શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાજકોટની જનતા ગંદા પાણી, ખાડાયુક્ત રસ્તાઓ, રોગચાળો, અધૂરી કામગીરી અને ભ્રષ્ટાચારથી ત્રસ્ત છે. પ્રજાના સુખાકારીના પ્રશ્નોને લઈને અવારનવાર મહાનગરપાલિકામાં રજૂઆતો કરવા છતાં અનેક પ્રશ્નો આજે પણ યથાવત છે અને તંત્ર ભરનિંદ્રામાં હોય તેવી સ્થિતિ છે.

તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી સમયે ભાજપના કોર્પોરેટરો મોટા વચનો આપે છે, પરંતુ આજે પોતાના જ વોર્ડમાંથી ગાયબ થઈ ગયા છે. પ્રજાએ ચૂંટીને મહાનગરપાલિકામાં મોકલેલા પ્રતિનિધિઓની પ્રથમ જવાબદારી પોતાના વિસ્તારના લોકોની સમસ્યાઓ ઉકેલવાની હોવી જોઈએ. શહેરમાં આરોગ્ય, સ્વચ્છતા, શુદ્ધ પીવાનું પાણી, રસ્તા સહિતની પ્રાથમિક સુવિધાઓના પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ આવવું જોઈએ, પરંતુ આ મામલે તંત્ર નિષ્ફળ રહ્યું હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. રાજકોટની જનતાને શુદ્ધ પીવાનું પાણી, સારા રસ્તાઓ અને જરૂરી પ્રાથમિક સુવિધાઓ નહીં મળે ત્યાં સુધી કોંગ્રેસની લડત ચાલુ રહેશે, તેમ ડો. જાડેજાએ જણાવ્યું હતું.

# જિલ્લા બેંકમા રૂ.૭૧.૬૨ લાખની ઉચાપતમાં ઈન્ચાર્જ મેનેજરની બરતરફી યથાવત

## અનીડા વાછડા બેંક શાખામા ગેરરીતી આચરવામાં ચેતન વિરડીયાની ઔદ્યોગિક અદાલતે અપીલ રદ કરી

**અબતક, રાજકોટ**

જિલ્લા બેંકની અનીડા વાછરા બ્રાંચના રૂ.૭૧.૬૨ લાખના કૌભાંડમાં ઈન્ચાર્જ મેનેજરને બેન્ક દ્વારા બરતરફ કરવામાં આવતા ઈન્ચાર્જ મેનેજર પુનઃસ્થાપિત થાવ કરેલી અપીલ ઔદ્યોગિક અદાલતે રદ કરી મજૂર અદાલતના હુકમને યથાવત રાખતો હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ ગોંડલ તાલુકાના અનીડા (વાછડા) મંડળીના ઓડિટમાં સરવૈયા અને બેંકના રેકર્ડ વચ્ચે રૂા. ૭૧,૬૨,૦૦૦ જેટલો મોટો તફાવત સામે આવતા મંડળીમાં મોટી ઉચાપત થયેલ હોવાનું માલુમ પડ્યું હતું. રાજકોટ ડિસ્ટ્રિક્ટ બેંકની અનીડા વાછરા બ્રાંચના ઈન્ચાર્જ મેનેજર ચેતન વિરડીયાએ ખોટા શેરા કરી, બેંકના પરિપત્રના ઉલ્લંઘન સાથે કેસીસી લોનના ચેક મંજૂરી વગર પાસ કર્યા હતા. સ્ટોક કે ખરીદીના બિલો ચેક કર્યા વિના જ કામગીરી કરી હતી અને મંડળીના સભ્ય ન હોવા છતાં રૂા. ૨૯,૦૦૦નો ચેક પોતાના ખાતામાં જમા લીધો હતો. ખાતાકીય તપાસમાં આરોપો પુરવાર થતાં બેંકે ઈન્ચાર્જ બ્રાન્ચ મેનેજર ચેતન વિરડીયાને

નોકરીમાંથી બરતરફ કર્યા હતા. આ હુકમ સામે ચેતન વિરડીયાએ પ્રથમ મજુર અદાલતમાં પુનઃસ્થાપિત થવા કેસ કર્યો હતો. જોકે મજુર અદાલતે ઈરાદાપૂર્વકની બેદરકારી અને મંડળીના મંત્રીને ઉચાપતમાં મદદ કરવાનો ગુનો ગણી બેંકનું પગલું વ્યાજબી ઠેરવ્યું હતું. ત્યારબાદ તેમણે ઔદ્યોગિક અદાલતમાં અપીલ કરી હતી. ઔદ્યોગિક અદાલતના ન્યાયાધીશ પી.એ. માલવીયાએ અપીલ રદ કરી બરતરફીનો હુકમ યથાવત રાખ્યો હતો. આ કેસમાં બેંક તરફે એસ.બી. ગોગિયા લો-ફર્મના ધારાશાસ્ત્રીઓ અનિલ એસ. ગોગિયા, પ્રકાશ એસ. ગોગિયા, સીન્યુબેન ગોગિયા અને રોહન પી. ગોગિયા રોકાયેલ હતા.

# અરે વાહ: ગુજરાતમાં મેલેરિયાના કેસમાં ૪૫ ટકા ડેન્ગ્યુમાં ૩૯ ટકાનો ઘટાડો

## વર્ષ ૨૦૨૫ના સપ્તાહ-૩૩ની સરખામણીમાં આ વર્ષે ચિકનગુનિયાના કેસોમાં પણ ૪૮.૧%નો ઘટાડો

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં વર્ષ ૨૦૨૬ના સપ્તાહ-૩૩ સુધીના આંકડા મુજબ, ગત વર્ષની સમાન અવધિની સરખામણીમાં રાજ્યમાં મેલેરિયાના કેસોમાં ૪૫.૦%, ડેન્ગ્યુમાં ૩૯.૧% અને ચિકનગુનિયામાં ૪૮.૧%નો ઘટાડો નોંધાયો છે.

વર્ષ ૨૦૨૫ના સપ્તાહ-૩૩માં જેમાં મેલેરિયાના ૧,૪૦૭ કેસ નોંધાયા હતા. જ્યારે વર્ષ ૨૦૨૬માં આ જ સમયગાળા દરમિયાન મેલેરિયાના કેસોની સંખ્યા ઘટીને ૭૭૪ થઈ છે. તો ડેન્ગ્યુના કેસો ૧,૨૯૩થી ઘટીને ૭૮૮ અને ચિકનગુનિયાના કેસો ૧૫૪થી ઘટીને ૮૦ થયા છે. આ સમયગાળા દરમિયાન મેલેરિયા અને ડેન્ગ્યુના કારણે એક પણ મૃત્યુ નોંધાયું નથી.

રોગોની સમયસર ઓળખ અને સારવાર સુનિશ્ચિત કરવા રાજ્યમાં નિદાન વ્યવસ્થાને પણ વધુ સુદૃઢ બનાવવામાં આવી છે. ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના નિદાન માટે મેડિકલ કોલેજ સાથે સંલગ્ન ૪૨ હોસ્પિટલોમાં નિદાન કેન્દ્રો કાર્યરત છે. વર્ષ ૨૦૨૬માં સપ્તાહ-૩૩ સુધીમાં આ કેન્દ્રો ખાતે ડેન્ગ્યુ માટે ૮૩ હજારથી વધુ અને ચિકનગુનિયા માટે ૧૨ હજારથી વધુ સીરમ સેમ્પલની તપાસ કરવામાં આવી છે. એટલે કે, બંને રોગો માટે કુલ અંદાજે ૯૬ હજાર સેમ્પલની તપાસ થઈ છે. મેલેરિયાની દ્રષ્ટિએ સંવેદનશીલ ૨૪ જિલ્લાઓના ૧૧૬ ગામોની લગભગ ૧ લાખથી વધુની વસ્તીને જંતુનાશક દવાના છંટકાવના પ્રથમ રાઉન્ડમાં આવરી લેવામાં આવી છે. જ્યારે બીજા રાઉન્ડનો છંટકાવ ૧ ઓગસ્ટ, ૨૦૨૬થી શરૂ કરવામાં આવ્યો છે. ચોમાસા દરમિયાન સંવેદનશીલ વિસ્તારોમાં તાવ સર્વેલન્સ અને પોરાનાશક કામગીરીને વધુ વેગ આપવા માટે રાજ્યના જિલ્લાઓ અને મહાનગરપાલિકાઓમાં ૪૯૭ વેક્ટર કંટ્રોલ ટીમો તૈનાત કરવામાં આવી છે. મચ્છરોના લાર્વાના નિયંત્રણ માટે જુલાઈ ૨૦૨૬ના અંત સુધીમાં રાજ્યમાં ૫,૦૨૪ કાયમી જળ ભરાવવાળા સ્થળોએ લાર્વા ખાનારી માછલીઓ છોડવામાં આવી છે. મચ્છરોના પ્રજનનને શરૂઆતી તબક્કામાં જ નિયંત્રિત કરવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે જરૂરી દવાઓ, લાર્વિસાઈડ્સ અને આવશ્યક સાધનોનો પૂરતો જથ્થો સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, વાહકજન્ય રોગોની સ્થિતિ પર દૈનિક, સાપ્તાહિક અને માસિક ધોરણે સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

# ગુજરાતમાં દારૂ અને ડ્રગ્સના દૂષણને રોકવામાં ભાજપ સરકાર નિષ્ફળ: કોંગ્રેસ પ્રવક્તા ડો.મનિષ દોશી

## કોંગ્રેસે 'કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો' જેવા સરકારી દાવા સામે સવાલો ઉઠાવી છ લઠ્ઠાકાંડ યાદ અપાવ્યા

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં દારૂ અને ડ્રગ્સના વધી રહેલા વેપાર સામે વિપક્ષ કોંગ્રેસે ભાજપ સરકાર અને ગૃહ વિભાગ પર આકરા પ્રહારો કર્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશીએ આરોપ લગાવ્યો હતો કે, ''કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો'' ના સૂત્રો આપીને વાહવાહી ઉઘરાવનાર ગૃહમંત્રી અને પોલીસ તંત્ર, અસામાજિક તત્વો તથા બુટલેગરો સામે નાકામ સાબિત થયા છે. કોંગ્રેસે સવાલ ઉઠાવ્યો છે કે રાજ્યમાં દારૂબંધી હોવા છતાં બેરોકટોક દારૂ અને ડ્રગ્સ ઘૂસી રહ્યું છે, જેને રોકવામાં સરકારી તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યું છે.

કોંગ્રેસે વધુમાં જણાવાયું હતું કે શાસકો, પોલીસ તંત્ર અને અસામાજિક તત્વોની મિલીભગતથી દારૂના ટેન્કરો અને ડ્રગ્સનું નેટવર્ક ચાલી રહ્યું છે. પોતાના આરોપોના સમર્થનમાં કોંગ્રેસે ભૂતકાળમાં બનેલી છ મોટી લઠ્ઠાકાંડની ઘટનાઓ યાદ અપાવી હતી; જેમાં ૨૦૦૯નું અમદાવાદ (૧૩૬થી વધુ મોત), ૨૦૧૬નું સુરતનું વરેલી (૧૬થી વધુ મોત), ૨૦૨૨નું બોટાદ-અમદાવાદ (૪૨થી વધુ મોત), જાન્યુઆરી ૨૦૨૪નું દહેગામ (૨ મોત), ફેબ્રુઆરી ૨૦૨૫નું નડિયાદ (૩ મોત) અને તાજેતરમાં ઓગસ્ટ ૨૦૨૬માં ભાવનગરમાં બનેલો લઠ્ઠાકાંડ (૪ મોત) શામેલ છે.

અંતમાં કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે, વારંવાર બનતી આવી માનવસર્જિત હોનારતો અને દારૂ-ડ્રગ્સના દૂષણથી રાજ્યના યુવાનોનું ભવિષ્ય જોખમાઈ રહ્યું છે. સરકાર દ્વારા કરવામાં આવતા કાયદાકીય અમલીકરણના પોકળ દાવાઓ વચ્ચે સતત બની રહેલા લઠ્ઠાકાંડો જ દારૂબંધીના વાસ્તવિક અમલની પોલ ખોલી રહ્યા છે.

# ટેકનોલોજી મેન્યુફેક્ચરિંગ પ્લેટફોર્મ નેટવર્ક દ્વારા રૂ.૨,૬૦૦ કરોડના આઈપીઓ માટે સેબી પાસે દસ્તાવેજ રજૂ કરાયા

## આઈપીઓ દ્વારા એકત્રિત ભંડોળનો ઉપયોગ દેવાની ચુકવણી, સંપાદન અને સામાન્ય ઉદ્દેશો માટે થશે

**અબતક, રાજકોટ**

ઔદ્યોગિક અને વપરાશી સામાન માટે તકનીકી-આધારિત ઉત્પાદન મંચ જેટવર્કે ભારતીય જામીનગીરી અને વિનિમય મંડળ (સેબી) પાસે તેના સુધારેલા દસ્તાવેજો નોંધાવ્યા છે. આ આઈપીઓમાં રૂ. ૧ ની મૂળ કિંમત ધરાવતા શેરના રૂ. ૨,૬૦૦ કરોડના નવા ઈશ્યુ અને ૯૬,૮૩૭,૪૫૫ શેરના વેચાણની દરખાસ્ત છે. એકત્રિત રકમમાંથી કંપનીના રૂ. ૧,૨૫૦ કરોડ તથા ગૌણ કંપનીઓના રૂ. ૫૫૦ કરોડના દેવાની ચુકવણી કરાશે, જ્યારે બાકીની રકમનો ઉપયોગ નવી કંપનીઓના સંપાદન તથા સામાન્ય ઉદ્દેશો માટે થશે. અમૃત પ્રતીક આચાર્ય અને શ્રીનાથ રામકૃષ્ણન દ્વારા પ્રવર્તિત આ કંપની ભારતમાં સેન્સેક્સની ૮, નિફ્ટી-૫૦ની ૧૬ અને ફોર્ચ્યુન ૫૦૦ની ૧૦૨ કંપનીઓ ધરાવે છે, જેમાં સિમેન્સ ગેમ્સ, એર ઈન્ડિયા, નેક્સ્ટપાવર, સીજી પાવર, એનટીપીસી પુનઃપ્રાપ્ય ઊર્જા, એલએન્ડટી એમએચઆઈ, ડીઆરડીઓ, નાલ્કો, આઈઓસીએલ, મોર્ટેસન, નોર્ડેક્સ એક્સિયોના, ભારતીય વાયુ સેના અને નુમાલીગઢ રિફાઈનરી લિમિટેડ સામેલ છે. ભારત સહિત ચાર દેશોમાં ૨૬ ઉત્પાદન એકમો ધરાવતી જેટવર્કને 'સૌથી મજબૂત ભારતીય બ્રાન્ડ ૨૦૨૬' માં સૌથી ઝડપથી આગળ વધતી ઈજનેરી બ્રાન્ડનો દરજ્જો મળ્યો છે.

કંપનીની કામગીરીમાંથી આવક નાણાકીય વર્ષ ૨૦૨૬માં ૪૦.૪૩ ટકા વધીને રૂ. ૧૫,૯૧૩ કરોડ થઈ છે. કંપનીએ રૂ. ૨૪૮.૮ કરોડના નુકસાન સામે રૂ. ૪૫.૭ કરોડનો સુધારેલો કરવેરા પહેલાનો નફો નોંધાવ્યો છે અને ઉત્પાદન ઓર્ડર બુક રૂ. ૧૨,૩૭૦ કરોડ થઈ છે. આ ભરણાં માટે મુખ્ય સંચાલક તરીકે કોટક મહિન્દ્રા કેપિટલ, મોર્ગન સ્ટેનલી, ગોલ્ડમેન સેક્સ, એવેન્ડસ કેપિટલ, જેએમ ફાઈનાન્શિયલ, એચએસબીસી સિક્યોરિટીઝ અને પેન્ટોમેથ કેપિટલ સેવા આપી રહ્યા છે.

# સેરેનીટી ગાર્ડન લાફીંગ ક્લબ દ્વારા નેચરોપેથી શિબિર યોજાઈ

## લાફીંગ ક્લબ પરિવાર દ્વારા દીકરાના ઘર' વૃદ્ધાશ્રમને રૂ. ૨૧,૦૦૦નું આર્થિક યોગદાન આપવામાં આવ્યું

**અબતક રાજકોટ**

રાજકોટ ખાતે સેરેનીટી ગાર્ડન લાફીંગ કલબ દ્વારા પ્રમુખ ગાંગજીભાઈ સાદરીયા અને મંત્રી અશ્વિનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ''નેચરોપેથી આરોગ્ય શિબિર'' યોજાઈ હતી. જેમાં નિષ્ણાત ડો. રમેશભાઈ કોયાણીએ પ્રાકૃતિક આહાર અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે યોગ શિક્ષિકા અર્ચનાબેન વિરમગામા અને ટિમ્બલબેન વસાણી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ડો. કોયાણીનું કેસરી ખેસ, સ્મૃતિ ભેટ અને શ્રીનાથજીનું ચિત્રજી આપી સન્માન કરાયું હતું.



આ કાર્યક્રમમાં ગાંગજીભાઈ સાદરીયા, ભાવિનભાઈ ચાંગેલા, અશ્વિનભાઈ પટેલ, અનિલભાઈ પારેખ, અશોકભાઈ કાથરોટીયા, રોહિતભાઈ મોસંપરા અને અશોકભાઈ કણઝારીયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, ઢોલરા ખાતે મંદિર જીર્ણોદ્ધાર પ્રસંગે ફલેટ પરિવાર તરફથી રૂ. ૨૧,૦૦૦નું યોગદાન અપાયું હતું, જ્યાં સંસ્થાપક મુકેશભાઈ દોશીનું સન્માન કરાયું હતું. ધારાસભ્ય ભાનુબેન બાબરીયાએ પણ હાજરી આપી પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમમાં જયંતિભાઈ માંડલીયા, દિનેશભાઈ લીંબડ, ધીરજબેન વાઢેર, ભાનુબેન રાજ્યગુરુ, પ્રદ્યુમનસિંહ જાડેજા, મોલેશભાઈ વ્યાસ, સંજયભાઈ પઢીયાર, મહેશભાઈ મકવાણા, રણજિત પરમાર, જયેશભાઈ જોશી, લલિત સોલંકી, કિરણભાઈ વાછાણી અને વરુણભાઈ પટેલે સહયોગ આપ્યો હતો. સંચાલન તથા ફોટોગ્રાફી અશ્વિનભાઈ પટેલે અને આભારવિધિ ભાવિનભાઈ ચાંગેલાએ કરી હતી.

# કોંગ્રેસ દ્વારા પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે પૂષ્પાંજલિ અર્પણ

## ટેલિકોમ ક્રાંતિ અને પંચાયતી રાજના સશક્તિકરણમાં રાજીવ ગાંધીનું યોગદાન: ડો.રાજદીપસિંહ જાડેજા

**અબતક, રાજકોટ**

ભારતના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા તેમની પ્રતિમાને પુષ્પાર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે કોંગ્રેસના આગેવાનોએ રાજીવ ગાંધીજીના રાષ્ટ્ર નિર્માણમાં આપેલા અમૂલ્ય યોગદાનને યાદ કરી તેમના આદર્શોને અનુસરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, સ્વ. રાજીવ ગાંધી આધુનિક ભારતના શિલ્પી હતા. ટેલિકોમ ક્રાંતિ, કમ્પ્યુટરાઈઝેશન, પંચાયતી રાજનું સશક્તિકરણ અને ૧૮ વર્ષની ઉંમરે મતાધિકાર જેવા તેમના નિર્ણયોએ દેશની લોકશાહીને વધુ મજબૂત બનાવી છે.



આ કાર્યક્રમમાં ડો. રાજદીપસિંહ જાડેજા સહિત ડો. હેમાંગ વસાવડા, જસવંતસિંહ ભટ્ટી, ડી.પી. મકવાણા, વશરામભાઈ સાગઠીયા, અતુલ રાજાણી, રહીમ સોરા, ગાયત્રીબા વાઘેલા, વૈશાલી શીંદે, દિપ્તીબેન સોલંકી, હેમાગીબેન, અર્જુન ભાઈ ચોહાણ, ઈબ્રાહિમ ભાઈ સોરા, હરપાલસિંહ જાડેજા, કૃષ્ણદત રાવલ, જોન ભાઈ, માવજી ભાઈ ડોડીયા, અજીતભાઈ વાંક, જીતુ ભાઈ રાઠોડ, જીતુ ભાઈ ઠાકર, પુનુસભાઈ, જલ્પેશ વાઘેલા, જગદીશસિંહ જાડેજા, કેતન ભાઈ તાળાં, જુણેજા, સુરેશ ભાઈ ગેરીયા, અમિત ભાઈ ઠાકર, મનસુખભાઈ જાદવર, ડો. ભારત કોયાણી, કમલેશ ભાઈ, નરેશ પરમાર અને અશોક ભાઈ વાળા ઉપસ્થિત રહ્યા હતા.

# વિવાહિત વિવાદમાં બાળકના ડીએનએ ટેસ્ટને મંજૂરી આપી શકાય: સુપ્રીમ કોર્ટ

## 'વાંધો શા માટે?': પત્નીની અરજી ફગાવી પુણે કોર્ટ અને બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો યથાવત રાખ્યો

**અબતક, નવી દિલ્હી**

લગ્ન દરમિયાન જન્મેલા બાળકને કાયદેસર માનવામાં આવતું હોવા છતાં, સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું છે કે વૈવાહિક વિવાદમાં બાળકના પિતૃત્વ પરીક્ષણ (ઉગઅ ટેસ્ટ)ની મંજૂરી આપી શકાય છે. આ આદેશ એવા કેસમાં આપવામાં આવ્યો છે જ્યાં પતિએ પત્નીના કથિત અનૈતિક આચરણના આધારે છૂટાછેડા માંગ્યા હોય અને દાવો કર્યો હોય કે તે બાળકના જૈવિક પિતા નથી.

જસ્ટિસ એમ. એમ. સુંદરેશ અને જસ્ટિસ પ્રસન્ન બી. વરાળેની બેન્ચે ડીએનએ ટેસ્ટનો વિરોધ કરતી મહિલાની અરજી ફગાવી દીધી હતી. મહિલાની દલીલ હતી કે કોઈ પણ પક્ષને ડીએનએ ટેસ્ટ કરાવવા માટે દબાણ કરી શકાય નહીં તે કાયદાનો સ્થાપિત નિયમ છે, તેથી પતિની છૂટાછેડાની અરજીનો નિર્ણય આ ટેસ્ટ વિના થવો જોઈએ. આ અંગે કોર્ટે ટિપ્પણી કરી હતી કે, ''જો તમે વફાદાર છો, તો આ ટેસ્ટ સામે તમને વાંધો કેમ હોવો જોઈએ?''



સુપ્રીમ કોર્ટે પુણે ફેમિલી કોર્ટ અને બોમ્બે હાઈકોર્ટના ચુકાદાને યથાવત રાખતા બાળકના ડીએનએ ટેસ્ટનો માર્ગ મોકળો કર્યો છે.પતિએ અગાઉ ખાનગી ધોરણે હૈદરાબાદની લેબોરેટરીમાંથી ડીએનએ ટેસ્ટ કરાવ્યો હતો, જે નેગેટિવ આવ્યો હતો (એટલે કે પિતા હોવાની સંભાવના શૂન્ય દર્શાવી હતી). આ રિપોર્ટના આધારે પતિએ છૂટાછેડા માટે અરજી કરી પુરાવા તરીકે કોર્ટ દ્વારા માન્ય ડીએનએ ટેસ્ટ કરાવવાની માંગણી કરી હતી.હાઈકોર્ટે પોતાના આદેશમાં નોંધ્યું હતું કે અનૈતિક આચરણના આક્ષેપોને સાબિત કરવા માટે ડીએનએ રિપોર્ટ સિવાય અન્ય કોઈ નિર્ણાયક પુરાવો મળવો મુશ્કેલ છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ મામલે ડીએનએ પરીક્ષણ જરૂરી જણાતાં કોર્ટે આદેશને બહાલી આપી છે.

# ઈન્કમટેક્સની સ્ક્રુટિની નોટિસથી ગભરાશો નહીં ઘરે બેઠા ઓનલાઈન જવાબ આપી શકશો

## ટેક્સ પોર્ટલ પર ડેટા મિસમેચ અને મોટા વ્યવહારોને કારણે નોટિસ આવવાની શક્યતા; સમયમર્યાદામાં પુરાવા સાથે ઓનલાઈન સ્પષ્ટતા રજૂ કરવી અનિવાર્ય


અબતક રાજકોટ

ઈન્કમટેક્સ રિટર્ન ભર્યા બાદ જો વિભાગ તરફથી કલમ ૧૪૩(૩) હેઠળ સ્ક્રુટિની નોટિસ મળે તો તેનાથી ડરવાની જરૂર નથી, પરંતુ તેને યોગ્ય રીતે સમજીને સમયસર ઉત્તર આપવો જરૂરી છે. આવકવેરા વિભાગે હવે સમગ્ર સ્ક્રુટિની પ્રક્રિયાને 'ફેસલેસ' બનાવી દીધી છે, જેથી કોઈપણ કરદાતાએ અધિકારી સમક્ષ રૂબરૂ હાજર રહેવું પડતું નથી. સમગ્ર પ્રક્રિયા ટેકનોલોજી આધારિત અને પારદર્શક બનાવવામાં આવી છે.

સ્ક્રુટિની નોટિસ આવવાના મુખ્ય કારણોમાં ફાઈલ કરેલા રિટર્ન અને એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ કે ફોર્મ ૨૬ એએસ માં નોંધાયેલી રકમ વચ્ચે તફાવત હોવો. નાણાકીય વર્ષ દરમિયાન કરવામાં આવેલી મોટી રકમની લેવડ-દેવડ. રિયલ એસ્ટેટ ખરીદ-વેચાણ, શેર ટ્રેડિંગ કે કેપિટલ ગેઈન્સની વિગતોમાં વિસંગતતા. ખોટી કે શંકાસ્પદ કપાત અથવા કરમુક્તિના દાવા જેવા કારણો હોય છે

### ફેસલેસ એસેસમેન્ટ એટલે શું?

આ પ્રક્રિયામાં કરદાતા અને અધિકારી વચ્ચે કોઈ વ્યક્તિગત સંપર્ક થતો નથી. તમામ નોટિસ, જવાબો અને સહાયક દસ્તાવેજો ઈ-ફાઈલિંગ પોર્ટલ દ્વારા જ આપવાના રહે છે. કેસની વહેંચણી અને તપાસ સંપૂર્ણપણે કેન્દ્રીય સિસ્ટમ દ્વારા થાય છે, જેથી પક્ષપાત કે વિવેકાધીન નિર્ણયોની શક્યતા નહિવત બને છે.




જવાબ સબમિટ કર્યા પછી પણ કરદાતાઓએ સમયાંતરે ઈન્કમટેક્સ પોર્ટલ ચેક કરતા રહેવું જોઈએ. જો વિભાગ તરફથી કોઈ વધારાની સ્પષ્ટતા કે ડ્રાફ્ટ ઓર્ડર આવે તો નિર્ધારિત સમયમાં તેનો યોગ્ય પ્રત્યુત્તર આપી શકાય. નિયમિત મોનિટરિંગ અને ચોક્કસ પુરાવા સાથેનો જવાબ કરદાતાને બિનજરૂરી દંડ કે વિવાદથી બચાવી શકે છે.

### કરદાતાઓએ લેવાના મહત્વપૂર્ણ પગલાં

| તબક્કો | શું કરવું? | ધ્યાનમાં રાખવાની બાબત |
| --- | --- | --- |
| નોટિસ સમજવી | એસેસમેન્ટ વર્ષ, માંગેલી વિગત અને છેલ્લી તારીખ તપાસો. | નોટિસ માત્ર વધારાના ટેક્સ માટે જ નથી હોતી, વિગતોની ચકાસણી માટે પણ હોય છે. |
| પુરાવા તૈયાર કરવા | પ્રશ્ન મુજબ બેંક સ્ટેટમેન્ટ, બિલ, રસીદો અને કરાર તૈયાર કરો. | દરેક મુદ્દાનો તથ્યો અને કાયદાકીય જોગવાઈ સાથે સ્પષ્ટ ઉત્તર આપો. |
| AIS/26AS સુધારો | થર્ડ-પાર્ટી ડેટા ખોટો હોય તો તરત જ ખુલાસો કરો. | ડેટામાં તફાવત દેખાય એટલે સીધી કરપાત્ર આવક સ્વીકારી ન લેવી. |
| સમયમર્યાદા લંબાવવી | દસ્તાવેજો એકત્ર કરવા પોર્ટલ પર વધુ સમય માગો. | સામાન્ય રીતે ૧૫ દિવસની મુદત (Adjournment) માગી શકાય છે, જે મંજૂરીને આધીન છે. |

# સદ્ભાવના વૃદ્ધાશ્રમની હરિયાળી પહેલ: અમરેલીના વરસડામાં ૧૦૦ એકરમાં 'સંજીવ વન'નું નિર્માણ

## દુબઈ સ્થિત કૃષ્ણકાંત મહેતા પરિવારના રૂ.૧.૫ કરોડના અનુદાનથી ૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર; મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ

અબતક રાજકોટ

અમરેલી જિલ્લાના વરસડા ગામમાં પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના હેતુથી ૧૦૦ એકર વિસ્તારમાં 'સંજીવ વન'નું નિર્માણ કરવામાં આવ્યું છે. દુબઈસ્થિત સંજીવ ઈન્દિરા કૃષ્ણકાંત મહેતા પરિવારના રૂ.૧.૫ કરોડના માતબર અનુદાનથી આ વિસ્તારમાં ૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. 'સંજીવ વન'ના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.





વિદેશમાં વસવાટ હોવા છતાં 'માં ભારતીને લીલી ઓઢણી ઓઢાડવાના' ઉમદા મનોરથ સાથે મહેતા પરિવારે આ પર્યાવરણલક્ષી સત્કાર્યમાં સહયોગ આપ્યો છે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા હાથ ધરાયેલા આ પ્રકલ્પનો હેતુ અમરેલી જિલ્લાની ધરતીને હરિયાળી બનાવવા ઉપરાંત આવનારી પેઢીઓ માટે સ્વચ્છ અને સમૃદ્ધ કુદરતી વાતાવરણ ઊભું કરવાનો છે.

કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, મંત્રી કૌશિકભાઈ વેકરિયા સહિતના આગેવાનો, પર્યાવરણપ્રેમીઓ અને સેવાભાવી વ્યક્તિઓ ઉપસ્થિત રહી પર્યાવરણલક્ષી અભિયાનને પ્રોત્સાહન આપ્યું હતું.

સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા વરસડા ગામમાં કુલ ૨૫૦ એકર વિસ્તારમાં ૧૨ હજારથી વધુ વૃક્ષો ઉછેરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. તે પૈકી અત્યાર સુધીમાં આશરે ૧૦૦ એકર વિસ્તારમાં ૫,૦૦૦ વૃક્ષોના વાવેતરની કામગીરી પૂર્ણ થઈ છે. માત્ર સાત દિવસના ટૂંકા ગાળામાં ૨૫૦થી વધુ કર્મચારીઓની ટીમે ૧૫થી વધુ મશીનરી અને વાહનોની મદદથી આ કામગીરી પૂર્ણ કરી હતી.

આ પ્રકલ્પની વિશેષતા એ છે કે વૃક્ષો વાવીને કામગીરી પૂર્ણ કરવામાં નહીં આવે. દરેક વૃક્ષને પીંજરાથી સુરક્ષિત રાખી ત્રણ વર્ષ સુધી નિયમિત પાણી, જાળવણી અને ઉછેરની જવાબદારી પણ સંસ્થા દ્વારા લેવામાં આવશે. એક વૃક્ષના વાવેતરથી લઈને ત્રણ વર્ષ સુધીની જાળવણીનો કુલ ખર્ચ આશરે રૂ.૩,૦૦૦ થાય છે.

વરસડા ગામના હરિત પ્રકલ્પમાં પીપળો, વડલો, ઉમરો, લીમડો, કરંજ, અર્જુન, ખાટી આંબલી, બેહડા, જાંબુડા, રાવણાં સહિતના દેશી અને લાંબું આયુષ્ય ધરાવતા વૃક્ષોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ વૃક્ષો પર્યાવરણનું સંતુલન જાળવવા ઉપરાંત પક્ષીઓ અને અન્ય જીવસૃષ્ટિ માટે ખોરાક તથા કુદરતી આશ્રય ઊભો કરવામાં પણ મહત્વની ભૂમિકા ભજવશે.

### સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ગુજરાતમાં ૧.૪૦ કરોડથી વધુ વૃક્ષોનું વાવેતર

સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા સમગ્ર ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧ કરોડ ૪૦ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. તેમાંથી ૬૦ લાખથી વધુ વૃક્ષો પીંજરા સાથે સુરક્ષિત રીતે ઉછેરવામાં આવ્યા છે. સંસ્થા પાસે આશરે ૭૫૦ ટ્રેક્ટર અને ૭૫૦ પાણીના ટેન્કર ઉપલબ્ધ છે, જ્યારે સમગ્ર કામગીરી માટે આશરે ૪,૦૦૦ પગારદાર કર્મચારીઓની ટીમ કાર્યરત છે.

વરસડામાં શરૂ થયેલું આ હરિત અભિયાન દાતાશ્રી સંજીવ ઈન્દિરા કૃષ્ણકાંત મહેતા પરિવારના સહયોગ, સદભાવના વૃદ્ધાશ્રમની સેવાભાવના અને સમાજની સહભાગિતાથી સમગ્ર ગુજરાત માટે પર્યાવરણ સંરક્ષણનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યું છે.

# જમીનમાંથી કોલસાને કાઢ્યા વગર જ ઉર્જા ઉત્પન્ન થશે રિલાયન્સ આંધ્રપ્રદેશમાં રૂ.૨.૭૩ લાખ કરોડનું રોકાણ કરશે

## અંડરગ્રાઉન્ડ કોલ ગેસિફિકેશન એક એવી પદ્ધતિ છે જેમાં જમીનમાંથી કોલસો બહાર કાઢ્યા વગર જ તેને સીધો સિન્થેટિક ગેસમાં રૂપાંતરિત કરવામાં આવે છે

અબતક નવી દિલ્હી

ઉર્જા ક્ષેત્રે ભારત હવે એક નવા અને ક્રાંતિકારી યુગમાં પ્રવેશવા જઈ રહ્યો છે! દેશની દિગ્ગજ કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડએ આંધ્રપ્રદેશમાં દેશના પહેલા અંડરગ્રાઉન્ડ કોલ ગેસિફિકેશન કોમ્પ્લેક્સ માટે સત્તાવાર રીતે રૂ. ૨.૭૩ લાખ કરોડના જંગી રોકાણનો પ્રસ્તાવ મૂક્યો છે. ખાસ વાત એ છે કે આ પ્રોજેક્ટમાં જમીનમાંથી કોલસો બહાર કાઢ્યા વગર જ, ઊંડાણમાં રહેલા કોલસાને સીધા સિંથેટિક ગેસમાં રૂપાંતરિત કરવામાં આવશે.



આ પ્રોજેક્ટ આંધ્રપ્રદેશના એલૂરુ જિલ્લામાં આવેલા ચિંતાલપુડી અને રેચેર્લા કોલ બ્લોકમાં બનશે.

આ પ્રોજેક્ટમાં તબક્કાવાર રોકાણ થશે.જેમાં પેલા તબક્કમાં ૨૦૨૬ થી ૨૦૨૭માં ૩,૦૦૦ કરોડનું રોકાણ,બીજા તબક્કમાં ૨૦૨૮ થી ૨૦૩૦માં ૧,૨૦,૦૦૦ કરોડનું રોકાણ,ત્રીજા તબક્કમાં ૨૦૩૦ પછી ૧,૫૦,૦૦૦ કરોડનું રોકાણ કરાશે.તેમાં ૩,૦૦૦ થી ૫,૦૦૦ પ્રત્યક્ષ અને ૨૦,૦૦૦ થી ૩૫,૦૦૦ પરોક્ષ રોજગારીનું સર્જન થશે. ૬૦૦ મીટરથી વધુ ઊંડા હોવાને કારણે પરંપરાગત પદ્ધતિથી કાઢી ન શકાય તેવા ૧ અબજ ટનથી વધુ ફસાયેલા કોલસાનો ઉપયોગ કરવો. અંડરગ્રાઉન્ડ કોલ ગેસિફિકેશન એક એવી પદ્ધતિ છે જેમાં જમીનમાંથી કોલસો બહાર કાઢ્યા વગર જ તેને સીધો સિંથેટિક ગેસમાં રૂપાંતરિત કરવામાં આવે છે. ક્રૂડ ઓઈલ અને ગેસની આયાત ઘટવાથી ભારતની વિદેશી હુંડિયામણની બચત થશે અને વૈશ્વિક કિંમતોની વધઘટ સામે રક્ષણ મળશે. પરંપરાગત માઈનિંગની જેમ જમીન બગાડ્યા વગર ઉર્જા મેળવી શકાશે.

# એલોન મસ્કની કંપની સ્ટારલિંકે ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ માટે ફરી મંજૂરી માંગી

## ૩૦,૦૦૦ નવા સેટેલાઈટ લોન્ચ કરવા 'ઈન-સ્પેસ' સમક્ષ અરજી, સ્થાનિક ટેલિકોમ કંપનીઓમાં ચિંતા

અબતક, રાજકોટ

એલોન મસ્કની કંપની સ્પેસએક્સ સંચાલિત સ્ટારલિંકે ભારતીય સેટેલાઈટ કમ્યુનિકેશન માર્કેટમાં પ્રવેશવા માટે પોતાના પ્રયાસો ફરી શરુ કર્યા છે. કંપનીએ ભારતીય સ્પેસ રેગ્યુલેટર 'ઈન-સ્પેસ' (ઈંગ-જડઅઈય) સમક્ષ તેની 'જનરેશન ૨' સેટેલાઈટ સિસ્ટમ માટે નવી અરજી દાખલ કરી છે. આ નવી ટેકનોલોજી દ્વારા પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં લગભગ ૩૦,૦૦૦ સેટેલાઈટ્સ સ્થાપિત કરીને સીધા સામાન્ય મોબાઈલ ફોન પર જ નેટવર્ક કનેક્ટિવિટી પહોંચાડવાનું આયોજન છે.

આ અગાઉ, સ્ટારલિંકની ૩૦,૦૦૦ સેટેલાઈટ વાળી અરજીને નિયમો અને સ્પેક્ટ્રમ બેન્ડ્સની અમુક ટેકનિકલ શરતોનું પાલન ન થવાના કારણે 'ઈન-સ્પેસ' દ્વારા રદ્દ કરવામાં આવી હતી. જોકે, જુલાઈ ૨૦૨૫માં કંપનીને તેની જૂની જનરેશન -૧ સિસ્ટમ હેઠળ ૪,૪૦૮ સેટેલાઈટ્સ દ્વારા પરંપરાગત બ્રોડબેન્ડ સેવાઓ આપવા માટે મંજૂરી મળી ગઈ હતી. સુરક્ષા અને ટેકનિકલ ટ્રાયલ માટે સરકારે પ્રોવિઝનલ સ્પેક્ટ્રમ પણ આપ્યું હતું, પરંતુ આખરી સુરક્ષા મંજૂરી અને સ્પેક્ટ્રમ ફાળવણીના અભાવે ભારતમાં હજુ સુધી વ્યાપારી સેવાઓ શરૂ થઈ શકી નથી.

જો ભારત સરકાર સેટેલાઈટ દ્વારા સીધા મોબાઈલમાં કનેક્ટિવિટી આપવાની મંજૂરી આપશે, તો સેટેલાઈટ સ્પેક્ટ્રમ ક્ષેત્રે મોટો ફેરફાર આવશે. આ મંજૂરી મળતાં જ સ્ટારલિંક તેના હરીફો જેવા કે રિલાયન્સ જીઓ (૧,૬૦૦ સેટેલાઈટનું નેટવર્ક), એમેઝોન લિયો અને યુટેલસેટ વનવેબ કરતા સ્પીડ અને કવરેજમાં ઘણી આગળ નીકળી જશે.

બીજી તરફ, ભારતીય ટેલિકોમ કંપનીઓ આ ટેકનોલોજી સામે ચિંતા વ્યક્ત કરી રહી છે. જો સેટેલાઈટ દ્વારા સીધા ગ્રાહકોના મોબાઈલ સુધી નેટવર્ક પહોંચશે તો પરંપરાગત ટેલિકોમ બિઝનેસને અસર થશે, જેથી તેઓ માંગ કરી રહ્યા છે કે સેટેલાઈટ કંપનીઓ પર પણ સમાન નિયમો લાગુ કરવા જોઈએ. હાલમાં ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી (ઝછઅઈ) દ્વારા સ્પેક્ટ્રમની કિંમતો અંગે સૂચનો આપી દેવાયા છે, પરંતુ ડાયરેક્ટ ટુ ડિવાઈસ સેવાઓ અને રાષ્ટ્રીય સુરક્ષાના પાસાઓને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર તમામ પાસાઓની આખરી ચકાસણી કરી રહી છે.

### યુવાનો સાથે સીધો સંવાદ સાધવા સરકારનો માસ્ટર પ્લાન

# 'વન ડે, વન યુનિવર્સિટી' અભિયાન અંતર્ગત કેન્દ્રીય મંત્રીઓને દરરોજ એક કેમ્પસની મુલાકાત લેવા વડાપ્રધાનની તાકીદ

## ઈન્સ્ટાગ્રામ અને રીલ્સ દ્વારા જેન ઝી સાથે જોડાણ વધારવા વડાપ્રધાનની તમામ મંત્રીઓને સ્પષ્ટ સૂચના : કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવિયા અને પ્રહલાદ જોશીને દેશવ્યાપી સંકલનની જવાબદારી સોંપાઈ

અબતક, નવી દિલ્હી

દેશની નવી પેઢી જેન ઝી અને યુવાનો સાથે સીધો સંપર્ક સ્થાપિત કરવા માટે કેન્દ્રની મોદી સરકારે એક મોટો નિર્ણય લીધો છે. સરકાર એક વિશેષ પહેલ હેઠળ દરરોજ એક કેન્દ્રીય મંત્રીને દેશની નિયુક્ત યુનિવર્સિટીમાં મોકલવાની તૈયારી કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ પ્રસ્તાવ પર વિસ્તૃત ચર્ચા હાથ ધરાઈ હતી.

**મંત્રીઓના સોશિયલ મીડિયા પર્ફોર્મન્સની સમીક્ષા**

તાજેતરમાં નીટ પરીક્ષા સંબંધિત વિવાદો અને શિક્ષણ ક્ષેત્રના વિરોધ પ્રદર્શનો બાદ સરકારે યુવા વર્ગ સુધી પહોંચવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કેબિનેટ બેઠકમાં તમામ મંત્રીઓના સોશિયલ મીડિયા પર્ફોર્મન્સ અને પહોંચની સમીક્ષા કરવામાં આવી હતી, જેમાં પીએમ મોદી સૌથી આગળ રહ્યા હતા. વડાપ્રધાને તમામ સાથી મંત્રીઓને ઈન્સ્ટાગ્રામ, રીલ્સ અને અન્ય ડિજિટલ ફોર્મેટ્સ દ્વારા યુવાનો સાથે મજબૂત કનેક્ટ બનાવવા સૂચન કર્યું છે. પીએમ મોદીએ સ્વતંત્રતા દિવસના સંબોધનમાં પણ યુવાનો માટે ફ્રી ઓનલાઈન કોચિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સ્કિલિંગ, સ્પોર્ટ્સ ટેલેન્ટ હન્ટ તેમજ મેન્યુફેક્ચરિંગ, સ્પેસ, ન્યૂક્લિયર એનર્જી અને સેમિકન્ડક્ટર જેવા ઉભરતા ક્ષેત્રોમાં નવી તકો ઊભી કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો.

### શું છે 'વન ડે, વન યુનિવર્સિટી' અભિયાન?

આ કાર્યક્રમ હેઠળ કેન્દ્રીય મંત્રીઓ સીધા કોલેજ-યુનિવર્સિટી કેમ્પસ પહોંચશે અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધીને તેમના પ્રશ્નો, ચિંતાઓ અને વિચારો જાણશે.મંત્રીઓ વિદ્યાર્થીઓ સમક્ષ કેન્દ્ર સરકાર દ્વારા યુવા કલ્યાણ માટે ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓની માહિતી રજૂ કરશે.આ દેશવ્યાપી મુલાકાતોનું સુચારુ સંકલન કરવા માટે શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશી અને યુવા બાબતો તથા રમતગમત મંત્રી મનસુખ માંડવિયાને જવાબદારી સોંપવામાં આવી છે.

# ઈન્ડોનેશિયામાં ફરી ધરા ધ્રૂજી ૫.૯ની તીવ્રતાનો ભૂકંપ

અબતક, રાજકોટ

ઈન્ડોનેશિયાના પૂર્વ નુસા તેંગારા પ્રાંતમાં આવેલા ફ્લોરેસ દ્વીપ પર ભૂકંપના આંચકાઓનો સિલસિલો હજુ યથાવત છે. ૧૫ ઑગસ્ટ ૨૦૨૬ના રોજ આવેલા ૭.૭ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ બાદ હવે આજે ફરી ૫.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હોવાનું યુરોપિયન-મેડિટેરેનિયન સિસ્મોલોજિકલ સેન્ટર અને જર્મનીના રિસર્ચ સેન્ટરે જણાવ્યું છે.ભૂકંપની ઊંડાઈ માત્ર ૧૦ કિલોમીટર હોવાનું જણાવાયું છે. ઉથલી ઊંડાઈના કારણે આંચકા અનેક વિસ્તારોમાં તીવ્ર રીતે અનુભવાયા હોવાનું અહેવાલોમાં કહેવામાં આવ્યું છે.

૧૫ ઑગસ્ટે આવેલા ૭.૭ની તીવ્રતાના મુખ્ય ભૂકંપના માત્ર પાંચ દિવસ બાદ ફરી ૫.૯ની તીવ્રતાનો આફ્ટરશોક નોંધાતા સ્થાનિક લોકોમાં ભય વધુ વધ્યો છે.અગાઉ ૧૭ ઑગસ્ટે પણ લગભગ ૫.૯ની તીવ્રતાનો આફ્ટરશોક નોંધાયો હતો. સતત આવી રહેલા આંચકાઓને કારણે પહેલેથી જ અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોમાં ગભરાટની સ્થિતિ છે.બચાવ ટીમો હજી પણ કાટમાળ, ધસી પડેલી ઈમારતો અને ભૂસ્ખલનથી અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી કરી રહી છે.

મુખ્ય ભૂકંપ બાદ કેટલાક દરિયાકાંઠાના વિસ્તારોમાં નાની સુનામી લહેરો પણ નોંધાઈ હતી. કેટલીક જગ્યાએ તેની ઊંચાઈ ૧.૬૧ મીટર સુધી હોવાનું જણાવાયું છે.સુનામીની ચેતવણી મળતાં અનેક લોકો દરિયાકાંઠા છોડીને ઊંચાઈવાળા વિસ્તારોમાં દોડી ગયા હતા. જોકે બાદમાં જોખમ ઘટતાં ચેતવણી પાછી ખેંચવામાં આવી હતી.

# ઉત્તર કેન્યામાં સફારી દરમિયાન હેલીકોપ્ટર ક્રેશ: સાતના મોત

## કેન્યાના ટ્રાન્સપોર્ટ મંત્રાલય અને સિવિલ એવિએશન ઓથોરિટીએ ઘટનાના કારણો જાણવા માટે વિગતવાર તપાસ હાથ ધરી

અબતક, રાજકોટ

મધ્ય કેન્યાના સંબુરુ કાઉન્ટી સ્થિત માઉન્ટ ઓલોલોકવે વિસ્તારમાં એક ભયાનક હેલિકોપ્ટર દુર્ઘટના સર્જાઈ છે. આ અકસ્માતમાં હેલિકોપ્ટરમાં સવાર તમામ ૭ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે.

કેન્યા સિવિલ એવિએશન ઓથોરિટી અને સ્થાનિક પોલીસ કમાન્ડર ડેવિડ ન્કોરોએ તમામ ૭ મુસાફરોના મોતની પુષ્ટિ કરી છે. મૃતકોમાં હાઈ-પ્રોફાઈલ નાગરિકોનો સમાવેશ થાય છે. મિશેલ સેન્સી-કોન્ટુગી, ઈક્વાડોરની ગુપ્તચર એજન્સીના ડિરેક્ટર જનરલ, મિશેલ સેન્સી-કોન્ટુગીના પત્ની અને જાણીતા ફેશન ડિઝાઈનર. જોસ સુઆરેઝ કે જે સ્પેનિશ ટીવી નેટવર્ક 'ટેલિમુન્ડો'ના એક્ઝિક્યુટિવ છે. આ ઉપરાંત ૫ અમેરિકન નાગરિકોના આ દુર્ઘટનામાં મોત થયા. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે આ અકસ્માતમાં ૫ અમેરિકનોના મોતની



સત્તાવાર પુષ્ટિ કરી છે. ઈક્વાડોરના રાષ્ટ્રપતિ કાર્યાલયે આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે, જ્યારે યુએસ એમ્બેસી મૃતકોના પરિવારોને કોન્સ્યુલર મદદ પૂરી પાડી રહી છે.કેન્યા રેડ ક્રોસના જણાવ્યા અનુસાર, પર્વતીય અને દુર્ગમ ભૂપ્રદેશ તેમજ અકસ્માત બાદ લાગેલી ભીષણ આગના કારણે રાહત અને બચાવ કાર્યમાં ભારે મુશ્કેલીઓ પડી રહી છે. પરિસ્થિતિને પહોંચી વળવા માટે ઈસિઓલોથી વધારાની ઈમરજન્સી ટીમ ઘટનાસ્થળે મોકલવામાં આવી છે. હેલિકોપ્ટર ક્રેશ થવાનું ચોક્કસ કારણ હજી સુધી જાણી શકાયું નથી. કેન્યાના ટ્રાન્સપોર્ટ મંત્રાલય અને સિવિલ એવિએશન ઓથોરિટીએ ઘટનાના કારણો જાણવા માટે વિગતવાર તપાસ હાથ ધરી છે.

# રા.લો. સંઘમાં બળવાની ભીતી : ભાજપે મેન્ડેટ આપવાનું ટાળ્યું

## ઉમેદવારી ફોર્મ ભરવાના છેલ્લા દિવસે કોઈ પણ વ્યક્તિને દાવેદારી કરવાની આડકતરી રીતે મંજુરી આપી દેવાઈ

### જો સમાધાન થશે તો છેલ્લી ઘડીએ મેન્ડેટ આપી દેવાશે : ૬૧ પૈકી ૫૯ મંડળીઓ ભાજપના સમર્થનમાં હોવાની ચર્ચા

અબતક, રાજકોટ

એશિયાના સૌથી મોટા તાલુકા સંઘમાં જેની ગણતરી થાય છે તેવા રાજકોટ લોધીકા સહકારી ખરીદ વેચાણ સંઘની ચૂંટણી આગામી ૮ સપ્ટેમ્બરના રોજ યોજાવાની છે. આજે ઉમેદવારી પત્રો ભરવાનો છેલ્લો દિવસ છે. ત્યારે રોમાંચકતા ચરમસીમાએ પહોંચી ગઈ છે. ભાજપના જ બે મોટા નેતાઓ વચ્ચે જંગ જામે તેવી શક્યતા દેખાઈ રહી છે. બળવાની ભીતિને ધ્યાનમાં રાખી પ્રદેશ ભાજપે ઉમેદવારોને સત્તાવાર મેન્ડેટ આપવાનું હાલ પુરતુ ટાળ્યું છે. કોઈ પણ ઉમેદવારને ફોર્મ ભરવાની મંજુરી આપી દેવામાં આવી છે. હાલ જેને ફોર્મ ભરવા હોય તે ભરી શકે છે ત્યાર બાદ પ્રદેશમાંથી સુચના મળશે તે મુજબ ફોર્મ પરત ખેંચી લેવા પડશે. તેવી પણ તાકીદ કરવામાં આવી છે. રા.લો. સંઘના ડાયરેક્ટર બનવા માટે ગાંધીનગર બાદ હવે દિલ્હીસુધી જબરજસ્ત લોબિંગ ચાલી રહ્યું છે.

રાજકોટ લોધીકા સહકારી ખરીદવેચાણ સંઘની અલગ અલગ ૧૬ બેઠકો માટે આગામી ૮ સપ્ટેમ્બરના રોજ મતદાન થવાનું છે. સામાન્ય રીતે સહકારી ક્ષેત્રમાં ચૂંટણી થતી હોતી નથી. ડાયરેક્ટરોની નિમણુંક બીનહરીફ થઈ જતી હોય છે. પરંતુ ભાજપના જ બે નેતાઓ પૂર્વ મંત્રી અને ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા ઉપરાંત પૂર્વ મંત્રી અરવિંદ રૈયાણી રા.લો. સંઘ પર પોતાનું વર્ચસ્વ જમાવવા માગે છે. જેના કારણે ફોર્મ ભરાવાના અંતિમ દિવસે પણ કોઈ જ નિવેડો ન આવતા ખુદ પ્રદેશ હાઈ કમાન્ડને એવુ લાગી રહ્યું છે કે, ચૂંટણીમાં બળવાની ભીતિ છે. પ્રદેશ દ્વારા એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે, જેટલા લોકો ઈચ્છુક હોય તેઓ ઉમેદવારી ફોર્મ ચુંટણી અધિકારી સમક્ષ રજૂ કરી શકે છે. સાથો સાથ એવું પણ ચર્ચાઈ રહ્યું છે કે, રા.લો. સંઘના સંઘ સાથે જોડાયેલી ૬૧ પૈકી ૫૯ મંડળીઓ ભાજપના સમર્થનમાં છે. એટલે કે પક્ષ જે વ્યક્તિને સમર્થન આપશે તે વિજેતા બને તે નિશ્ચિત છે. અંતિમ ચુંટણી ચિત્ર ૨૭મીએ બપોરે સ્પષ્ટ થશે. જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરિયાએ એવુ નિવેદન આપ્યું હતું કે, હાલ જીલ્લા ભાજપનો પ્રશિક્ષણ વર્ગ ચાલી રહ્યો હોવાના કારણે મેન્ડેટ પહોંચ્યા નથી. પાર્ટીના સત્તાવાર નિર્ણય પૂર્વે જ કેટલાક ઉમેદારોએ ફોર્મ ભરી દીધા છે. પ્રમુખે એવુ પણ કહ્યું હતું કે, પાર્ટી જે પણ વ્યક્તિને ફોર્મ પરત ખેંચવાનું કહેશે તેને ફોર્મ પરત ખેંચી લેવા પડશે. જો અત્રે ઉલ્લેખનીય છે કે, જો ભાજપના જ બન્ને જુથ વચ્ચે સમાધાન થઈ જશે તો પક્ષ દ્વારા છેલ્લી ઘડીએ ઉમેદવારોની આખરી યાદી જાહેર કરવામાં આવે ત્યારે પણ મેન્ડેટ આપી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સામાન્ય રીતે સહકારી ક્ષેત્રમાં સત્તાવાર રીતે કોઈ પણ રાજકીય પક્ષ પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતારતા નથી. પરંતુ પ્રદેશ અધ્યક્ષ તરીકે સીઆર પાટીલના કાર્યકાળમાં સહકારી ક્ષેત્રમાં પણ મેન્ડેટ આપવાની પરંપરા ભાજપે શરૂ કરી હતી. હવે જોવાનું એ રહે છે કે, રા.લો. સંઘની ચૂંટણીમાં ભાજપ ઉમેદવારોને મેન્ડેટ આપે છે કે માત્ર સમર્થન જ જાહેર કરશે.

### અરવિંદ રૈયાણી, નરેન્દ્રસિંહ અને નીતિન ઢાકેચા સહિતના ૩૪ ફોર્મ ભરાયા

રાજકોટના લોધિકા સહકારી સંઘની સામાન્ય ચૂંટણી ૮ સપ્ટેમ્બરે યોજવાની જાહેરાત કરવામાં આવી છે. આજે ફોર્મ ઉપાડવા અને ભરવાનો છેલ્લો દિવસ છે.જો કે અત્યાર સુધીમાં સાત ફોર્મ ઉપડ્યા છે અને બપોર સુધીમાં સાત ઉમેદવરોએ ફોર્મ ભરી જમા કરાવ્યાની વિગતો મળી છે.

ઉલ્લેખનીય છે કે, આ સાત ઉમેદવારોમાં નીતિન ચોવટીયા, અશ્વિન લીંબાસીયા, વિજય સખીયા, મહેશ આસોદરીયા, સંજય અમરેલીયા, મનસુખ સરધાર, નરેન્દ્ર ભુવા, અરવિંદ રૈયાણી, નીતિન ઢાકેચા, લક્ષમણસિંહ જાડેજા, ઠાકરશી સિંઘવ, ગોવિંદ બોઘરા, ભીમજી કલોલા, શૈલેષ પરસાણા અને નરેન્દ્રસિંહ જાડેજાનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોધિકા સહકારી સંઘ લી.ની ચૂંટણી-૨૦૨૬નો સત્તાવાર કાર્યક્રમ જાહેર કરાયો છે. આ ચૂંટણી પ્રક્રિયા હેઠળ સંઘ સાથે જોડાયેલી મંડળી ગત મતજૂથમાંથી ૧૫ અને વ્યક્તિગત જૂથમાંથી ૧ એમ કુલ ૧૬ બેઠકો માટેની ચૂંટણી યોજાશે.

સાંજ સુધીમાં વધુ ફોર્મ માં ઉપડે અને જમા થાય તેવી પૂરેપૂરી શક્યતા છે.કાલે ચકાસણી બાદ ઉમેદવારીપત્રો પાછા ખેંચવા માટે તા.૨૨થી તા.૨૭ ઓગસ્ટના બપોરે ૩ વાગ્યા સુધીનો સમય આપવામાં આવ્યો છે. જે બાદ તા.૨૯ ઓગસ્ટના સવારે ૧૧ વાગ્યે હરીફ ઉમેદવારોની આખરી યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

### એશિયાના સૌથી મોટા સંઘના ડાયરેક્ટર બનવા ગાંધીનગર બાદ હવે દિલ્હી સુધી જબરજસ્ત લોબીંગ

# લોકવિજ્ઞાન કેન્દ્રમાં શનિવારે ડો.વિક્રમ સારાભાઈના જીવન પર સ્પર્ધાનું આયોજન

## વિજ્ઞાન ક્ષેત્રે તેનો ફાળો, તેના સ્વપનો તેની સિધ્ધીઓ સહિતના વિષય પર ધો.૯ થી ૧૨ના છાત્રાઓ માટે વકૃત્વ સ્પર્ધા


અબતક, રાજકોટ

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મહાનગરપાલિકા સ્થાપિત તથા સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત અને ગુજકોસ્ટ પુરસ્કૃત ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર - રેસકોર્સ, રાજકોટ ખાતે આગામી તા.૨૨-૮-૨૬ને શનિવારના રોજ સાંજે ૩:૩૦ થી ૫:૩૦ દરમિયાન એક અનોખી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલા છે. ડો.વિક્રમ સારાભાઈ આપણા ગુજરાતના પનોતા પુત્ર અને ભારતિય અવકાશ વિજ્ઞાનના પિતામહ તરીકે ગણવામાં આવે છે. અવકાશીય ક્ષેત્રે આપણે જે સિદ્ધિ પ્રાપ્ત કરી છે તેમાં ડો.વિક્રમ સારાભાઈનો ફાળો અનેરો છે. જેઓના જીવનકાળ દરમિયાનના સપના અને સિધ્ધીઓને આવરી લેતી આ સ્પર્ધામાં ધો.૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે હું વિક્રમ સારાભાઈ આ વિષયમાં વિદ્યાર્થીએ પોતે વિક્રમ સારાભાઈ હોય તે રીતે બોલવાનું રહેશે. પોતાના સ્વપન શું હતા, તેને પૂરા કરવા કેવી રીતે કાર્ય કર્યું, જરૂર પ્રમાણે જુદી-જુદી સંસ્થાઓ કેવી રીતે ઊભી કરી આ બધું આવરી લેવાનું રહેશે. (જેટલું શક્ય થાય તે)જેના પર વિદ્યાર્થીએ બોલવાનું રહેશે. આ માટે ૩ મિનિટનો સમય ફાળવવામાં આવશે. વિજેતા વિદ્યાર્થીને આકર્ષક પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવશે. તે ઉપરાંત ભાગ લેનાર દરેકને પ્રમાણપત્ર આપવામાં આવશે. તો આ સ્પર્ધામાં ભાગ લેવા માંગતા દરેકને તા.૨૧-૮-૨૦૨૬ સુધીમાં લોક વિજ્ઞાન કેન્દ્ર ઉપર ૧૦:૩૦ થી ૫:૩૦ દરમિયાન રૂબરૂ અથવા ૯૯૭૮૮૨૫૮૨૯ પર પોતાના નામ નોંધાવી દેવા વિનંતી.

## 'ઈચ્છાઓ સઘળી ફળે, જેને બાલાજીની કૃપા મળે'

# બાલાજી મંદિરમાં શનિવારે 'ચોકલેટ શણગાર અને ચોકલેટ અન્નકૂટ' સાથે અનોખા મનમોહક દર્શન

અબતક, રાજકોટ



રાજકોટના ભુપેન્દ્ર રોડ પર આવેલ પ્રખ્યાત શ્રી બાલાજી હનુમાનજી મંદિર ખાતે આગામી તારીખ ૨૨/૦૮/૨૦૨૬ને શનિવારના રોજ એક અનોખા અને ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પવિત્ર દિવસે બાલાજીદાદાને વિશેષ 'ચોકલેટ શણગાર' કરવામાં આવશે. આ ઉપરાંત, દાદાના દરબારમાં વિવિધ પ્રકારની ચોકલેટ્સથી સુશોભિત ભવ્ય 'ચોકલેટ અન્નકૂટ' અર્પણ કરવામાં આવશે. ભક્તો માટે ભગવાનનો આ અદભુત અને નયનરમ્ય શણગાર આકર્ષણ અને આસ્થાનું કેન્દ્ર બની રહેશે.

આ સુંદર અને ભાવનાત્મક કાર્યક્રમનું આયોજન બાલાજી હનુમાનજી મંદિરના મહંત શાસ્ત્રી વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી મુનિવત્સલદાસજી સ્વામીના રૂડા આશીર્વાદ અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.

# નંબર પ્લેટ વિનાની કારમાં ઈંધણ ભરી આપવા મામલે પ્રથમ ગુનો નોંધાયો

## ઢેબર રોડ પર આવેલ પેટ્રોલ પંપ ખાતે નંબર પ્લેટ વિનાની ગાડીમાં ઈંધણ ભરી આપ્યાનો વિડીયો વાયરલ થતાં ફિલરમેન અને કાર ચાલક સામે ભક્તિનગર પોલિસની કાર્યવાહી, કાર ડિટેઈન કરાઈ

અબતક, રાજકોટ



'નો નંબર પ્લેટ, નો ફ્યુલ' સૂત્ર સાથેનું જાહેરનામું પોલીસ કમિશનરે પ્રસિદ્ધ કર્યા બાદ જાહેરનામાનો ભંગ કરનાર પેટ્રોલપંપના ફિલરમેન અને કાર ચાલક વિરુદ્ધ ભક્તિનગર પોલીસે ગુનો નોંધ્યો હતો. ઢેબર રોડ પર આવેલ પેટ્રોલ પંપનો કર્મચારી નંબર પ્લેટ વિનાની કારમાં ઈંધણ ભરતો હોય તેવો વિડીયો વાયરલ થતાં પોલીસે કાર્યવાહી આદરી હતી. સાથોસાથ કાર પણ ડિટેઈન કરી નાખવામાં આવી હતી.

પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા જાહેર કરાયેલા જાહેરનામા મુજબ વાહનની આગળ-પાછળ બંને બાજુ નંબર પ્લેટ ન હોય, નંબર પ્લેટ કાઢી નાખવામાં આવી હોય, ઢાંકવામાં આવી હોય અથવા માટી-કીચડ વગેરેના કારણે અસ્પષ્ટ હોય તેવા વાહનોમાં પેટ્રોલ, ડીઝલ કે સીએનજી ન આપવા પેટ્રોલપંપ સંચાલકોને સૂચના આપવામાં આવી છે. તેમ છતાં વાયરલ વીડિયોમાં નંબર પ્લેટ વગરની ક્રેટા કારમાં ઈંધણ પૂરું પાડવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું.

આ અંગે ઉચ્ચ અધિકારીઓની સૂચનાના પગલે ભકિતનગર પોલીસ મથકના પીઆઈ જે.ડી. પરમારના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સબ.ઈન્સ. એસ.એચ. ગોહિલ તથા સ્ટાફે વાયરલ વીડિયોની તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ સોર્સ અને સીસીટીવીના આધારે વીડિયો ઢેબર રોડ સ્થિત ભાડલાવાળા પેટ્રોલપંપનો હોવાનું તેમજ તેમાં દેખાતી ક્રેટા કાર અને તેના ચાલકની ઓળખ કરવામાં આવી હતી.

બાદમાં પોલીસે પેટ્રોલપંપ કર્મચારી પંકજસિંહ કનૈયાસિંહ (રહે. રાણીવા રૂડીવા ચોક, આર.એમ.સી. ક્વાર્ટર, રાજકોટ) તથા ક્રેટા કારચાલક જયભાણ ઉદયભાણ ગઢવી, (રહે. રાજકોટ)ને શોધી કાઢી તેની સામે બીએનએસની કલમ ૨૨૩ મુજબ ગુનો દાખલ કરી ક્રેટા કાર ડિટેઈન કરી છે.

આ કાર્યવાહીમાં ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ જે.ડી. પરમાર, પીએસઆઈ એસ.એચ. ગોહિલ તથા સ્ટાફ સાથે રહ્યો હતો.

## ૧૫ વર્ષ પૂર્ણ થયાની ખુશીમાં...

# યુવા સેના ટ્રસ્ટના ૧૦૦થી વધુ કાર્યકર્તાઓ માટે સોમવારે નિ:શુલ્ક 'ફનવર્લ્ડ'નો પ્રવાસ

અબતક, રાજકોટ

રાજકોટની સેવામાં સદા અગ્રેસર રહેતી સંસ્થા યુવા સેના ટ્રસ્ટમાં અનેક સંસ્થાઓ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતી કરવામા આવતી હોય છે. જેમાં સંસ્થાના ૧૫ વર્ષે પુરા થયાની ખુશાલીમાં નિસ્વાર્થ ભાવે સેવા બજાવતા તથા તન, મન, ધનથી સેવા આપનાર તમામ કાર્યકર્તા તેમજ મેમ્બરો મિત્રમંડળ સાથે ફનવર્લ્ડમાં એક પ્રવાસનું આયોજન કરેલ છે. યુવા સેના ટ્રસ્ટ દ્વારા સંસ્થાના કાર્યરત લોકો માટે પ્રવાસનું આયોજન કરવામા આવે છે. આવા ઉમદા વિચારો સાથે તા.૨૪-૮-૨૦૨૬ને સોમવારને સાંજે ૪ કલાકે ફનવર્લ્ડમાં સંસ્થા દ્વારા વર્ષ દરમિયાન એક દિવસીય પ્રવાસ કરાવવામા આવશે. સાથોસાથ રમત ગમત, સંગીત, અંતાક્ષરી, ખોખો વગેરે રમતો પણ પ્રવાસ દરમ્યાન રમાડવામાં આવશે.

સંસ્થાના પ્રમુખ પ્રદ્યુમનસિંહ ઝાલાએ જણાવ્યુ હતું કે સભ્યો વચ્ચે એકતા વધે મનોબળ મજબુત બને અને સૌને તણાવમુક્ત દિવસ મળે તે માટે પણ આ પ્રવાસનું આયોજન કરેલ છે. લોકમેળા પહેલા આવો માણીએ ફનવર્લ્ડનો મેળો આ પ્રવાસમાં જોડાવા માટે સંસ્થાના હેલ્પલાઈન નં.૮૪૬૦૬ ૯૬૧૦૮ પર સંપર્ક કરવાનો રહેશે.

# વોર્ડ નં.૧૫માં રૂ.૭૪.૨૯ લાખના ખર્ચે વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરાયું

## સ્ટેન્ડિંગ કમીટીના ચેરમેન પરેશ પીપળીયા, કોર્પોરેટર નિલેશભાઈ હેરભા સહિતના હોદેદારો ઉપસ્થિત રહ્યા



અબતક, રાજકોટ

વિધાનસભા-૬૮ના વોર્ડ નં. ૧૫માં નાગરિકોને વધુ સારી અને સુવિધાસભર માળખાકીય સુવિધાઓ મળી રહે તે હેતુથી સાંસદ પરષોત્તમભાઈ રૂપાલાની ગ્રાન્ટ તેમજ ધારાસભ્ય ઉદયભાઈ કાનગડની ગ્રાન્ટમાંથી અંદાજે રૂ. ૭૪ લાખ ૨૯ હજારના ખર્ચે વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ તકે ધારાસભ્ય ઉદય કાનગડની ગ્રાન્ટમાંથી આજી ડેમ પાછળ આવેલા દાધા હનુમાન મંદિર પાસે સીસી રોડના કામનું ખાતમુહૂર્ત ઉપરાંત ખોડિયારપરા વામ્બે આવાસ યોજનાના ક્વાર્ટર્સમાં પેવિંગ બ્લોક ફિટિંગના કામનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આ બંને કામો પૂર્ણ થયા બાદ સ્થાનિક રહેવાસીઓને આવાગમન તેમજ રસ્તા અને આસપાસના વિસ્તારની સુવિધાઓમાં નોંધપાત્ર લાભ મળશે. તેમજ સાંસદ પરષોત્તમભાઈ રૂપાલાની ગ્રાન્ટમાંથી મહાકાળી ચોક, ગંજીવાડા ખાતે પેવિંગ બ્લોકના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામથી વિસ્તારના નાગરિકોને સુગમ અવરજવર સાથે વધુ સુવિધાયુક્ત અને વ્યવસ્થિત જાહેર માળખું ઉપલબ્ધ થશે. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશભાઈ પીપળીયા, વોર્ડ નં. ૧૫ના કોર્પોરેટર નિલેશભાઈ હેરભા, રાજકોટ શહેર ભાજપ પૂર્વ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, આ કામોથી સ્થાનિક નાગરિકોને રોજિંદા જીવનમાં સીધો લાભ મળશે.

## રોટલી ક્લબ ગ્રેટરના ઉપક્રમે

# એ.વી. પારેખ ટેક્નિકલ ઈન્સ્ટિટ્યુટ ખાતે 'સેય નો ટુ ડ્રગ્સ' જાગૃતિ કાર્યક્રમ

## એ.વી. પારેખ ટેક્નિકલ ઈન્સ્ટિટ્યુટમાં યોજાયેલા કેમ્પમાં ૩૧૦ વિદ્યાર્થીઓએ હિમોગ્લોબિન ટેસ્ટ કરાવ્યો

અબતક, રાજકોટ

રોટરી ક્લબ રાજકોટ ગ્રેટર ના ઉપક્રમે અટઝ્ઝઈ ખાતે ''જ્અઢગઘ ઝઘ ઉછ્બત્રજ્ર્જ'' જાગૃતિ કાર્યક્રમ યોજાયો

શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓમાં સામાજિક મૂલ્યો અને આરોગ્યપ્રદ જીવનશૈલી કેળવાય તે હેતુથી એ. વી. પારેખ ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ ના કોમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગ દ્વારા એક વિશેષ જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. રોટરી ક્લબ રાજકોટ ગ્રેટર ના સંયુક્ત ઉપક્રમે સંસ્થાના કોમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગ ના સેમિનાર હોલ ખાતે તા. ૧૮ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ''સેય નો ટુ ડ્રગ્સ'' વિષય પર જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ નો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને નશાકારક પદાર્થોના દૂષણથી દૂર રાખવાનો, માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય નું મહત્વ સમજાવવાનો તેમજ ચૂસ હેલ્થ ચૂસ લાઈફના સંદેશ સાથે સ્વસ્થ અને વ્યસનમુકત સમાજના નિર્માણ તરફ પ્રેરિત કરવાનો હતો.

આ પ્રસંગે મહિલા કોલેજ ના લેકચરર મીનુ જસદણવાળા, એસઓજી રાજકોટ સીટી પોલીસના મૌલિક સાવલિયા, રોટરી ક્લબ ગ્રેટર ના પ્રેસિડેન્ટ રવિ ચોટાઈ અને મેમ્બર જીજ્ઞેશ ભોજાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. વક્તાઓ દ્વારા વિદ્યાર્થીઓને નશાથી દૂર રહીને પોતાના ભવિષ્યને સુરક્ષિત અને ઉજ્જવળ બનાવવા અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

કોમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગના એચ.ઓ.ડી. મનિષા કે. ગોસ્વામી અને વિભાગની ટીપીઓ ટીમ આર. એ. કડછા અને વિ. જે. પાંભર ના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય પણ એટલું જ મહત્વનું છે તે ઉદ્દેશ્ય સાથે એ. વી. પારેખ ટેકનિકલ ઈન્સ્ટિટયૂટ ના કમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગ દ્વારા એક વિશેષ આરોગ્ય ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. રોટરી ક્લબ રાજકોટ ગ્રેટર, કુંડારિયા કેન્સર પ્રિવેન્શન ફાઉન્ડેશન, સૌરાષ્ટ્ર કિડની કેર ફાઉન્ડેશન તેમજ બી. ટી. સવાણી કિડની હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે સંસ્થાના કેમ્પસ ખાતે વિશાળ હિમોગ્લોબિન ચેક-અપ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કોમ્પ્યુટર એન્જિનિયરિંગ વિભાગના એચ.ઓ.ડી. મનિષા કે. ગોસ્વામી અને વિભાગની ટીપીઓ ટીમ આર. એ. કડછા અને વિ. જે. પાંભર ના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પમાં કુલ ૩૧૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની તપાસ કરાવી હતી. આ કેમ્પનો મુખ્ય હેતુ યુવાવર્ગમાં એનિમિયા (લોહીની ઉણપ) પ્રત્યે જાગૃતિ લાવવાનો અને સમયસર નિદાન દ્વારા સ્વસ્થ જીવનશૈલી તરફ પ્રેરિત કરવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન આરોગ્ય નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને નિયમિત આહાર અને આરોગ્યની જાળવણી અંગે ઉપયોગી માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું.

# ભવનાથ સોસાયટીના કારખાનેદારે આર્થિકભીંસથી કંટાળી કર્યો આપઘાત

## માલધારી ફાટક પાસે કારખાને ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું: પરિવારમાં ગમગીની છવાઈ: પોલિસે વધુ હાથ ધરી

અબતક રાજકોટ

શહેરના હરિધવા મેઈન રોડ પર ભવનાથ સોસાયટીમાં રહેતા કારખાનેદારે આજે સવારે આર્થિકભીંસથી કંટાળીને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા સારવાર મળે તે પહેલા તબીબે આધેડને મૃત જાહેર કરતા ઘટના સ્થળે આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી

આ અંગે મળતી માહિતી મુજબ શહેર કોઠારીયા રોડ પર ભવનાથ સોસાયટીમાં રહેતા કારખાનેદાર જીગ્નેશભાઈ ધીરજલાલ સાવલિયા ઉંમર વર્ષ ૪૫ વર્ષીય આધેડે આજે સવારે પોતાનાં નીલકંઠ ઈડસ્ટ્રિયલ એરિયા માલધારી ફાટક પાસે આજે સવારે આર્થિકભીંસથી કંટાળી ને ગળેફાંસો ખાઈ લેતા તાત્કાઈક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા સારવાર મળે તે પહેલા તબીબે આધેડને મૃતજાહેર કરતા ઘટનાની જાણ આજીડેમ પોલીસનો સ્ટાફ તત્કાળ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખાતે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક પોતે પ્લાસ્ટિક મોલ્ડિંગનું કારખાનું ધરાવતા હોય અને પ્રાથમિક તપાસમાં આર્થિકભીંસથી કંટાળીને જીવન ટુંકાવ્યું હોવાની તારણ જાણવા મળ્યું છે મૃતક ૨ ભાઈ માં મોટા અને સંતાન ૧ પુત્ર અને ૧પુત્રી પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ગમગીની છવાઈ હતી આ અંગે આજીડેમ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ તેજપાલસિંહ વધુ તપાસ હાથ ધરી છે

# પૂર્વ ડે.મેયર દુધાત્રાના ભત્રીજા ઉપર પિતરાઈનો હુમલો

અબતક રાજકોટ

શહેરના મોરબી રોડ પર ડેલે હતા. ત્યારે પૂર્વ ડે.મેયરના ભત્રીજા રખડતુ ભટકતુ જીવન જીવતા પિતરાઈને દરરોજ રૂપિયા વાપરવા આપતા હતા. પરંતુ આજે નહીં આપતા કૌટૂંબિક ભાઈએ વેપારી ઉપર છરી વડે હુમલો કર્યો હતો.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રેસકોર્ષ રીંગરોડ પર શ્રીમંતપાર્કમાં રહેતા દિનેશભાઈ મનસુખભાઈ દુધાત્રા નામના ૪૪ વર્ષના પ્રૌઢ સવારના સાડા દસેક વાગ્યાના અરસામા મોરબી રોડ જકાતનાકા પાસે આવેલા પોતાના ગાયત્રી સ્ટીલ એન્ડ પ્લાયવુડના ડેલે હતા. ત્યારે કૌટૂંબિક ભાઈ પરસોત્તમ ગોવિંદભાઈ પટેલે ઝઘડો કરી છરીનો ઘા ઝીંકી દીધો હતો. દિનેશભાઈ દુધાત્રાને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.પ્રાથમિક પૂછપરછમાં હુમલામાં ઘવાયેલા દિનેશભાઈ દુધાત્રા પૂર્વ ડે.મેયર વલ્લભભાઈ દુધાત્રાના ભત્રીજા થાય છે અને મોરબી રોડ પર ગાયત્રી સ્ટીલ એન્ડ પ્લાયવુડના નામે ધંધો કરે છે. હુમલાખોર પરસોત્તભાઈ પટેલ દિનેશભાઈ દુધાત્રાના કૌટૂંબિક ભાઈ થાય છે. પરસોત્તમભાઈ બે દિકરીના લગ્ન બાદ પત્નીને કાઢી મુકી છે અને પરસોત્તમભાઈ રખડતુ ભટકતુ જીવન જીવે છે. જેથી દિનેશભાઈ દુધાત્રા અવાર નવાર પરસોત્તમભાઈને વાપરવા માટે રૂપિયા આપતા હતા. પરંતુ આજે રૂપિયા નહીં આપતા ઉશ્કેરાયેલા કૌટૂંબિક ભાઈ પરસોત્તમભાઈએ છરીથી હુમલો કરી લીધો હતો.

# હોકી વર્લ્ડકપમાં ભારતે પાકિસ્તાનને ૫-૩થી કચડ્યું

## ભારત તરફથી કપ્તાન હરમનપ્રીત અને અભિષેકે ૨-૨ ગોલ કર્યા: ૧૬ વર્ષના લાંબા સમય બાદ વર્લ્ડ કપની મેચમાં ભારતનો શરૂઆતથી જ દબદબો જોવા મળ્યો

**અબતક, રાજકોટ**

ભારતે નાધરલેન્ડ્સના એમસ્ટેલવીન સ્ટેડિયમમાં ૨૦૨૬ હોકી વર્લ્ડ કપના પૂલ-ડીના મુકાબલામાં પાકિસ્તાનને ૫-૩થી હરાવી દીધું. ભારત અને પાકિસ્તાનની હોકી ટીમો વચ્ચે ૧૬ વર્ષના લાંબા સમય બાદ વર્લ્ડ કપની મેચ રમવામાં આવી. વર્લ્ડ કપમાં બંને વચ્ચે છેલ્લો મુકાબલો ૨૦૧૦માં દિલ્હીની ધરતી પર રમાયો હતો. તે મેચમાં ટીમ ઈન્ડિયાએ ૪-૧થી બાજી મારી હતી. હવે વર્લ્ડ કપમાં એકવાર ફરી ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાનને રોંદી નાખ્યું. આ સાથે ટીમ ઈન્ડિયા આગામી રાઉન્ડમાં પહોંચી ગઈ અને પાકિસ્તાન ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું.

મેચમાં શરૂઆતથી જ ભારતનો દબદબો જોવા મળ્યો. પ્રથમ ક્વાર્ટરમાં ટીમ ઈન્ડિયાએ કેપ્ટન હરમનપ્રીત સિંહ (૫મી મિનિટે) અને અભિષેક (૧૧મી મિનિટે) ના ગોલની મદદથી ૨-૦ની સરસાઈ હાંસલ કરી લીધી. ત્યારબાદ બીજો ક્વાર્ટર રસપ્રદ રહ્યો, જ્યાં બંને ટીમો તરફથી ૨-૨ ગોલ જોવા મળ્યા. ભારત માટે કેપ્ટન હરમનપ્રીત (૨૧મી મિનિટે) અને અભિષેકે (૨૪મી મિનિટે) ગોલ દોહરાવ્યા. બીજી તરફ, પાકિસ્તાન માટે હન્નાન શાહિત (૨૨મી મિનિટે) અને સૂફિયાન ખાને (૨૫મી મિનિટે) ગોલ કર્યા. હન્નાને ટીમ માટે ગોલનું ખાતું ખોલ્યું. મેચમાં કુલ ૪ ગ્રીન કાર્ડ આપવામાં આવ્યા. જેમાં ૨ ગ્રીન કાર્ડ ભારતીય ખેલાડીઓને અને બાકીના ૨ પાકિસ્તાનના ખેલાડીઓને મળ્યા. બાકી એક યલો કાર્ડ ભારતના આદિત્ય અર્જુનને મળ્યો.

બે ક્વાર્ટર પૂરા થયા પછી ટીમ ઈન્ડિયા પાસે ૪-૨ની સરસાઈ મોજૂદ હતી. અડધી મેચ થઈ ચૂકી હતી, ભારત આગળ હતું. અહીંથી પાકિસ્તાનને જીતવા માટે એક પછી એક ગોલ કરવાના હતા, પરંતુ ત્રીજા ક્વાર્ટરમાં તેનાથી બિલકુલ ઊલટું થયું. અહીં પાકિસ્તાન તરફથી તો કોઈ ગોલ ન થયો, પરંતુ ભારતે ચોક્કસપણે એક ગોલ કરી દીધો. આ ગોલ હાર્દિક સિંહે પેનલ્ટી કોર્નર પર ૩૫મી મિનિટે કર્યો. ત્રણ ક્વાર્ટર પછી ટીમ ઈન્ડિયા પાસે ૫-૩ની સરસાઈ થઈ ગઈ હતી.

ચોથા એટલે કે છેલ્લા ક્વાર્ટરમાં પાકિસ્તાન તરફથી ત્રીજો ગોલ જોવા મળ્યો, જે શાહિત હન્નાને ૪૬મી મિનિટે કર્યો. પરંતુ ત્યાં સુધીમાં બહુ મોડું થઈ ચૂક્યું હતું. અહીંથી મેચમાં પાકિસ્તાન માટે ફક્ત ઔપચારિકતાઓ જ બાકી રહી હતી. ટીમ માટે મેચ હાથમાંથી નીકળી ચૂકી હતી.





### જીત સાથે ટીમ ઈન્ડિયા રાઉન્ડ ઓફ આઠમાં પહોંચી, પાકિસ્તાન બહાર થયું

આ જીત સાથે ટીમ ઈન્ડિયા આગામી રાઉન્ડમાં પહોંચી ગઈ છે. પૂલમાં ટીમ ઈન્ડિયાએ ૩માંથી ૨ મેચ જીતી અને ૬ પોઈન્ટ્સ હાંસલ કરીને પોતાને આગળ વધારી. બીજી તરફ બહાર ફેંકાયેલી પાકિસ્તાનને એક પણ જીત નસીબ ન થઈ. ટીમે ૩માંથી ૨ મેચોમાં હારનો સામનો કરવો પડ્યો અને બાકીની ૧ ડ્રો પર સમાપ્ત થઈ. આ રીતે ખરાબ પ્રદર્શન સાથે ટીમ આગળ વધી શકી નહીં.

# માનવ સુથાર ભારત માટે લાંબો સમય રમશે: શુભમન ગિલ

## શુભમન ગિલે પ્રથમ ઈનિંગ્સમાં ૧૬૭ રનની ઈનિંગ્સ માટે 'પ્લેયર ઓફ ધ મેચ'નો એવોર્ડ મેળવનારા દેવદત્ત પડિક્કલની પણ ભરપૂર પ્રશંસા કરી



**અબતક, રાજકોટ**

યુવાન લેફ્ટ આર્મ સ્પિનર માનવ સુથારના દસ વિકેટના શાનદાર પ્રદર્શનની મદદથી ભારતે પ્રથમ ક્રિકેટ ટેસ્ટ માં શ્રીલંકા સામે ૧૬૫ રનથી વિજય મેળવ્યા બાદ કેપ્ટન શુભમન ગિલે જણાવ્યું હતું કે, અદભૂત પ્રદર્શન કરનારા સુથારે ખૂબ જ આશાસ્પદ સંકેતો આપ્યા છે અને તે લાંબા સમય સુધી ભારતીય ક્રિકેટની સેવા કરશે. બીજી ઈનિંગ્સમાં ૫૫ રનમાં છ વિકેટ લેનારા માનવ સુથારે મેચમાં કુલ ૧૨૬ રન આપીને દસ વિકેટ ઝડપી હતી. આ તેની સતત બીજી મેચમાં બીજી વખત ઈનિંગ્સમાં પાંચ વિકેટ લેવાની સિદ્ધિ હતી. બુધવારે ભારતે મેચ જીતી ત્યાર બાદ કેપ્ટન ગિલે કહ્યું હતું કે તે અદભૂત બોલિંગ કરી રહ્યો છે. તે ખૂબ જ આશાસ્પદ બોલર દેખાઈ રહ્યો છે અને એવો ખેલાડી છે જે ભારત માટે લાંબા સમય સુધી રમી શકે છે. શુભમન ગિલે પ્રથમ ઈનિંગ્સમાં ૧૬૭ રનની ઈનિંગ્સ માટે 'પ્લેયર ઓફ ધ મેચ'નો એવોર્ડ મેળવનારા દેવદત્ત પડિક્કલની પણ ભરપૂર પ્રશંસા કરી હતી. સાઈ સુદર્શનની ઈજાને કારણે પડિક્કલનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ગિલે કહ્યું હતું કે દેવદત્તને બેટિંગ કરતા જોવો એ એક લ્હાવો હતો. સદી ફટકારવી મહત્વપૂર્ણ છે, પરંતુ સદી ફટકાર્યા પછી પણ રમત જારી રાખવી વધુ મહત્વની છે. તેણે એક મોટો સ્કોર ખડક્યો હતો. એક સ્પર્ધાત્મક મેચમાં અને મજબૂત સ્થિતિમાં હોવા છતાં... જે રીતે તેણે બેટિંગ કરી અને બીજી ઈનિંગ્સમાં પ્રભુત્વ જમાવ્યું, તે જોવું અદભૂત હતું.ભારત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં ૫૩.૩૩ ટકાવારી પોઈન્ટ સાથે પાંચમા સ્થાને હોવા છતાં, કેપ્ટન ખુશ હતો કે આ જીતથી ટીમ પરનું થોડું દબાણ હળવું થયું છે. ઓસ્ટ્રેલિયા (૭૭.૭૮), સાઉથ આફ્રિકા (૭૫) અને તાજેતરમાં ઓસ્ટ્રેલિયા સામે ઐતિહાસિક જીત મેળવનારા બાંગ્લાદેશ (૬૬.૬૭) ભારત કરતાં આગળના સ્થાને છે. ગિલે ઉમેર્યું હતું કે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ એ જ અમારો અંતિમ લક્ષ્યાંક છે. ટેસ્ટ મેચમાં જીત સરળતાથી નથી મળતી અને આ જીત ખૂબ જ આનંદદાયક છે.ભારતે મેચ જીતી તેની પાંચ જ મિનિટમાં વરસાદ શરૂ થઈ ગયો હતો અને ટીમે રાહત અનુભવી હતી કે કુદરતે તેમની જીતની મજા બગાડી નહીં. આ અંગે કેપ્ટન ગિલે જણાવ્યું હતું કે, આ અમારા માટે ખૂબ જ સંતોષકારક જીત છે. અમે મજબૂત સ્થિતિમાં હતા, પરંતુ હવામાનને કારણે મેચ આગળ વધશે કે નહીં તેની ખાતરી ન હતી. જોકે ટીમે ખૂબ જ સારો પ્રતિસાદ આપ્યો હતો.

### માનવે ૯૩ વર્ષ જૂના રેકોર્ડની બરાબરી કરી

શ્રીલંકા સામેના આ શાનદાર સ્પેલ સાથે માનવ સુથારે પ્રથમ વર્ગના ક્રિકેટમાં એક ઈનિંગ્સમાં ૮ વિકેટ લેવાના અનોખા રેકોર્ડની બરાબરી કરી છે. ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં આ અગાઉ વર્ષ ૧૯૩૧-૩૨માં પ્રથમ વર્ગ મેચની એક જ ઈનિંગ્સમાં ૮ કે તેથી વધુ વિકેટ ઝડપવાનો રેકોર્ડ નોંધાયો હતો, જેની બરાબરી સુથારે ૯૩ વર્ષ બાદ કરી છે.

# વર્લ્ડ બેડમિન્ટનમાં સાત્વિક-ચિરાગની જોડી પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી

## બીજા રાઉન્ડમાં ભારતીય જોડીને વોક ઓવર મળ્યો

**અબતક, રાજકોટ**

ભારતીય મેન્સ ડબલ્સ જોડી સાત્વિકસાઈરાજ રાન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી તેમની પ્રથમ મેચમાં વોકઓવર મળ્યા બાદ બીડબ્લ્યુએફ વર્લ્ડ ચેમ્પિયનશિપના પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગઈ છે. પાંચમી ક્રમાંકિત આ ભારતીય જોડીએ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં અગાઉથી જ બે બ્રોન્ઝ મેડલ જીતેલા છે. તેમને પ્રથમ રાઉન્ડમાં બાય મળ્યો હતો અને બીજા રાઉન્ડમાં સ્કોટલેન્ડના એલેક્ઝાન્ડર ડન અને એડમ પ્રિંગલ સામે તેમનો મુકાબલો નિશ્ચિત હતો.જોકે સ્કોટિશ જોડીએ છેલ્લી ક્ષણે નામ પાછું ખેંચી લેતાં સાત્વિક અને ચિરાગને કોર્ટ પર ઉતર્યા વગર જ રાઉન્ડ ઓફ ૧૬માં સ્થાન મળી ગયું હતું. બીજી તરફ, મિક્સ્ડ ડબલ્સ કેટેગરીમાં પણ ભારતીય ખેલાડીઓએ છાપ જાળવી રાખ્યો છે. તનિશા ક્રાસ્ટો અને ધ્રુવ કપિલાની જોડીએ મકાઉના લિઓંગ ઈઓક ચોંગ અને એનજી વેંગ ચીની જોડી સામે એકતરફી મુકાબલામાં શાનદાર જીત મેળવી હતી. ભારતીય જોડીએ માત્ર બે જ સેટમાં ૨૧-૧૧, ૨૧-૧૧ થી હરીફ જોડીને માત આપીને પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.ટુર્નામેન્ટના આગામી તબક્કામાં અન્ય સ્ટાર ભારતીય ખેલાડીઓ પણ એક્શનમાં જોવા મળશેપી.વી. સિંધુ બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પોતાના સિંગલ્સ અભિયાનની શરૂઆત કરશે.લક્ષ્ય સેન મેન્સ સિંગલ્સમાં ભારતની આશા જગાવનાર લક્ષ્ય સેન કોર્ટ પર ઉતરશે.આયુષ શેટ્ટી યુવા ખેલાડી આયુષ શેટ્ટી પણ પોતાના મહત્વના મુકાબલામાં ભારતીય પડકાર રજૂ કરશે.



# હાર બાદ શ્રીલંકાને 'ટ્રિપલ' ઝટકો, ભારત વિરુદ્ધ બીજી ટેસ્ટમાંથી ત્રણ ખેલાડી બહાર

**અબતક, રાજકોટ**

ટીમ ઈન્ડિયાએ ગાલેમાં પ્રથમ ટેસ્ટમાં યજમાન શ્રીલંકાને ૧૬૫ રનથી હરાવ્યું. શ્રેણીની બીજી અને અંતિમ ટેસ્ટ ૨૩ ઓગસ્ટે રમાશે, અને શ્રીલંકાને ત્રીજો ફટકો પડ્યો છે. ત્રણ ખેલાડીઓ બહાર થઈ ગયા છે. તેમાંથી બે પહેલાથી જ બહાર હતા અને ત્રીજો ખેલાડી દિનેશ ચંદીમલ છે. શ્રીલંકાના મુખ્ય કોચ ગેરી કર્સ્ટને જણાવ્યું હતું કે દિનેશ આગામી ટેસ્ટ માટે ઉપલબ્ધ નથી. તેમણે કુસલ મેન્ડિસ સહિત અન્ય ખેલાડીઓની પણ ચર્ચા કરી, જેમને હેમસ્ટ્રિંગની ઈજા છે. ઓપનિંગ બેટ્સમેન પથુમ નિસાંકા પણ કાંડાની ઈજાને કારણે બહાર છે.

દિનેશને પ્રથમ ટેસ્ટમાં ફિલ્ડિંગ કરતી વખતે માથા અને ગરદનની ઈજા થઈ હતી. પાસિંદ સૂર્યાબંડારાને કન્કશન સબસ્ટિટ્યૂટ તરીકે લાવવામાં આવ્યો હતો, આ સાથે પાસિંદુનું ટેસ્ટ ડેબ્યૂ પણ થયું હતું. હવે, દિનેશ ચંદીમલ બીજી ટેસ્ટમાંથી પણ બહાર છે.

ભારત સામેની પહેલી મેચમાં મળેલી હાર બાદ શ્રીલંકાના મુખ્ય કોચ ગેરી કર્સ્ટને ૩ ખેલાડીઓની ઉપલબ્ધતા અંગેના સવાલના જવાબમાં જણાવ્યું હતું કે કુસલ મેન્ડિસ હાલમાં હેમસ્ટ્રિંગ ઈજાને કારણે ઉપલબ્ધ નથી. દિનેશ ચાંદીમલ આગામી ટેસ્ટ માટે પણ ઉપલબ્ધ નથી. "તેથી તે દ્રષ્ટિકોણથી અમારા કેટલાક ખેલાડીઓ ટીમમાંથી ગુમ છે, પરંતુ આ યુવા ખેલાડીઓ માટે એક મહાન તક રજૂ કરે છે જેઓ છેલ્લા કેટલાક વર્ષોથી સ્થાનિક ક્રિકેટમાં સારું પ્રદર્શન કરી રહ્યા છે." શ્રીલંકા ક્રિકેટે હજુ સુધી બીજી ટેસ્ટ માટે ટીમની જાહેરાત કરી નથી, જેમાં કેટલાક ફેરફારોની અપેક્ષા રાખી શકાય છે.



# સૌ.યુનિ.ની આંતર કોલેજ કોસ કન્ટ્રી રેસમાં ૧૨૫ ખેલાડીઓએ દોડ લગાવી

## કલેકટરના જાહેરનામા સાથે પ્રથમ એવી સ્પર્ધા હશે જેનું આયોજન પોલીસ પ્રોટેક્શન થયું અને ૧૦ કિમીનો રોડ બ્લોક કરી સ્પર્ધાનું સફળ આયોજન કરાયું

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત આયોજિત આંતર કોલેજ ક્રોસ કન્ટ્રી રેસ (પુરુષ/મહિલા) સ્પર્ધાનું સફળ આયોજન એચ. એન.દોશી આર્ટસ એન્ડ આર. એન. દોશી કોમર્સ કોલેજ, વાંકાનેર. ખાતે કરવામાં આવ્યું હતું.

સ્પર્ધાના ઉદઘાટન સમારંભમાં વાંકાનેર નગરપાલિકા ચીફ ઓફિસર, ધવલભાઈ વેકરીયા, દોશી કોલેજના આચાર્ય ડો. વાય. એમ. ચુડાસમા, જડેશ્વર મંદિર ના લઘુ મહંત જીતેન્દ્રભાઈ ત્રિવેદી, મંદિરના ટ્રસ્ટી કિશોરસિંહ ઝાલા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શારીરિક શિક્ષણ ડો. હરીશ બી. રાબા ઓબ્ઝર્વર ડો. સંદીપભાઈ વાળા, ગેમના આયોજક ડો. વાય. એ. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ ખેલાડીઓને રમતગમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા, રમતની ભાવના જાળવવા તેમજ શિસ્ત, નેતૃત્વ અને ટીમભાવના જેવા ગુણો જીવનમાં ઉતારવા પ્રેરણા આપી હતી.





સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ભાઈઓની ૧૮ ટીમોના અંદાજે ૬૨ ખેલાડીઓએ અને અને બહેનોની ૧૭ ટીમોના અંદાજે ૬૩ ખેલાડી આમ કુલ ૧૨૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર સ્પર્ધા દરમિયાન ખેલાડીઓએ રમતિયાળ ભાવના અને ઉચ્ચ કક્ષાનું રમતકૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું.

સ્પર્ધાનું સંચાલન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા નિયુક્ત ઓબ્ઝર્વર ડો. સંદીપભાઈ વાળાની દેખરેખ હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

### સ્પર્ધાના પરિણામો નીચે મુજબ રહ્યા

### ભાઈઓનું વ્યક્તિગત પરિણામ

**ભાઈઓ પ્રથમ ક્રમ** સાપરા અમિત વી. જે જે કુંડલીયા આર્ટસ એન્ડ કોમર્સ રાજકોટ

**દ્વિતીય ક્રમ :** પરાલિયા બુધાભાઈ એ., સખીદા આર્ટસ કોલેજ, લીંબડી.

**તૃતીય ક્રમ :** સોલંકી રોહિત ટી., સરકારી આર્ટ્સ કોલેજ - જામનગર,

### બહેનોનું વ્યક્તિગત પરિણામ

**બહેનો પ્રથમ ક્રમ** કટેશીયા અસ્મિતા, ઝવેરચંદ મેઘાણી કોલેજ,ચોટીલા.

**બહેનો દ્વિતીય ક્રમ :** ઓળકિયા માનસી, એમ. વી. એમ. આર્ટસ કોલેજ, રાજકોટ.

**બહેનો તૃતીય ક્રમ :** બાવળીયા ટિશા, એમ. વી. એમ. આર્ટસ કોલેજ, રાજકોટ.

## ડ્રગ્સના દુષણને ડામવા એસઓજી મેદાને

# કાલાવડ રોડ પરથી રૂ.૧.૬૪ લાખના મેફેડ્રોન ડ્રગ્સ સાથે કોઠારીયાનો તોસીફ ઝડપાયો

### રાજસ્થાની સપ્લાયર પાસેથી ૬૦ ગ્રામ ડ્રગ્સની ડીસામાં ડિલિવરી મેળવી તોસીફ તુરીયાએ પાંચ ગ્રામ મેફેડ્રોન વેંચી માર્યો, ૫૪.૭૩૦ ગ્રામ મેફેડ્રોન કબ્જે

### એસઓજી પીઆઈ એન બી ચૌધરી અને પીએસઆઈ વીવી ધ્રાંગુ ટીમનો દરોડો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરી વિસ્તારમાં ડ્રગ્સના દુષણને ડામવા એસઓજી ટીમ મેદાનમાં આવી છે. ઓરિસ્સાથી આવી રહેલો ૨૦૪ કિલો ગાંજો ઝડપ્યાના બીજા જ દિવસે એસઓજીએ કાલાવડ રોડ પરથી રૂ. ૧.૬૪ લાખની કિંમતના ૫૪.૭૩૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે કોઠારીયા રોડના તોસીફ તુરીયાની ધરપકડ કરી હતી.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બી. બસીયા તરફથી શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ના ચડે તથા નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકાવવા ‘‘સે નો ટુ ડ્રગ્સ મિશન અંતર્ગત નાર્કોટીકા પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરુધ્ધ કડક કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી એસઓજી પીઆઈ એન.બી.ચૌધરીની રાહબરીમાં પીએસઆઈ વિ. વી. ધ્રાંગુની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સાથેના એએસઆઈ ફિરોજભાઈ રાઠોડ અને હેડ કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમારને અગાઉ ચોરીના કેસમાં પકડાયેલ તોશીફ પોતાનું બાઈક નં. જીજે.૦૩.પીએલ.૫૯૧૬ લઈને થોડી વારમાં કાલાવાડ રોડ ઉપર રામેશ્વર પાર્ટી પ્લોટના ખુણા પાસે આવવાનો છે તેના કબ્જામાં માદક પદાર્થ એમડી (ડ્રગ્સ)નો જથ્થો છે, તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી રામેશ્વર પાર્ટી પ્લોટના ખુણે ઉભેલા શખ્સને અટકમાં લઈ નામ પુછતા પોતે



પોતાનુ નામ તોસીફ આરીફ તુરીયા (ઉ.વ.૨૬, રહે. ગોકુલનગર શેરી નં ૦૩ કોઠારીયા મે. રોડ) હોવાનુ જણાવેલ હતુ.

એસઓજીની ટીમે તે શખ્સની ઝડતી કરતાં તેની પાસેથી મેફેડ્રોન ૫૪.૭૩૦ ગ્રામ રૂ. ૧,૬૪,૧૯૦ અને ડ્રગ્સ પેક કરવાની પ્લાસ્ટીકની વેક્યુમ પેક નાની નાની કોથળીઓ મળી આવતાં કુલ રૂ.૨.૫૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સને રાજસ્થાનના રાણીવાડા પંથકનો શખ્સ ડીસા ખાતે આવી ૬૦ ગ્રામ ડ્રગ્સનો જથ્થો સપ્લાય કરી ગયો હતો. જે બાદ તોફિક રાજકોટ આવી ૬૦ ગ્રામ એમડી ડ્રગ્સના જથ્થામાંથી ૫ ગ્રામ વેચી માર્યાની કબુલાત આપી હતી. તે એક ગ્રામ રૂપિયા ૧૦૦૦ માં ડ્રગ્સ મેળવી અહીં બંધાણીઓને રૂપિયા ૨૦૦૦ માં એક ગ્રામ વેચતો હોવાની પણ કબુલાત આપી છે.

ઉલ્લેખનીય છે કે, પકડાયેલ શખ્સ અગાઉ ચોરીના ગુનામાં પણ પોલીસ ચોપડે ચડી ચૂકેલ છે. આ કામગીરીમાં પીઆઈ એન.બી.ચૌધરીની રાહબરીમાં પીએસઆઈ વી.વી.ધ્રાંગુ, એએસઆઈ અરૂણભાઈ બાંભણીયા, ફિરોજભાઈ રાઠોડ, ઈન્દ્રસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ ઝાલા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમાર, મૌલિકભાઈ સાવલીયા, કોન્સ્ટેબલ યોગેન્દ્રસિંહ ઝાલા, મોનાબેન બુસા સાથે રહ્યાં હતા.

# પ્રૌઢ વેપારી સાથે ક્રેડિટ કાર્ડમાં કે.વાય.સી. અપડેટ કરાવવાના બહાને રૂ.૬.૫૨ લાખની ઠગાઈ

### શાપર સ્થિત કોસ્મેટિક પ્રોડક્ટ કંપનીના માલિકના મોબાઈલની સ્ક્રીન શેર કરાવી ગઠીયાએ ક્રેડિટ કાર્ડમાંથી પૈસા ટ્રાન્સફર કરી લીધા : સાયબર ક્રાઈમ પોલીસે તપાસ આદરી

**અબતક, રાજકોટ**

યુનિવર્સીટી રોડ પર રહેતા કોસ્મેટિક પ્રોડક્ટની કંપનીના માલિક સાથે ક્રેડિટ કાર્ડના કે.વાય.સી. કરાવવાના બહાને રૂ. ૬.૫૨ લાખ ખંખેરી લેવાયા હતા. બેંક કર્મચારીની ઓળખ આપી સાયબર ચાંચીયાએ મોબાઈલની સ્ક્રીન શેર કરાવી તમામ એક્સેસ મેળવી લઈ ફ્રોડ આચરી લીધું હતું. જે મામલે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

યુનિવર્સીટી રોડ પર વિરગંગા શેરી નં.-૨ માં રહેતા ૫૨ વર્ષીય પ્રૌઢ વેપારી નિલેશભાઈ પ્રધાનભાઈ ચંદારાણાએ આરોપી તરીકે અલગ અલગ બે મોબાઈલ નંબરના ઉપયોગકર્તાનું નામ આપી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું શાપર ખાતે રિમેમ્બર ઈંડીયા કોમેડ પ્રોડક્સ નામે સ્કીનની દવાની કંપની ધરાવી કોસ્મેટીક પ્રોડક્ટનો વેપાર કરુ છું. મારી પાસે એચડીએફસી અને સાઉથ ઈન્ડિયન બેંકના ત્રણ ક્રેડિટ કાર્ડ છે.

પ્રૌઢ વેપારીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૦૨/૦૮/૨૦૨૬ ના રોજ હુ મારા ઘરે હતો. ત્યારે સવારે ૧૦/૨૩ વાગ્યે મને મારા મોબાઈલ નંબર પર અજાણ્યા મોબાઈલ નંબર ૮૯૭૨૧ ૩૦૯૭૫ થી કોલ આવેલ હતો. સામાવાળા શખ્સે પોતાની ઓળખ એચ.ડી.એફ.સી. બેન્કના કર્મચારી તરીકે આપી જણાવેલ કે, તમારુ એચ.ડી.એફ.સી. બેન્કનું ક્રેડીટ કાર્ડ અપડેટ કરવા માટેની ઓફર છે, જો તમારે તમારૂ ક્રેડીટ કાર્ડ અપગ્રેડ કરાવવુ હોય તો જણાવો. જેથી મે તેમને કહેલ કે હુ હાલ કામમાં છું, તમે સાંજના કોલ કરજો તેમ વાત કરેલ હતી. બાદ સાંજના પાંચેક વાગ્યાની આસપાસ ફરી મો. નં. ૮૯૭૨૧૩૦૯૭૫ પરથી મને કોલ આવેલ હતો. સામાવાળાએ પૂછેલું કે, તમે તમારા ક્રેડીટ કાર્ડની માહીતી સાથે તૈયાર છો ? તો વીડીઓ કે.વાય.સી. અંગેની પ્રોસીઝર કરી નાખીએ. મે હાં પાડતા મને મો.નં. ૭૪૭૭૮૯૯૮૦૭ પરથી વોટ્સએપ વીડીયો કોલ આવેલ હતો. જે કોલ મે રીસીવ કરી સામેવાળાને મારા આધારકાર્ડ, પાનકાર્ડ, સેલ્ફી-ફોટો, તથા ત્રણેય ક્રેડીટ-કાર્ડની ડીટેઈલ્સ આપેલ હતી. બાદ સામાવાળાએ કહેલ કે, કે.વાય.સી.માં એરર આવે છે, જેથી તમારે તમારા મોબાઈલની સ્ક્રીન શેર કરવી પડશે. જેથી હું સામાવાળો શખ્સ કહેતો હતો તે પ્રમાણે કરતા સ્ક્રીન શેર થઈ ગયેલ હતી. બાદ સામાવાળાએ મારા મોબાઈલનું એક્સેસ મેળવી લીધેલ હતું.દરમિયાન મારા મોબાઈલમાં એક ઈમેલ આવેલ હતો, જે જોતા મારા ક્રેડિટ કાર્ડમાંથી અન્ય કોઈને રૂપિયા ટ્રાન્સફર થયાની મને જાણ થઈ હતી. જેથી મે તુરંત જ બેંકના કસ્ટમર કેર નંબર પર જાણ કરી ક્રેડીટકાર્ડ બંધ કરાવી દિધેલ હતા. બાદ મે બેન્કમાંથી નવા ક્રેડીટ કાર્ડ મેળવતા ખબર પડી હતી કે, મારા અગાઉના ક્રેડિટકાર્ડમાંથી કટકે કટકે કુલ રૂ.૬,૫૨,૫૯૧/- ટ્રાન્સફર થઈ ગયેલ હતા.

સાયબર ગઠીયાએ પ્રૌઢ વેપારીને એચ.ડી.એફ.સી. બેન્કના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી મોબાઈલનો એક્સેસ મેળવી એચડીએફસી રેગલિયા ગોલ્ડ ક્રેડિટકાર્ડમાથી રજ. ૨,૯૧,૪૧૬, એચડીએફસી ટાટા ન્યુ કાર્ડમાંથી રૂ. ૨,૫૬,૦૦૨ અને સાઉથ ઈન્ડિયા બેંકના ક્રેડિટ કાર્ડમાંથી રૂ. ૧,૦૫,૧૭૩ ટ્રાન્સફર કરી લીધા હતા. જે મામલે પ્રૌઢ વેપારીની ફરિયાદ પરથી સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# એન.ડી.પી.એસ.ના ગુનામાં રામનાથપરાનો ડ્રગ્સ પેડલર વસીમ મુલતાનીને જામીન નહીં

### ૩.૩૩૦ ગ્રામ હેરોઈન અને ૫૨.૭૬૦ ગ્રામ MD ડ્રગ્સ કોમર્શિયલ ક્વોન્ટિટીના કારણે રાહત ન મળી

**અબતક, રાજકોટ**

શહેરના રામનાથપરામાંથી હેરોઈન અને મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપાયેલા આરોપીએ ચાર્જશીટ બાદ કરેલી જામીન અરજી અદાલતે નામંજુર કરી છે.શહેરના

રામનાથપરામાં રહેતો વસીમ અશરફ મુલતાની માદક પદાર્થનો જથ્થો લઈને પોતાના ઘરે આવતો હોવાની બાતમીના આધારે ડી.સી.બી. પોલીસે ઝડપી લીધો હતો. પોલીસ તપાસ દરમિયાન તેના પેન્ટના ખિસ્સા અને ચંપલમાંથી રૂ.૧૬,૬૫૦ની કિંમતનું ૩.૩૩૦ ગ્રામ હેરોઈન અને રૂ.૫,૨૭,૬૦૦ની કિંમતનું ૫૨.૭૬૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. આ અંગે એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૮(સી) અને ૨૧(સી) મુજબ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. જેલ હવાલે રહેલા આરોપી વસીમ મુલતાનીની ચાર્જશીટ બાદ જેલ મુક્ત થવા બીજી વખત રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા સરકારી વકીલ પરાગ એન. શાહે જામીન અરજીનો વિરોધ કરતી દલીલો કરી હતી કે, આરોપી પાસેથી મળી આવેલ મેફેડ્રોનનો જથ્થો કોમર્શિયલ ક્વોન્ટિટી (૫૦ ગ્રામ) કરતાં વધુ છે. આરોપી સામે એન.ડી.પી.એસ. એક્ટ, વાહન ચોરી અને દારૂના ગુનાઓ નોંધાયેલા છે.

ડ્રગ્સનું સેવન અને આર્થિક લાભ માટે તેનું વેચાણ કરવું એ અત્યંત ગંભીર બાબત છે. નાર્કોટિક્સ ડ્રગ્સ માત્ર એક વ્યક્તિને નહીં પરંતુ આખા સમાજને બરબાદ કરે છે. આ સિવાય ચાર્જશીટ ફાઈલ થવાથી કે જેલવાસ ભોગવવાથી સંજોગો બદલાતા નથી સહિતની દલીલો ધ્યાને લઈ અદાલતે આરોપી વસીમ મુલતાનીની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

# એસ.કે. ચોકમાંથી ક્રિકેટ સટ્ટો રમતો આકાશ કાનાણી ઝડપાયો

### એલસીબી ઝોન-૨ની ટીમે દસ હજારનો મોબાઈલ કબ્જે કર્યો

**અબતક, રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ વિસ્તારના એસ કે ચોક પાસેથી મોબાઈલમાં ઓનલાઇન ક્રિકેટ મેચ અને ગેમો પર જુગાર રમતો આકાશ પ્રદીપભાઈ કાનાણી નામના શખ્સને દસ હજારના મોબાઈલ સાથે એલસીબી ઝોન ૨ની ટીમે ઝડપી લીધો છે.શહેરમાં દારૂ અને જુગાર સહિતની બદીઓ નાબૂદ કરવા ઉચ્ચ પોલીસ અધિકારીઓએ આપેલી સૂચનાના પગલે, એલસીબી ઝોન ૨ની ટીમ ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા એસ કે ચોક તરફ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોકમાં જ એક શખ્સ મોબાઈલમાં ઓનલાઈન સટ્ટો રમતો હોય તેવી શંકા જતા, મોબાઈલ

કબ્જે કરી તલાસી લેતા, આઈડી મેળવી યુઝર્સ નેમ અને પાસવર્ડ મેળવી ઓનલાઈન ગેમોમાં હારજીતના સોદાઓ કરતો હોવાનું માલૂમ પડ્યું હતું. પોલીસે કોઠારીયા રોડ પર આવેલા હુડકો ક્વાર્ટર બી ૯૨, સરકારી શાળા ૬૧ પાસે રહેતો આકાશ પ્રદીપભાઈ કાનાણી નામના શાખાને મોબાઈલ સાથે એલસીબી ઝોન -૨ એ.એસ.આઇ હરપાલસિંહ જાડેજા અને હેડ કોન્સ્ટેબલ ધર્મરાજસિંહ સહિતના સ્ટાફે ઝડપી લીધો છે.

# સગીરાને હવસનો શિકાર બનાવનાર શખ્સના જામીન મંજૂર

### પ્રેમ સંબંધ હતો, ધમકી આપી નહિ હોવાની દલીલો બચાવ પક્ષની રજૂઆત

**અબતક, રાજકોટ**

સગીરાને લગ્નની લાલચ આપી અપરણ કરી હસનો શિકાર બનાવો આ ના ગુનામાં છે લવાલે રહેલા આરોપીને જામીન પર મુક્ત કરવા અદાલતે હુકમ કર્યો છે.

આ કામના ફરિયાદીની સગીર દીકરીને આરોપી હિમેશ અજયભાઈ સરવૈયા સાથે પ્રેમ સંબંધ હોય, બંને એકબીજાના સંપર્કમાં હતા. આરોપી સગીરાને તેના વાલીપણામાંથી ભગાડી જઈ હોટેલમાં લઈ ગયો. હોટેલમાં ખોટું આધાર કાર્ડ બતાવી રૂમ બુક કરાવી ‘‘હું તને પ્રેમ કરું છું, તારી સાથે લગ્ન કરવા માંગુ છું‘‘ તેમ કહી ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધ્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ હતો. આ અંગે કુવાડવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. ત્યારબાદ આરોપીએ સ્પેશિયલ જજ પોકસો કોર્ટમાં જામીન અરજી કરી હતી. આરોપીના એડવોકેટે કોર્ટમાં





દલીલ કરી હતી કે આરોપી અને ભોગ બનનાર વચ્ચે પ્રેમ સંબંધ હતો. આરોપીએ કોઈ લાલચ, પ્રલોભન, બળજબરી કે ધાક-ધમકી આપી નથી. ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષ ૬ માસ છે, જ્યારે અરજદાર આરોપીની ઉંમર ૧૯ વર્ષની છે. આરોપી કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતો નથી અને તેનું કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશન પૂર્ણ થઈ ગયું છે. નિયમિત ટ્રાયલ દરમિયાન હાજર રહેવાની ખાતરી આપતા અને વિવિધ વડી અદાલતોના ચુકાદા ટાંકી જામીન મંજૂર કરવા વિનંતી કરાઈ. કોર્ટે બંને પક્ષની રજૂઆત અને ચુકાદાઓ ધ્યાને લઈ આરોપી હિમેશ અજયભાઈ સરવૈયાની જામીન અરજી શરતોને આધીન મંજૂર કરી જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો હતો. આ કામમાં આરોપી તરફે પટેલ લો ફર્મના ધારાશાસ્ત્રી દિલીપભાઈ પટેલ, કલ્પેશ નસીત, નૈમિષ જોષી, અનિતા રાજવંશી તથા આસીસ્ટન્ટ તરીકે ઈશા કણઝારીયા રોકાયા હતા.

# ખેડૂતને રાહતઃ બિયારણ કંપનીને ૫ લાખ અને ૭% વ્યાજ ચૂકવવાનો હુકમ યથાવત

### ડુંગળીના નકલી બિયારણથી પાક નિષ્ફળ જવાના કેસમાં રાષ્ટ્રીય ગ્રાહક અદાલતે ઈન્ડો યુ.એસ. બાયોટેકની અપીલ ફગાવી

**અબતક,રાજકોટ**

વાંકાનેર પંથકમાં ડુંગળીનો પાક નિષ્ફળ જવાના દાવામા ખેડુતને રૂા.૫ લાખ ૭% વ્યાજ સહિત ચૂકવવાના રાજકોટ ગ્રાહક અદાલતના હુકમને ઈન્ડો યુ.એસ.બાયોટેક લીમીટેડ કંપનીએ કરેલી અપીલ રાષ્ટ્રીય ગ્રાહક અદાલતે (દિલ્હી) માન્ય રાખી ગ્રાહક અદાલતના આદેશને યથાવત રાખી ખેડુતને વ્યાજ સાથે વળતર ચૂકવવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ વાંકાનેર ખાતે રહેતા માથકીયા ઈસ્માઈલભાઈ જલાલભાઈ દ્વારા રાણી-૯૯૯ ડુંગરીનું બિયારણ ખરીદ કરવામા આવેલ હતું. ડુંગળીના બિયારણમા યોગ્ય ગુણવત્તાનો અભાવ હોવાથી ખેડુતનો ડુંગળીનો પાક નિષ્ફળ ગયેલ હતો. ડુંગળીના બિયારણમા ખામી હોવા સંબધે ખેતીવાડી પ્રયોગશાળા, જુનાગઢ દ્વારા પ્રમાણપત્ર આપવામા આવેલ હતું.ખેડુત દ્વારા નુકશાની વળતર માટેની ફરીયાદ ઈન્ડો યુ.એસ. બાયોટેક લીમીટેડ કંપની, અમદાવાદ સામે રાજકોટ જીલ્લા ગ્રાહક અદાલત ફોરમ સમક્ષ દાખલ કરવામા આવેલ હતી. ધારાશાસ્ત્રી રામજીભાઈ માવાણીએ ખેડુત પક્ષે સુપ્રિમકોર્ટ, રાષ્ટ્રીય ગ્રાહક અદાલત તેમજ અન્ય અદાલતો દ્વારા આપવામા આવેલ આદેશો અને જજમેન્ટો ગ્રાહક અદાલત સમક્ષ રજૂ કર્યા હતા. તેઓએ ખેડુતને થયેલ નુકશાની સાબીત કરી વળતરની રકમ મળવા દલીલો કરેલ હતી. ગ્રાહક અદાલત ફોરમના ન્યાયમૂર્તિ પી. સી. રાવલ , મેમ્બર એમ. એસ. ભટ અને કોકીલાબેન સચદેવ ખેડૂતના વકીલની દલીલ સ્વીકારી નુકશાની વળતર પેટે રૂા.૫ લાખ ૭% ના વ્યાજ સાથે ખેડૂતને ચૂકવી આપવા અને દાવાના ખર્ચ પેટે રૂા.૫ હજાર ખેડુતને ચૂકવી આપવા આદેશ કરેલ હતો. રાજકોટ ગ્રાહક અદાલતના આદેશ સામે બિયારણ કંપની ઈન્ડો યુ.એસ. બાયોટેક લીમીટેડ દ્વારા રાષ્ટ્રીય ગ્રાહક અદાલત સુધી અપીલ કરવામા આવી હતી. ઉપલી અદાલતોના બેંચના આદેશને સંપૂર્ણ રીતે માન્ય રાખેલ હતો. ખેડુત પક્ષે માવાણી લો-ફાર્મ વતી રમાબેન માવાણી, રામજીભાઈ માવાણી, અશોકભાઈ કોયાણ, પંકજભાઈ કોયાણી અને મનોજભાઈ કોટડીયા રોકાયા છે.

# ગૌરીદડ ગામે પતિએ કામનો ઠપકો આપતા પરિણીતાનો ઝેરી દવા પી આપઘાત

**અબતક, રાજકોટ**

રાજકોટના ગૌરીદડ ગામે વાડી વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારની ૨૯ વર્ષીય પરણીતાએ ગઈકાલે પતિએ કામનો ઠપકો આપતા ઝેરી દવા પી લેતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જેનું ટૂંકી સારવાર દરમિયાન મોતની નીપજતા કુવાડવા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ રાજકોટ તાલુકાના ગૌરીદડ ગામે રહેતા અને શ્રમિક કામ કરતા ભાવનાબેન રાજેશભાઈ નાયકા ઉંમર વર્ષ ૨૯ વર્ષીય પરણીતાએ ગઈકાલે તેમના પતિ રાજેશભાઈ એ કામ બાબતે ઠપકો આપતા પરણીતાને માઠૂં લાગી જતા સવારે ૯:૦૦ વાગે આસપાસ ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા ત્યાં ટૂંકી સારવાર બાદ ગત રાત્રે તેમનું મોત નિપજ્યું હતું ઘટનાની જાણ થતા કુવાડવા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે બે ત્રણ દિવસથી પતિ પત્ની વચ્ચે કામ બાબતે ઝઘડો ચાલતો હોય જેથી માઠું લાગી જતા આપઘાત કર્યાનું પ્રાથમિક તારણ જાણવા મળી રહ્યું છે મૃતકને સંતાનમાં ૧ પુત્ર ૧ પુત્રી એ માતાની મમતા ગુમાવતા પરિવારમાં આક્રંદ છવાયો હતો આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# પેરામાઉન્ટ અને દ્વારકાધીશ સોસાયટીના મકાનમાંથી જુગારધામ પકડાયુ

### એક લાખ રોકડા સાથે ૧૭ મહિલા પત્તા ટીંચતી ઝડપાઈઃ ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ અને માલવિયા નગરની કામગીરી

**અબતક, રાજકોટ**

સાતમ આઠમના તહેવારો પૂર્વે શહેરમાં જુગરની મોસમ ખીલી ઉઠી હોય છે. ત્યારે પોલીસ તંત્ર પણ સક્રિય બન્યું છે. જેમાં શહેર પોલીસે બે મકાનમાં મહિલા સંચાલિત જુગારધામ ઝડપી પડ્યા છે. તેમાં યુનિવર્સિટી રોડ પર આવેલી પેરેમાઉન્ટ સોસાયટીમાં અને અંકુર નગર મેઈન રોડ પર આવેલી દ્વારકાધીશ સોસાયટીમાં મકાનમાં પોલીસે દરોડા પાડી જુગારના પટમાંથી એક લાખની રોકડ સાથે ૧૭ મહિલાને પતા ટીંચતી ઝડપી લીધી છે.તહેવારો નજીક આવતા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેને લઈને શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ દારૂ અને જુગાર સહિતની બદીઓ નાબૂદ કરવા આપેલી સૂચનાના પગલે, ગાંધીગ્રામ ૨ (યુનિ.) પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, યુનિવર્સિટી રોડ પર આવેલી પેરેમાઉન્ટ સોસાયટી શેરી નંબર ૦૩માં આવેલા ‘‘શ્યામ‘‘નામના મકાનમાં રહેતી કિરણબેન પંકજભાઈ ખાંટના મકાનમા દરોડો પાડી જુગાર રમતી કિરણબેન સહિત, જુહીબેન નિમેષભાઈ પટેલ, વસંતબેન કિશોરભાઈ થડેશ્વર, અર્ચનાબેન મુકેશભાઈ દતાણી, ઈલાબેન મહિપતસિંહ રાઠોડ, તેજલ બેન મનોજભાઈ બેચરા, મનિષાબેન યોગેશભાઈ વાછાણી , આરાધનાબેન સંદીપ ગિરી ગૌસ્વામી અને ભાવનાબેન શાંતિભાઈ સોનીની ધરપકડ કરી પટમાંથી રૂ.૮૪ હજારની રોકડ કબ્જે કરી છે.જ્યારે જુગારનું બીજો દરોડો માલવિયા નગર પોલીસની ટીમે બાતમીના આધારે, અંકુર નગર મેઈન રોડ પર આવેલી દ્વારકાધીશ સોસાયટી શેરી નંબર ૦૧ માં રહેતા મમતાબેન રાજેશભાઈ પટેલના મકાનમાં પાડી, જુગાર રમતા મમતાબેન, જાગૃતીબેન કમલેશભાઈ પંડ્યા, મીરલબેન ભાવિનભાઈ ખાંટ, રંજુબેન મોહિતભાઈ ડેર, શીતલબેન આશિષભાઈ ધાનક, દીનાબેન રાજેશભાઈ નિમાવત અને નિર્મળાબેન પરેશભાઈ વૈષ્ણવ નામની મહિલાઓને રૂ.૧૮ હજારની રોકડ સાથે માલવિયા નગર પોલીસ ની ટીમે ઝડપી લીધી છે.

### બેફામ દોડતી બસે વધુ એક શ્રમિકના ફૂલ જેવા બાળકનો લીધો ભોગ

# શાપરની ભૂમિ ઈન્ડસ્ટ્રીઝમાં સ્કૂલ બસની ટક્કરે ૩ વર્ષના મહેન્દ્રનું મોત

### સાંજે ઘર પાસે રમતા હતો ત્યારે જ્ઞાનદીપ વિદ્યાલયની બસે અડફેટ લેતા સર્જાયો અકસ્માતઃ પોલીસે ગુનો નોંધ્યો

**અબતક રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ શાપર વેરાવળમાં ભૂમિ ઈન્ડસ્ટ્રીઝ એરીયા ૨ શ્રમિક પરિવારનું ૩ વર્ષીય માસુમ બાળક રમત રમતી વેળાએ જ્ઞાનદીપ વિદ્યાલયની બેદરકારી પૂર્વક આવેલ સ્કૂલ બસ ટક્કર મારતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં ચાલુ સારવાર દરમિયાન તબીબે મૃત જાહેર કરતા ઘટના સ્થળે શાપર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ શાપર વેરાવળમાં અકસ્માતના બનાવો દિવસે અને દિવસે ચિંતાજનક રીતે વધુ રહ્યા છે ત્યારે ભૂમિ ઈન્ડસ્ટ્રીઝ ૨ રહેતા શ્રમિક પરિવારના મહેન્દ્ર માનસિંહભાઈ જાટવ ઉંમર વર્ષ ૩ વર્ષીય બાળક સાંજે ૬ વાગ્યા આસપાસ ઘર પાસે રમી રહ્યો હતો ત્યારે બેફામ ચાલતી જ્ઞાનદીપ વિદ્યાલયની જી જે ૦૩ બી ઝેડ ૪૦૩૭ નંબરની સ્કૂલ બસના ચાલક દ્વારા બાળકને હડફેટે લેતા માથામાં ગંભીર ઈજા થતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ટુંકી સારવારમાં દરમિયાન તેમનુ મોત નીપજતા શાપર વેરાવળ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે માસુમ મૃતક બે ભાઈ માં નાનો અને ૧ બેનનો લાડકવાયો છીનવાઈ જતા પરિવારમાં શોક છવાયો હતો આ અંગે શાપર વેરાવળ પોલીસ બસ ચાલક વિરુદ્ધ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે

### બે ભાઈમાં નાના અને ૧ બેનનો લાડકવાયો છીનવાઈ જતા પરિવારમાં આક્રંદ છવાયો

## ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના લીરા ઉડ્યાં !!

# ગોહિલવાડમા ઝેરી દારૂકાંડથી હાહાકારઃ સાતના મોત , ૨૧ સારવાર હેઠળ

## રોયલ સ્ટેગની બોટલોમાં ૩૮.૫૯% મિથેનોલ ભેળવી 'મોતનું મિશ્રણ': ૨૧ આરોપી સામે ગુનો, ૫ પોલીસ સસ્પેન્ડ

### અમદાવાદથી કેમિકલ-બોટલ મંગાવી ભાવનગરમાં બનાવ્યો નકલી દારૂઃ શરાબમાં મિશ્રણ કરનાર ઉજ્જૈનના શખ્સનું મોત

**અબતક, રાજકોટ**

ભાવનગરમાં ઝેરી દારૂકાંડથી હાહાકાર મચી ગયો છે, જેમાં ૬ યુવકોના કરુણ મોત થયા છે અને ૨૧થી વધુ લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બુટલેગરોએ રોયલ સ્ટેગની બોટલોમાં ૩૮.૫૯% મિથેનોલ ભેળવી 'મોતનું મિશ્રણ' બનાવ્યું હતું. આ રેકેટમાં ૨૧ આરોપીઓ સામે ગુનો નોંધાયો છે અને ૫ પોલીસકર્મી સસ્પેન્ડ થયા છે. રાજ્યના ગ્રુપ મંત્રી હર્ષ સંઘવી દ્વારા બનાવને ગંભીરતાલય તાત્કાલિક સ્ટેટ મોનિટરિંગ સેલ ને

### વરતેજ પોલીસ મથકે સૂત્રધાર ગૌતમ સોલંકી સહિત ૨૧ સામે ફરિયાદ

વરતેજ પોલીસ મથકે મુખ્ય આરોપીઓમાં ગૌતમ સોલંકી, રઈસ, મનોજ, જતીન સોલંકી, ગણેશ, અમન, ઝુબેર, નરેન્દ્રસિંહ ઉર્ફે ડોક્ટર (મૃતક), ધર્મેન્દ્રસિંહ ગોહિલ, જગદીપ કનૈયાલાલ, વિવેક સોલંકી, અર્જુનસિંહ, સંજય ચાવડા, જયદીપ મકવાણા, બાર્બવ કનૈયાલાલ, હેવલ સોલંકી, રોહિતભાઈ ચોહાણ, કેવલ સોલંકી, સુખદેવ સોલંકી અને હાર્દિક બારૈયા સહિત ૨૧ આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે.

### મૃતકો

- ઉપેન્દ્રસિંહ ગોહિલ (ગામ ખરકડી, ઘોઘા)
- કનકસિંહ ગોહિલ (ભાવનગર)
- કાર્તિક મકવાણા (તળાજા રોડ ભાવનગર)
- નરેન્દ્ર સિંહ યાદવ (ઈન્દોર મધ્ય પ્રદેશ)
- ઘનશ્યામસિંહ જાડેજા (કાળીયાબીડ )
- હિતેશ પરમાર (વિદ્યાનગર ભાવનગર)
- જયેશ ભટ્ટી (કાળીયાબીડ ભાવનગર)

### પાંચ પોલીસમેનને સસ્પેન્ડ કરતા એસપી

ભાવનગરજિલ્લા પોલીસ વડા દ્વારા વરતેજ પોલીસ મથકના બીટ જમાદાર ધર્મપાલસિંહ બહાદુરસિંહ ગોહિલ,ડી સ્ટાફના જયરાજસિંહ પ્રકાશસિંહ, અનિરૂદ્ધસિંહ જયવંતસિંહ ગોહિલ, ધર્મપાલસિંહ બહાદુરસિંહ ગોહિલ અને નીલમબાગ પોલીસ મથકના એક મળી ૫ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

### નકલી દારૂની તપાસનો દૌર એસએમસીએ સંભાળ્યો

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદ એરપોર્ટ પર રાજય પોલીસ વડા જી.એસ મલિક, આઈબીના વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. જેમાં ભાવનગરમાં નકલી દારૂના વેચાણથી થયેલા મોત અને લોકોની તબિયત લથડી હોવાના પગલે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને તપાસ સોંપવામાં (અનુ. આઠમા પાને)

### પોલીસમા પસંદગી પામેલા યુવકની પાર્ટીમાંથી જ લઠ્ઠાકાંડનો ભાંડો ફટ્યો!

ખરકડી ગામના યુવાન વિજયરાજસિંહ ગોહિલ પોલીસ ભરતીમાં પસંદગી થતાં મિત્રો ઉપેન્દ્રસિંહ ગંભીરસિંહ ગોહિલ, હરપાલસિંહ પ્રદીપસિંહ ગોહિલ અને જયદીપસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલને પાર્ટી આપી હતી. જયદીપસિંહ સિવાયના ત્રણ મિત્રોએ રોયલ સ્ટેગ દારૂ પીધો હતો. જેમાં ૧૮ ઓગસ્ટના રોજ ઉપેન્દ્રસિંહનું મોત નીપજ્યું હતું. સમગ્ર ઘટનાની જાણકારી પોલીસ કર્મચારી દ્વારા અપાયેલી પાર્ટીથી બહાર આવી હતી. બાદ ભાવનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોને એલ.સી.બી. દ્વારા તાકીદ કરી હતી.

તપાસનો આદેશ કરતા એસ.પી મયુર ચાવડા ભાવનગર ખાતે દોડી ગયા હતા આઈજી જે. રાજુ અન્સારી સાથે મળીને સમગ્ર નેટવર્કને ઝડપી લેવા કવાયત તેજ કરી છે. વધુ વિગત મુજબ ગાંધીના ગુજરાતમાં દારૂબંધી (અનુ. આઠમા પાને)

### 'મોતનું મિશ્રણ' વેચનાર સિન્ડિકેટનો પર્દાફાશ, અમદાવાદથી કેમિકલ લાવી વરતેજમાં 'લઠ્ઠો' પેક કર્યું, ૫૧ પેટી વેચી

# સૌરાષ્ટ્રના ૧૫ સહિત રાજ્યના 30 તાલૂકા વિકાસ અધિકારીઓની બદલી

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સૌરાષ્ટ્રના ૧૫ સહિત રાજ્યના ૩૦ તાલુકા વિકાસ અધિકારીઓની તાત્કાલીક અસરથી બદલી કરવામાં આવી છે. શિહોરના ટીડીઓ મૌસમસિંહ રાવ બદલીનો ઓર્ડર રદ્દ્ કરવામાં આવ્યો છે.

પંચાયત વિભાગ દ્વારા ભાવનગરના વલ્લભીપુરના ટીડીઓ નરેન્દ્રકુમાર ચાંપાનેરીની ગારિયાધાર ટીડીઓ તરીકે, ધોરાજીના ટીડીઓ હરદિપસિંહ ગોહિલની કુંકાવાવના ટીડીઓ તરીકે, કુંકાવાવના ટીડીઓ દિપકભાઈ ખાંભલાની ધોરાજીના ટીડીઓ તરીકે, વિસાવદરના ટીડીઓ કિશોરભાઈ તેરૈયાની અમરેલીના ટીડીઓ તરીકે, પડધરીના ટીડીઓ રાજેશભાઈ ધનગરની વલસાડ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં, સાયલાના ટીડીઓ હિતેશકુમાર પંડ્યાની ભાવનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના મદદનીશ પ્રાયોજના અધિકારી તરીકે, સુત્રાપાડાના તાલૂકા વિકાસ અધિકારી મૌલિક ગોસાઈની કોડીનારના ટીડીઓ તરીકે, ગઢડાના

### સિહોરના ટીડીઓ મૌસમસિંહ રાવની બદલીનો હુકમ રદ્ કરાયો

ટીડીઓ અનિલ વાળાની ઉમરગામના ટીડીઓ તરીકે, માણાવદરના ટીડીઓ મૂકેશ ઉપાધ્યાયની દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત કચેરીના ચીટનીશ કમ તાલુકા વિકાસ અધિકારી તરીકે, મેંદરડાના ટીડીઓ લતાબેન સોલંકીની મહેસાણા જિલ્લા પંચાયત કચેરીના ચીટનીશ કમ તાલુકા વિકાસ અધિકારી તરીકે, ઉનાના તાલુકા વિકાસ અધિકારી કારાભાઈ ચાવડાની રાજકોટના તાલુકા વિકાસ અધિકારી વનરાજસિહ ચૌહાણની વાસંદાના તાલુકા વિકાસ અધિકારી તરીકે અને ભાણવડના તાલુકા વિકાસ અધિકારી પ્રવિણાબેન પીઠીયાની જૂનાગઢના તાલુકા વિકાસ અધિકારી તરીકે બદલી કરાય છે.

આ ઉપરાંત ખેરગામ, કામરેજ, ગણદેવી, નિઝર, શહેરા, વલસાડ, ફાગવેલ, કાલોલ, ગરબાડા, ધાનપુર, તલોદ, ઉમરગામ, ઉંઝા, મહેસાણા, વાંસદા તાલુકા વિકાસ અધિકારી ચીટનીશની બદલી કરાય છે. ગત ૧૦ જુલાઈના રોજ શિહોર તાલુકા વિકાસ અધિકારી મૌસમસિંહ રાવની અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના મદદનીશ પ્રાયોજના અધિકારી તરીકે બદલી કરવામાં આવી છે. આ હુકમ રદ્દ્ કરવામાં આવ્યો છે. જ્યારે સીધી ભરતીથી અજમાયશી તાલુકા વિકાસ અધિકારી તરીકે નિમણુંક પામેલા આઠ અધિકારીને નિયુક્તી અપાય છે.

નવસારીના ખેર ગામ તાલુકા વિકાસ અધિકારી અરુણકુમાર નાયકની ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના મદદનીશ પ્રાયોજના અધિકારી તરીકે ,કામરેજના ટીડીઓ પ્રકાશભાઈ પટેલની ખેરગામના ટીડીઓ તરીકે,ગણદેવીના ગણદેવીના ટીડીઓ ચેતનભાઈ દેસાઈની કામરેજ તાલુકા વિકાસ અધિકારી તરીકે, નિઝરના ટીડીઓ પિયુષભાઈ ગામીતની ગણદેવીના તાલુકા વિકાસ અધિકારી તરીકે, શહેરાના પાર્થ કુમાર પટેલની ફતેપુરાના તાલુકા વિકાસ અધિકારી તરીકે, વલસાડ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના મદદનીશ પ્રાયોજના અધિકારી ધીરુભાઈ પટેલની ધરમપુર તાલુકા વિકાસ અધિકારી તરીકે, ફાગવેલના તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ તેરૈયાની પડધરી તાલુકા વિકાસ અધિકારી તરીકે, કાલોલના રાજુભાઈ પ્રજાપતિની ફાગવેલ ટીડીઓ તરીકે,ગરબાડાના ટીડીઓ સંજયકુમાર ચૌહાણની ધાનપુર તાલુકા વિકાસ અધિકારી તરીકે જ્યારે ધાનપુરના તાલુકા વિકાસ અધિકારી ગિરીશકુમાર ગઢવીની રાજ્ય ચૂંટણી આયોગના મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે, તલોદના ટીડીઓ આદિત્ય મોદીની ગાંધીનગર ગ્રામ વિકાસની કચેરીના ચીટનિશ તરીકે, ઉમરગામના (અનુ. આઠમા પાને)

# પોરબંદર જિલ્લાના તમામ ડેમ-તળાવોને નર્મદાના નીરથી ભરી દેવાશે

## ઉત્તર ગુજરાતના ખેડુતોને આજથી સિંચાઈ માટે પાણી અપાશે

### ઉત્તર ગુજરાતના ખેડૂતોના ઊભા પાકને મળશે સંજીવની, પાકને નુકસાન થતું અટકશે

ઉત્તર ગુજરાતમાં ચાલુ વર્ષે વરસાદ ખેંચાવાના કારણે ખેડૂતોના ઊભા પાકને નુકસાન ન થાય અને સમયસર સિંચાઈનું પાણી મળી રહે તે માટે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ અને ખેડૂતલક્ષી નિર્ણય લીધો છે. હાલ અમેરિકાના પ્રવાસે ગયેલા રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી તથા કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ ટેલિફોનિક સંપર્ક સાધીને ઉત્તર ગુજરાતના ખેડૂતોની સ્થિતિ અંગે લાગણીસભર રજૂઆત કરી હતી. તેમણે સુજલામ સુફલામ યોજના અંતર્ગત સિંચાઈ માટે તાત્કાલિક પાણી ઉપલબ્ધ કરાવવા અનુરોધ કર્યો હતો. અમેરિકા પ્રવાસે હોવા છતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પરિસ્થિતિની ગંભીરતા અને ખેડૂતોના હિતને સર્વોપરી રાખીને ત્વરિત પ્રતિસાદ આપ્યો હતો. તેમણે વિધાનસભા અધ્યક્ષ તથા કૃષિ મંત્રીને ખેડૂતો માટે પૂરતું પાણી ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી હતી. આ ખાતરીને પગલે મુખ્યમંત્રીએ વિદેશથી જ સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક ધોરણે જરૂરી નિર્દેશો આપ્યા છે. જે અંતર્ગત સુજલામ સુફલામ યોજના હેઠળ ઉત્તર ગુજરાતના વિસ્તારમાં આજથી સિંચાઈ માટેનું પાણી છોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારના આ સત્વરે લેવાયેલા નિર્ણયથી ઉત્તર ગુજરાતના હજારો ખેડૂતોને રાહત મળશે અને તેમના પાકને સમયસર પાણી મળતાં મોટું આર્થિક નુકસાન થતું અટકશે.

## ઘેડ વિસ્તારના ફેઝ-૧ અને ફેઝ-૨ના કામો ઝડપથી પૂર્ણ કરવા માઈક્રો પ્લાનિંગના આદેશ

**અબતક, રાજકોટ**

પોરબંદર જિલ્લામાં ચાલુ વર્ષે ઓછો વરસાદ નોંધાતા આગામી સમયમાં પીવાના પાણીની સમસ્યા નિવારવા તથા સિંચાઈ અને પાણી પુરવઠાના પ્રશ્નોના કાયમી-ઝડપી ઉકેલ માટે ગાંધીનગર ખાતે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાની ખાસ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલની હાજરીમાં જળસંપત્તિ, સિંચાઈ, શહેરી વિકાસ અને પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન પોરબંદર વિસ્તારમાં પાણીની અછત ન સર્જાય તે માટે હયાત સોર્સ અને સૌની યોજનાના મહત્તમ ઉપયોગ સાથે આગોતરું આયોજન તૈયાર કરવામાં આવ્યું હતું. આ તકે બંને મંત્રીઓ દ્વારા સંબંધિત વિભાગોના અધિકારીઓને મહત્વપૂર્ણ કામગીરીઓ હાથ ધરવા સૂચનાઓ આપવામાં આવી હતી. જેમાં પોરબંદર જિલ્લાના ઘેડ વિસ્તાર માટે ફેઝ-૧ અંતર્ગત પ્રગતિ હેઠળના કામોની સાથે ફેઝ-૨માં સમાવિષ્ટ કામગીરી ઉપરાંત ફેઝ-૨ના કામોનું માઈક્રોલેવલ પ્લાનિંગ કરી બિનજરૂરી વિલંબ વગર કામો સમયસર પૂર્ણ કરવા તાકીદ (અનુ. આઠમા પાને)




# પ્રધાનમંત્રી રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત ગુજરાતને રૂ.૨૨૫ કરોડ ફાળવાયા

## ખેડુતોના હિતમાં કેન્દ્ર અને રાજયો વચ્ચે મજબૂત સંકલનથી યોજનાનું અમલીકરણઃ શિવરાજસિંહ ચૌહાણ

**અબતક, રાજકોટ**

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ તથા ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગુજરાત અને સિક્કિમના કૃષિ મંત્રીઓ સાથે વર્ચ્યુઅલ બેઠક કરીને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અને કૃષોન્નતિ યોજનાની પ્રગતિની સમીક્ષા કરી હતી.

બેઠક દરમિયાન કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ દ્વારા ગુજરાતને ૨૨૪.૯૪ કરોડ રૂ. તથા સિક્કિમને ૫૦.૫૮ કરોડ રૂ.ની બીજી મુખ્ય મંજૂરી જારી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ પ્રકારે બંને રાજ્યો માટે કુલ ૨૭૫.૫૨ કરોડ રૂ.ની રકમ મંજૂર કરવામાં આવશે.

કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે ખેડૂતોને વધુ સારી કૃષિ ટેકનોલોજી, ગુણવત્તાપૂર્ણ ઈનપુટ, સિંચાઈ, બાગાયત, કૃષિ યાંત્રીકીકરણ, ડિજિટલ સેવાઓ અને બજાર સાથે જોડાયેલી સુવિધાઓનો લાભ સમયસર મળે. ગુજરાત માટે મંજૂર રકમ હેઠળ PM-RKVY માં ૧૮૧.૬૨ કરોડ રૂ. અને કૃષોન્નતિ યોજનામાં ૪૩.૩૨ કરોડ રૂ. ની બીજી મુખ્ય મંજૂરી આપવામાં આવી છે. PM-RKVY અંતર્ગત મંજૂર પરિયોજનાઓમાં કૃષિ વિકાસ સાથે જોડાયેલા વિવિધ ઘટકો સામેલ છે. આમાં કૃષિ સંબંધિત પરિયોજનાઓ, સૂક્ષ્મ સિંચાઈ, કૃષિ યાંત્રીકીકરણ, જૈવિક ખેતી, જમીન અને જળ સંરક્ષણ તથા કૃષિ-વનીકરણ જેવા કાર્યો પ્રમુખ છે.

શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે ગુજરાતમાં કૃષોન્નતિ યોજના હેઠળ કૃષિ વિસ્તાર, પોષક અનાજ અને ખાદ્ય સુરક્ષા, બીજ અને રોપણ સામગ્રી, બાગાયત વિકાસ, ડિજિટલ કૃષિ, તેલીબિયાં મિશન, ઓઈલ પામ અને કઠોળ મિશન સાથે જોડાયેલા કાર્યોને પ્રોત્સાહન આપવામાં આવશે. આ યોજનાઓથી ખેડૂતોને આધુનિક ટેકનોલોજી અપનાવવા, ઉત્પાદન ખર્ચ ઘટાડવા અને કૃષિ ઉત્પાદનોની (અનુ. આઠમા પાને)

# બિન અનામત વર્ગના છાત્રો માટે વિદેશ અભ્યાસ લોનની આવક મર્યાદામાં ૪ લાખનો વધારો

## વાર્ષિક આવક મર્યાદા રૂ.૬ લાખથી વધારી રૂ.૧૦ લાખ કરાઈ

**અબતક, રાજકોટ**

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળ અમલમાં રહેલી 'વિદેશ અભ્યાસ લોન યોજના'માં પરિવારની વાર્ષિક આવકની મહત્તમ મર્યાદા રૂ.૬ લાખથી વધારીને રૂ.૧૦ લાખ કરવામાં આવી છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડો.પ્રદ્યુમન વાજા તથા રાજ્ય મંત્રી ડો.મનીષાબેન વકીલના નેતૃત્વ હેઠળ વિભાગ દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી અગાઉ આવક મર્યાદાને કારણે યોજનાનો લાભ મેળવી શકતા ન હોય, તેવા અનેક વિદ્યાર્થીઓ હવે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન સહાય મેળવવા પાત્ર બની શકશે.

વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે અભ્યાસની ફી, રહેવા-જમવા સહિતના વિવિધ ખર્ચને પહોંચી વળવા શૈક્ષણિક લોન મહત્વપૂર્ણ સહારો બની શકે છે. અત્યાર સુધી 'વિદેશ અભ્યાસ લોન યોજના'માં લાભ મેળવવા માટે વિદ્યાર્થીના પરિવારની વાર્ષિક આવકની મહત્તમ મર્યાદા રૂ. ૬ લાખ હતી. હવે રાજ્ય સરકારે આ આવક મર્યાદામાં રૂ.૪ લાખનો વધારો કરીને તેને રૂ. ૧૦ લાખ કરી છે એટલે કે, હવે રૂ. ૧૦ લાખ સુધીની વાર્ષિક કૌટુંબિક આવક ધરાવતા બિન અનામત વર્ગના પાત્ર વિદ્યાર્થીઓ પણ આ યોજનાનો લાભ મેળવી શકશે.

આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે આર્થિક રીતે મધ્યમ આવક ધરાવતા પરિવારોના તેજસ્વી વિદ્યાર્થીઓ માત્ર આવક મર્યાદાના કારણે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવાની તકથી વંચિત ન રહે.

વિદેશની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાથી વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરની શિક્ષણ પદ્ધતિ, આધુનિક ટેક્નોલોજી, સંશોધન અને આંતરરાષ્ટ્રીય અનુભવ (અનુ. આઠમા પાને)